ભાગ-૩

# મારા સપનાની શાળા





# મારા સપનાની શાળા


- બહેરાંમૂંગાં શાળાના શ્રીગણેશ
- ચંદ્રવિલામાં પ્રસ્થાન
- કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં
- લેવા ગયા ભાડે, મળ્યું ભેટ
- 'ચંદ્રવિલા'માંથી ગગનવિહારી મહેતાના મકાનમાં
- અમારી ધરપકડ અને છુટકારો
- અનિલભાઈ અને કૌમુદિનીબહેને છાત્રાલયમાં ચમત્કાર કર્યો
- મનમાં ગાંઠ વાળી
- શાળાનું પોતીકું મકાન બાંધવાનો સંકલ્પ
- 'રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ-(યુ.કે.)'નું માર્ગદર્શન
- એક આદર્શ શાળાની ઝંખના
- શ્રીમતી ઈન્દિરાજીના વરદ્ હસ્તે શાળાનો શિલાન્યાસ
- ફંડ ડ્રાઈવનો ફોગટ ફેરો
- આખરે નોકરીને અલવિદા
- ઝિંદાદિલ સાથી અન્તુભાઈ રાવળ
- ત્રિપુટીમાં એક મફતભાઈ
- કરકસરનો બીજો ભાઈ કાંતિકાકા
- ચંદુકાકા અમારા ગુરુ
- મારા સપનાની શાળા
- એક અદ્‌ભુત અને અનોખા સંકુલનું સર્જન
- 'એક વિચાર જ્યારે ચિત્તનો કબજો લે છે'
- વિશિષ્ટ શાળામાં પ્લાનિંગ અને ડિઝાઈનિંગનું મહત્ત્વ
- માનો યા ના માનો, સંસ્થાનું પણ નસીબ હોય છે !
- રઝળપાટનો અંત
- શ્રીમતી કુસુમબહેનઃ શિક્ષણની ક્રાંતિના જનેતા
- 'માતાની આંખોમાં હર્ષનાં આંસુ'
- ગીત-સંગીત સંસ્થાનું હાર્દ
- એક કદમ આગે... અમારી તાલીમી કૉલેજ
- મધર્સ ટ્રેનિંગ કોર્સ
- શ્રવણમંદોની શાળામાં ઑડિયોલૉજી અને સ્પીચનું મહત્ત્વ
- શ્રવણયંત્રની સમસ્યા
- શ્રવણમંદોના રોજગાર માટે રતિલાલ આણંદજી દોશી મૂક પ્રિન્ટરી
- ઇન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો આવિષ્કાર
- શાળાનું શિક્ષણ, પાયાનો પ્રશ્ન
- ઔદ્યોગિક તાલીમ ભરણપોષણ માટે પર્યાપ્ત નથી
- ક્લિનચીટ
- 'મિયા પડ્યા પણ ટંગડી ઊંચી'
- એક્સપોઝડ બ્રિકનું બેનમૂન આર્કિટેક્ચર
- હલન-ચલનની ક્ષમતા વધારતું પ્રભાકુંવર રતિલાલ વાઘર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર
- કમળાબહેન રતિલાલ દોશી ઈન્ફન્ટ ટ્રેનિંગ સેન્ટર
- જીકો
- ઘરથી દૂર એક ઘર, મહેતા હૉસ્ટેલ ફોર ધી ડેફ
- પંડ નાનું અને કામ મોટું, એવા શામજીકાકા
- મુંબઈમાં ધામા
- સટોડિયાઓની સાથે
- એક સંવેદનશીલ અધિકારી કુ. દિવ્યાબહેન મારવાડી
- અંતે રમતનું મેદાન મળ્યું
- સરકાર સાથે સંઘર્ષના મંડાણ

- શિરમોર સમું મહાવીર ઓડિટોરિયમ બનતા બની ગયું
- ઉચ્ચ શિક્ષણના બંધ દ્વાર શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળા થકી ખૂલ્યા
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય યુવા છાત્રોની સમસ્યાનો ઉકેલ
- શ્રવણમંદોના લગ્નની વિકટ સમસ્યા
- સંસ્થાના વિકાસમાં 'કોશિશ' માસિકનું મહત્ત્વ
- જાદુ મંતર કે રૂહાની તાકાતથી મૂંગાંને બોલતા કરવાની પોકળ વાતો
- સી.એમ. અને પી.એમ. નરેન્દ્રભાઈ મોદી સંસ્થાના બાળકો વચ્ચે
- બહેરાંમૂંગાં સંસ્થામાં નેતૃત્વ પરિવર્તન અને પડકાર



# બહેરાંમૂંગાં શાળાના શ્રીગણેશ

## ફક્ત અનુકંપા અને કાંઈક કરી છૂટવાની તમન્ના

અમે ૧૯૫૪માં થોડાં યુવાનોએ, 'દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘ' સંસ્થાની સ્થાપના કરી તેમાં સામાજિક, શૈક્ષણિક અને આરોગ્યને લગતી પ્રવૃત્તિઓ કરતા. તેમાં મહિલાઓનો પણ એક વિભાગ હતો. મહિલા વિભાગમાં આવતાં એક બહેનની સુંદર મજાની નાનકડી દીકરી, બોલતી કે સાંભળતી નહીં. લોકો તેને બહેરી મૂંગી કહેતાં. આ દીકરી એટલે જ્યોતિબાળા, જે બહેરાંમૂંગાં શાળાની સ્થાપનાનું નિમિત્ત બની અને તેની માતા એટલે અનસૂયાબહેન, જે મહિલા વિભાગમાં સક્રિય સભ્ય હતાં.

૧૯૫૯ માં ગુજરાતમાં શ્રવણમંદ બાળકો માટેની શાળાઓ બહુ ઓછી હતી ને ભાવનગર જિલ્લામાં તો એક પણ નહીં. વળી એ જમાનામાં રેગ્યુલર સ્કૂલમાં, દિવ્યાંગ બાળકોને ઍડમિશન મળવાની કલ્પના પણ થઈ શકતી નહીં. માતા અનસૂયાબહેનને આ માસૂમ દીકરીના ભવિષ્યની ચિંતા કોરી ખાતી. વ્હાલસોયી પુત્રીને અમદાવાદની બહેરાંમૂંગાની શાળામાં ભણાવવા અને રહેવા માટે છાત્રાલયમાં મૂકવી પડશે, એ વિચાર માત્રથી માતાનું હૃદય કંપી ઊઠતું હતું. પરંતુ વાસ્તવિકતાને સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો. પુત્રીને લઈને માતાપિતાએ અમદાવાદની વાટ પકડી, શાળા અને છાત્રાલયમાં ઍડમિશન લીધું. પુત્રીને મૂકીને ભાવનગર પાછા ફરવા ટ્રેનનો સમય થતો હતો, પરંતુ ગભરુ બાળા જ્યોતિ, માતા તેની આંગળી છોડાવે તો તેના સાડલાનો છેડો પકડતી હતી. કપરી કસોટીની ઘડી આવતા, માતાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવાની ધારા વહેવા લાગી. આવા રોજિંદા દૃશ્યોથી ટેવાયેલી ગૃહમાતા શકરીબહેને સલાહ આપી. 'બહેન, એમ ઢીલાં થાવ મા. મન મક્કમ કરીને તમતમારે વે'તા પડો. હું છોકરીને ઝાલી રાખીશ. થોડીવાર રોશે, પછી બધું ભૂલી જશે.' પરંતુ અનસૂયાબહેનને આ સલાહ રુચિ નહીં. તેણે નીચે બેસીને દીકરીને વ્હાલથી ખોળામાં લીધી, તેના માથા ઉપર પ્રેમથી હાથ ફેરવતાં રહ્યાં. દીકરી થોડીવારમાં આંખો મીંચીને પોઢી ગઈ. માતા અનસૂયાબહેને હૃદય કઠણ કરી, ખોળામાંથી તેને નીચે સુવડાવી ને કાળુપુર રેલવે સ્ટેશને જવા રિક્ષા પકડી. ઝડપથી દોડી જતી રિક્ષામાં પતિપત્ની સૂનમૂન બેઠાં હતાં. મનમાં જાણે વિચારોનો વંટોળ ચડયો હતો. આ કેવી લાચારી ! જે બાળકને માબાપની વધુમાં વધુ સારસંભાળ અને વાત્સલ્યની જરૂર છે, તેને આમ વિખૂટું પાડવાનું? ગામમાં ભણાવવાની વ્યવસ્થા જ નહીં? મારા ભરોસે નિશ્ચિંત થઈ ખોળામાં સૂતેલી દીકરી જાગશે અને મને જોશે નહીં ત્યારે કેવો કલ્પાંત કરી મૂકશે? એ વિચાર માત્રથી માતા અનસૂયાબહેનનું હૃદય કંપી ઊઠયું. રિક્ષા પાછી વાળવા તેણે પતિને સમજાવી લીધા. ગમે તેમ થાય, મારે મારી દીકરીને આમ જુદી નથી પાડવી. અનસૂયાબહેને મક્કમ નિર્ધાર કર્યો અને દીકરીને લઈને ભાવનગર પાછાં આવ્યાં.

**આ કેવી લાચારી ! જે બાળકને માબાપની વધુમાં વધુ સારસંભાળ અને વાત્સલ્યની જરૂર છે, તેને આમ વિખૂટું પાડવાનું ?**



જ્યોતિબાળા

જ્યોતિબાળા પાછી આવ્યાનો એક તરફ સૌને આનંદ હતો, તો બીજી તરફ સૌને ચિંતા હતી કે હવે આનું શું થશે? સંઘના કાર્યાલયમાં તેની ચર્ચા ચાલી, 'ગામમાં આવા બીજાં બાળકો પણ હશે, તેનું શું?' એવો પ્રશ્ન

પણ ઉદ્‌ભવ્યો. સમાજની સુખાકારી માટે જે સુવિધાનો અભાવ હોય, તે ઊભી કરવાનો પહેલેથી સંસ્થાનો અભિગમ હતો. પરંતુ બહેરાંમૂંગાં બાળકોના શિક્ષણની વાત જરા જુદી હતી. કોઈને તેનો અનુભવ ન હતો, હતી ફકત અનુકંપા અને કાંઈક કરી છૂટવાની તમન્ના. આ ઈચ્છાશકિતના જોરે, સંઘના કાર્યાલય ઉપર ૪ મે ૧૯૬૦ ના દિવસે, બહેરાં-મૂંગાં બાળકોના વાલીઓની મીટિંગ બોલાવી. ભાવનગરમાં કોઈ દૈનિક સમાચારપત્ર નીકળતું નહીં, એટલે અમે જાહેર સ્થળોએ બ્લૅક બોર્ડ લખીને મૂકતા. આ મીટિંગની જાહેરાત પણ બ્લેક બોર્ડથી કરી. આ પ્રયત્નને આશ્ચર્યજનક પ્રતિસાદ મળ્યો. સંઘનું કાર્યાલય ખીચોખીચ ભરાઈ ગયું. આમાંના મોટાભાગના વાલીઓ પૈકી કેટલાકે, બાળકોને અમદાવાદ તથા મહેસાણાની શાળામાં મૂકયાં હતાં, તેમની ઈચ્છા ઘરઆંગણે આવી શાળા શરૂ થાય તેવી હતી. કારણ કે તેમાંના કેટલાકના બાળકો પ્રતિકૂળતાને કારણે થોડુંઘણું ભણીને પાછા આવતાં રહ્યાં હતાં. જયારે ઘણાં બધાં વાલીઓની ઈચ્છા અનસૂયાબહેન જેવી હતી, 'ઘર આંગણે બહેરાંમૂંગાંની શાળા શરૂ થાય, તો ભણાવીએ, નહીંતર અમારાં નસીબ. કેટલાકે નવજવાન સંઘમાં, બહેરાંમૂંગાંની શાળા શરૂ થાય તે માટે સુઝાવ રજૂ કર્યો. પરંતુ એમ કરવાથી શાળાના વિકાસની મર્યાદા બંધાઈ જશે, એમ લાગ્યું, આ સમસ્યા સમગ્ર જિલ્લાને સ્પર્શતી હતી. તેને હલ કરવા સામુદાયિક પ્રયાસ થવો જરૂરી હતો, તેથી વાલીઓ, નાગરિકો અને સરકાર વગેરેને સાથે લેવાનું અમે નકકી કર્યું . કોઈ પણ સાર્વજનિક કાર્યની સફળતા લોકભાગીદારી ઉપર આધાર રાખે છે એ મુજબ, ૧૯૬૦માં બહેરાંમૂંગાંની શાળાની સ્થાપનાથી એક નવતર પ્રયોગનો આરંભ કરવાનું વિચાર્યું.


**સમાજની સુખાકારી માટે જે સુવિધાનો અભાવ હોય, તે ઊભી કરવાનો પહેલેથી સંસ્થાનો અભિગમ હતો. પરંતુ બહેરાંમૂંગાં બાળકોના શિક્ષણની વાત જરા જુદી હતી. કોઈને તેનો અનુભવ ન હતો,હતી ફક્ત અનુકંપા અને કાંઈક કરી છૂટવાની તમન્ના.**

## વાલીઓની સક્રિય ભૂમિકા

મીટિંગમાં ઉપસ્થિત વાલીઓમાં એક દરજી ગૃહસ્થ કાળુભાઈ પરમાર હતા, લાકડાના ખોખા બનાવી વેચનાર એક સુથાર રવજીભાઈ વાઢૈયા હતા. એક હતા અનાજ-કરિયાણાના વેપારી કિશનચંદ તન્ના ને અનસૂયાબહેન તથા મીણબત્તી-ગળીનો ધંધો કરતાં તેના પતિ ચિમનભાઈ, તેના સાળા હિંમતભાઈ મોતીવાળા, પી.એફ.શાહ વગેરે. આ સૌને બહેરાં મૂંગાંની શાળા શરૂ કરવા વાલીઓની સક્રિય ભૂમિકાની



**કાળુભાઈ પરમાર**



**રવજીભાઈ વાઢૈયા**



**અનસૂયાબહેન વખારિયા**



**ચિમનભાઈ વખારિયા**



**હિંમતભાઈ મોતીવાળા**

અગત્યતા સમજાવી, તૈયાર કર્યા ત્યારે સમુદાયની શકિતનો કોઈને જરા સરખો પણ અંદાજ ન હતો. ખૂબી તો એ છે કે પોતાની જાતને નિઃસહાય અને લાચાર સમજતાં આ એક જૂથના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી જ, આગળ જતાં શ્રેષ્ઠ સંસ્થામાં ગણના થાય એવી એક સંસ્થાનું અમે સર્જન કરી શકયાં. આ વાલીઓ સાથે સંઘમાંથી હું, હર્ષદભાઈ શેઠ, અંતુભાઈ રાવળ, મફતભાઈ શાહ, મધુબહેન સંઘવી, હીરાભાઈ શાહ તેમજ શહેરના આગેવાન મહિલા કાર્યકર ભાનુબહેન પારેખ, ગૌરીબહેન તથા ડૉ.કે.આર.દોશી, સમાજ સુરક્ષા અધિકારીશ્રી કે. એમ. દડિયા તથા તેના પત્ની કંચનબહેન વગેરે જોડાયાં. શાળા શરૂ કરવા એક કમિટી બની, જેનું કામચલાઉ કાર્યાલય, દરબારગઢના નવજવાન સંઘમાં રાખવામાં આવ્યું.

શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો ત્યારે હાથમાં ફૂટી કોડી પણ ન હતી, કે ન હતી આ વિશિષ્ટ શિક્ષણ માટેની કોઈ જાણકારી! હતી ફકત સંવેદનાઓ! એ સંવેદનના બળે વગર ભાડાનું મકાન શોધવા નીકળેલા કાળુભાઈ દરજી અને રવજીભાઈ મિસ્ત્રી જેવા વાલીઓએ, લોઢાવાળા શેઠ રમુભાઈને, તેના જશોનાથ ચોકમાં આવેલા ગીતા પાઠશાળાનું મકાન, વગર ભાડેથી એક વરસની મુદત માટે આપવા મનાવી લીધા.

**ત્યારે સમુદાયની શક્તિનો કોઈને જરા સરખો પણ અંદાજ ન હતો.**

**શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો ત્યારે હાથમાં ફૂટી કોડી પણ ન હતી, કે ન હતી આ વિશિષ્ટ શિક્ષણ માટેની કોઈ જાણકારી ! હતી ફક્ત સંવેદનાઓ !**

પછી તો કોઈ એક ટેબલ લાવ્યું, તો કોઈ ખુરશી, કોઈ બાળકોને બેસવા માટે જાજમ અને બાકી હતું તે એક બ્લૅક બૉર્ડ અને અમદાવાદની બહેરાંમૂંગાં શાળાના મંત્રી પાંડુરંગભાઈએ, તેના એક શિક્ષક શંકરરાવ પવારને અમદાવાદની શાળામાંથી ભાવનગરની શાળામાં જોડાવા સમજાવી લીધા. આથી વિશેષ શું જોઈએ? તા. ૨૫ ઑક્ટોબર ૧૯૬૦, ધનતેરસને દિવસે, બહેરાંમૂંગાં શાળાના શ્રીગણેશ મંડાયા અને તેમાં સૌ પ્રથમ વિદ્યાર્થિની હતી જ્યોતિબાળા!

## જ્યોતિબાળાનો સુખી સંસાર

લોકભાગીદારીનાં આ પ્રયોગને સાઠ વરસ થવા આવ્યા. તેની ફલશ્રુતિનો વિચાર કરું છું ત્યારે માતા અનસૂયાબહેનનાં શબ્દો યાદ આવે છે. ‘‘અમને જયારે ખબર પડી કે દીકરી જયોતિબાળા બહેરીમૂંગી છે, ત્યારે જાણે અમારા ઉપર આભ તૂટી પડયું ! ડૂબતો તણખલું પકડે તેમ અમે બધે ફરી વળ્યાં. પણ કોઈ કારી ફાવી નહીં. બધાંની એક જ સલાહ બહેરાં મૂંગાં શાળામાં બેસાડી દયો. પરંતુ ભાવનગરમાં આવી શાળા જ ન હતી. માતાનાં વાત્સલ્યની જરૂર હોય એ ઉંમરમાં દીકરીને ભણાવવા માટે અમદાવાદ કેમ કરીને મૂકીશું ? એ વિચાર માત્રથી હું ધ્રુજી ઊઠતી અને રડી રડીને રાત પસાર કરતી.



**પાછળ જ્યોતિબાળા, પતિ વિરેન્દ્રકુમાર, પૂત્ર, જમાઈ, પૂત્રવધૂ અને પૂત્રી**

**તા. ૨૫ ઓકટોબર ૧૯૬૦, ધનતેરસને દિવસે, બહેરાંમૂંગાં શાળાના શ્રીગણેશ મંડાયા અને તેમાં સૌ પ્રથમ વિદ્યાર્થિની હતી જ્યોતિબાળા !**

છેવટે અમદાવાદ પણ મૂકવા ગઈ, મન ન માન્યું. દીકરી જયોતિને પાછી લઈ આવી. મનમાં સંકલ્પ કર્યો હવે ભણાવીશ તો ભાવનગરમાં જ. તમે સૌએ મારી આ વાત ઉપાડી લીધી. તે આ શાળામાં ભણીગણીને તૈયાર થઈ. મુંબઈમાં સારું ઠેકાણું મળતા જયોતિના લગ્ન કર્યા અને આંખો ઠરી. તેનો સુખી સંસાર જોઈને આજે મારી ખુશીનો પાર નથી. મારાં જેવી સેંકડો માતાઓ આ સંસ્થાને કારણે આજે નિરાંતનો શ્વાસ લઈ રહી છે, એ મારે મન મહત્ત્વની વાત છે.''




**શ્રી રમણીકલાલ મનોરદાસ શાહ (લોઢાવાળા) એ જશોનાથ ચોકમાં તેના ટ્રસ્ટનું ગીતા પાઠશાળાનું મકાન બહેરાં મૂંગાં શાળા શરૂ કરવા વગર ભાડેથી વાપરવા માટે આપ્યું.**

# ચંદ્રવિલામાં પ્રસ્થાન

## મકાન ખાલી કરવાની નોબત આવી

સંસ્થા શરૂ કરવી એક વાત છે અને ચલાવવી બીજી વાત છે. 'એક સાંધે ત્યાં તેર તૂટે' એ કહેવત જાણે અમારા માટે જ બની હોય તેમ, શરૂઆતથી જ રોજ નવાનવા પ્રશ્નો સામે ઊભા થતા. ગીતા પાઠશાળાના મકાનમાં શાળાનું એક વરસ ક્યારે પૂરું થઈ ગયું, તેની ખબર પણ ન પડી અને શાળાનું મકાન ખાલી કરવાની નોબત આવી. સરકારની ગ્રાન્ટ મળવાની હજુ શરૂઆત થઈ ન હતી, તેથી ફંડનો અભાવ, ભાડું ભરવાની મુશ્કેલી છતાં મકાન શોધીએ, પણ બહેરાં મૂંગાનું નામ પડે એટલે ભાડે આપવાનું હોય તો પણ કોઈ હા ન ભણે.

રઝળપાટ અને દોડધામના અંતે જોગીવાડની ટાંકી પાસે, મકરન્દભાઈ દેસાઈનું મકાન 'ચંદ્રવિલા', માસિક ૧૫૦ના ભાડાથી મળી ગયું. ૧૯૬૧ના ડિસેમ્બરની આખરમાં ચંદ્રવિલામાં શાળાનું પ્રસ્થાન કર્યું. ત્યાં તો આજુબાજુના ગામડાંના વાલીઓ, તેમના બાળકો માટે છાત્રાલય શરૂ કરવાની માગણી લઈને આવવા લાગ્યા. કાળુભાઈ દરજી અને રવજીભાઈ મિસ્ત્રી જેવા ઉત્સાહી કાર્યકરોને આ વાત સ્પર્શી ગઈ. બંનેની દીકરી બહેરીમૂંગી, જોકે ત્યારે મોટી થઈ ગઈ હતી પરંતુ ગામમાં શાળા ન હોવાથી દીકરીને ભણાવી ન શક્યાનો વસવસો હશે કે ગમે તેમ, પણ આ શ્રમજીવીઓ સંસ્થાના કામ માટે પોતાનો ધંધો ભૂલી જતા. છાત્રાલયના અભાવે ગામડાના બાળકો શિક્ષણથી વંચિત રહે છે, એ વાત એમને ખૂંચવા લાગી અને છાત્રાલય શરૂ કરવા ઉદ્યમ આદર્યો.

## છોકરાઓનું છાત્રાલય

ભાવનગર વેજિટેબલના માલિક શિરીનબહેન મરચન્ટ ઘણાં માયાળુ સ્વભાવના. કાળુભાઈ પરમાર તેમના ઘરે ઘણાં વર્ષોથી કપડાં સીવવા જાય. બંનેને ભાઈબહેનનો નાતો. કાળુભાઈએ શિરીનબહેનને વાત કરી, 'બહેન મારી મૂંગી દીકરીને તો ભણાવી શક્યો નહીં, પણ બીજાની વેદના મારાથી જોવાતી નથી.' આ સાંભળીને શિરીનબહેનનું હૃદય પીગળી ગયું. ચંદ્રવિલાના આ જૂનાંપુરાણાં મકાનમાં, ભોંયતળિયું ઉપરાંત બે માળ અને તેના ઉપર રજોઠિયું હતું. તેથી બીજા માળે

**એક રાત્રે મૂશળધાર વરસાદમાં શાળાની એક દિવાલ તૂટી પડી. બધુ જળબંબાકાર ! ફાયર બ્રિગેડને બોલાવી, છાત્રાલયમાં સૂતેલાં બાળકોને હેમખેમ બહાર કાઢ્યા. હવે આ મકાનમાં શાળા ચલાવવામાં પૂરું જોખમ હતું.**



**ચંદ્રવિલામાં છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરતા દાતા શિરીનબહેન મરચન્ટ, પાછળ અંતુભાઈ રાવળ**

શિરીનબહેનની સહાયથી, કુમાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું.

જેમ જેમ બાળકોની સંખ્યા વધવા લાગી, તેમ તેમ ખર્ચ પણ વધતો જતો હતો. ખર્ચને પહોંચી વળવા ફંડફાળા માટે નીકળતાં. બહુ ફરીએ ત્યારે પાંચ, પચ્ચીસ, પચાસ, સો, બસો રૂપિયા મળતાં, આમ, માગી માગીને એકઠાં કરેલા ફંડમાંથી સંસ્થા ચાલતી. ત્યાં એક રાત્રે મુશળધાર વરસાદમાં શાળાની એક દીવાલ તૂટી પડી. બધું જળબંબાકાર! ફાયર બ્રિગેડને બોલાવી, છાત્રાલયમાં સૂતેલાં બાળકોને હેમખેમ બહાર કાઢયા. હવે આ મકાનમાં શાળા ચલાવવામાં પૂરું જોખમ હતું. તપાસ કરી થાક્યાં, પણ કોઈ મકાન ભાડે આપે નહીં, છેવટે છાત્રાલય બંધ કરવાની ફરજ પડી. શાળાના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ મુકાઈ ગયો.

પરંતુ, આમ અસ્તિત્વનો સવાલ આવ્યો ત્યારે અમે બમણા જોરથી બેઠાં થયાં. રવજીભાઈ મિસ્ત્રી, લાતીબજારમાંથી લાકડાની વળીઓની લારી ભરી લાવ્યા અને લાગ્યા સૌ કામે. જોતજોતામાં નમી પડેલા મકાનને ટેકા મુકાઈ ગયા ! આમ, માથે ઝળૂંબતાં જોખમને અવગણીને, અમે ફરીથી શાળા શરૂ કરી.



છાત્રાલયનો ઉદ્‌ઘાટન સમારંભ



છાત્રાલયમાં ઉદ્‌ઘાટન પ્રસંગે જમણેથી ડૉ. કે.આર. દોશી, બકુભાઈ શાહ, પાછળ કાળુભાઈ પરમાર અને દાતા શિરિનબહેન મરચન્ટ

# કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં


## હા, મારે મારા બાપાનું નામ રાખવું છે

‘શું કહ્યુ? ગિરધર મકાન ભેટ આપે છે? કાંઈ સમજફેર તો નથી ને, ડૉકટરસાહેબ ? હું ગિરધરને બરાબર ઓળખું, એની પાસેથી એક ગિરધરભાઈ બહેરાં-મૂંગાં શાળાને ભાવનગરના એકના એક બંગલાનો અડધો ભાગ ભેટ આપે! છોટાભાઈનો આ પ્રતિભાવ સાંભળીને, ડૉકટર દોશીના દવાખાને હરખભેર દોડી ગયેલા અમે સૌ હતાશ થઈ ગયા. ૧૯૫૪માં દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘ અને ૧૯૬૦માં બહેરાં મૂંગાંની શાળાની સ્થાપના કરી ત્યારથી ફંડફાળા કરતા, તેમાં એકસો એક રૂપિયા તો બહુ થઈ ગયાં. પરંતુ અમે ગિરધરભાઈ પાસે, તેના શ્વેતામ્બર બંગલાના થોડા ઓરડા ભાડે લેવા ગયા તેના જવાબમાં, ‘ભાડે નહીં, ભેટ આપું’ એમ ગિરધરભાઈએ કહ્યું ત્યારે, ઘડીભર તો સાચું ન લાગ્યું ને અમે દંગ રહી

**અમે ગિરધરભાઈ પાસે, તેના શ્વેતામ્બર બંગલાના થોડા ઓરડા ભાડે લેવા ગયા તેના જવાબમાં, ‘ભાડે નહીં, ભેટ આપું’ એમ ગિરધરભાઈએ કહ્યું ત્યારે, ઘડીભર તો સાચું ન લાગ્યું**

ગયા. ગિરધરભાઈને ફરીફરી પૂછયું, ખરેખર તમે મકાન ભેટ આપશો? તો કહે, ‘હા. મારે મારા બાપાનું નામ રાખવું છે.’ અમારા જાહેર જીવનમાં, આટલાં મોટાં દાનનો આ પહેલવહેલો યોગ હતો.

ચંદ્રવિલામાં બેસતી બહેરાં મૂંગાં શાળાનો અમુક ભાગ વરસાદમાં પડી ગયો હતો. અમારે મકાન બદલવું હતું.આ સમસ્યાનો વિકલ્પ અમે વિચારતા હતા, ત્યાં મારા ફૂવા ગિરધરભાઈનો મુંબઈથી પત્ર આવ્યો, ‘થોડા દિવસ માટે ભાવનગર આવું છું, કોર્ટના કામ માટે વકીલને મળવાનું છે



**ડૉ. કે.આર. દોશી**

અને લાઇટના બીલો માટે પાવરહાઉસમાં જવાનું છે, તારું કામ પડશે.’ ગિરધરભાઈ મુંબઈમાં એકસપોર્ટનું કામ કરે. ધોતી, ઝભ્ભો, લાંબો કોટ, સફેદ ટોપી, રોલ્ડગોલ્ડની ફ્રેમના ચશ્માં, પગમાં લેસ વગરના બ્રાઉન બૂટ, તેમજ ગોરોવાન, પ્રતિભાશાળી ચહેરો, બધામાં અલગ તરી આવે. ભાવનગરમાં દાણાપીઠમાં ખાંડના સટ્ટામાં તે કમાણા ને ક્રેસન્ટના ચોકમાં શ્વેતામ્બર બંગલો ખરીદી લીધો. સટ્ટો છોડીને નસીબ અજમાવવા મુંબઈ ગયા. પ્રામાણિકતા અને કડક શિસ્તના આગ્રહી ગિરધરભાઈના ‘તેજ સાથે તાપ’ પણ એવો હતો, કે તેમની સાથે વાત કરતાં ડર લાગે. ભાવનગર આવે ત્યારે કામકાજમાં તેમની સાથે મારે રહેવાનું બનતું. બહારથી લોઢા જેવા કઠણ લાગતા ગિરધરભાઈ, અંદરથી મીણ જેવા મૃદુ હતા. મને વિચાર સૂઝયો. ભાવનગરમાં ગિરધર ફૂવાનો આવડો મોટો બંગલો સાવ ખાલી રહે છે, મુંબઈથી આવે ત્યારે થોડો ભાગ વાપરે છે, બાકીનો ભાગ બહેરાં મૂંગા શાળા માટે ભાડે આપે તો, તેને શું ફરક પડવાનો છે ? બધા મિત્રોને મારો આ પ્રસ્તાવ ગમ્યો. અમે સમય લઈને મારા ગિરધરફૂવાને મળવા ગયા. વાત સાંભળીને તેમનું હૃદય પીગળી ગયું, બોલ્યા, ‘ભાડે નહીં, ભેટ આપું! આવડો મોટો બંગલો મારે શું કરવો છે?’



# કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં

ફૂવા ગિરધરભાઈના આ યોગદાનની ઘટના યાદ કરું છું, ત્યારે મારા મનમાં ઘણા સવાલો ઉદ્‌ભવે છે. ગિરધરભાઈ કાંઈ મોટા ઉદ્યોગપતિ કે કરોડપતિ ન હતા. તેમની પાસે ન હતા બીજા બંગલા કે ન હતી મોટરગાડી. આમ છતાં, પોતાના રહેવા માટેના એક મકાનનો અડધો હિસ્સો દાનમાં આપી દેવાનો નિર્ણય, કોઈ નાનીસૂની વાત ન હતી અને એ પણ અમારા ભરોસે! તે સમયે અમારી પાસે ન તો કોઈ ભંડોળ હતું, ન કોઈ આવકના નિશ્ચિત સાધનો હતા. ફક્ત કોરીકોરી આંખોમાં ભીનાં ભીનાં સપનાં અને ઊંબરો ઓળંગવા થનગનતી યુવાની! શું ગિરધરભાઈ, તેની ચકોર નજરમાં આ પારખી ગયા હશે?

**તે સમયે અમારી પાસે ન તો કોઈ ભંડોળ હતું, ન કોઈ આવકના નિશ્ચિત સાધનો, હતા ફક્ત કોરીકોરી આંખોમાં ભીનાંભીનાં સપનાં અને ઊંબરો ઓળંગવા થનગનતી યુવાની ! શું ગિરધરભાઈ, તેની ચકોર નજરમાં આ પારખી ગયા હશે ?**



# લેવા ગયા ભાડે, મળ્યું ભેટ

## શાળાનું નામકરણ


ગિરધરભાઈએ ક્રીમ એરિયામાં આવેલા બંગલાનો અડધો ભાગ, બહેરાંમૂંગાં શાળાને ભેટ આપી દીધો ! દાતાની ઈચ્છા મુજબ, તેમના સ્નેહી જગજીવન શિવલાલ પરીખ એડવોકેટની કં. વાળા ભાઈચંદભાઈ વકીલે, સંસ્થાનું ટ્રસ્ટ ડીડ અને બંધારણ પણ ઘડી કાઢ્યું. ૧૯૬૩ માં તો બંગલાનો અર્પણ સમારંભ રંગેચંગે ગોઠવાયો. સંસ્થામાં આનંદ અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું. તેની સાથે સંસ્થાના વિકાસની જવાબદારી પણ વધી ગઈ. દાતા ગિરધરભાઈના પિતાશ્રીના નામ ઉપરથી શાળાનું નામકરણ, ‘શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાંમૂંગા શાળા ટ્રસ્ટ’ કરવામાં આવ્યું.

દાનમાં મળેલા શ્વેતામ્બર બંગલાનો ઉપરનો ભાગ ખાલી હતો. જયારે નીચે છ-સાત દુકાનો હતી. આ દુકાનોમાં વર્ષો જૂનાં ભાડૂતો હતાં. તેને ખાલી કરાવીને નીચે શાળા અને ઉપર છાત્રાલય ગોઠવવાનું આયોજન હતું. માનવતાનું કામ છે, ભાડૂતોને સમજાવીશું એટલે દુકાનો ખાલી કરી દેશે, એવા દિવાસ્વપ્નમાં અમે રાચતા હતા. હવે બહેરાંમૂંગાં શાળા પેલા જર્જરિત થઈ ગયેલ ચંદ્રવિલામાંથી, શ્વેતામ્બર બંગલામાં ફેરવવાની ઉતાવળ હતી ત્યારે ભાઈચંદભાઈ વકીલે વાસ્તવિકતા સમજાવતા કહ્યું, ‘આજના જમાનામાં દશ, પંદર રૂપિયાના ભાડામાં મળેલી મેઈન રોડ ઉપરની દુકાન કોઈ ખાલી કરે નહીં અને કોર્ટ કચેરીમાં વર્ષો લાગી જાય. માટે કોઈ ખોટા ખ્યાલમાં રહેશો નહીં.’

મકાન ભેટમાં મળ્યું. પરંતુ દુકાનો ખાલી ન થાય ત્યાં સુધી તેમાં શાળા શરૂ કરી શકીએ તેમ ન હતું. એટલે અમે ભાડાના એક મકાનમાંથી બીજા મકાનમાં શાળા ફેરવીને ગાડું ગબડાવે જતા હતા.

# 'ચંદ્રવિલા'માંથી ગગનવિહારી મહેતાના મકાનમાં

શ્વેતામ્બર બંગલો ભેટ મળ્યો પરંતુ નીચેના દુકાનવાળા ખાલી કરવા રાજી ન હતા. તેથી હવે ટેકા મૂકીને પડું પડું થતાં ચંદ્રવિલામાં, જોખમને ભૂલીને શાળા ચાલુ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો, એટલે મન મનાવીને અમે બેઠા હતા. બરાબર ત્યારે જ, નગરપાલિકાએ મકાન માલિકને જોખમી ઈમલો ઉતારી લેવા નોટિસ ફટકારીને મૂંઝવણમાં મૂકી દીધા. આમ લાખ પ્રયત્નો છતાં, મુસીબતો પીછો છોડતી ન હતી. હવે ક્યાં જઈશું ? કોણ મકાન ભાડે આપશે ? અને આપે તો ભાડું કેમ ચૂકવીશું ? એવી સમસ્યાઓથી ઘેરાયેલા હતા ત્યારે, મહાલક્ષ્મી મિલના માલિક રમેશભાઈ ધરમદાસ શેઠ, હંમેશ માટે મુંબઈ સ્થાયી થતા, સંસ્થાના પ્રમુખની જગ્યાએ આગેવાન મહિલા કાર્યકર ભાનુબહેન પારેખ નિમાયાં. તેમના પ્રયત્નોથી ૧૯૬૪ની સાલમાં, ગગનવિહારી લલ્લુભાઈ મહેતા(એક વખતના અમેરિકા ખાતેના ભારતના એલચી)નું નાગરપોળના ડેલામાં આવેલું મકાન, શાળા માટે માસિક રૂપિયા ૩૦૦ ના ભાડામાં મળી ગયું. એટલે ચંદ્રવિલા છોડયું અને ગગનવિહારી મહેતાના મકાનમાં શાળા ફેરવી. તે સમયે રૂ.૩૦૦ અધધ લાગતાં! ક્યારેક તો છ મહિના કે વરસ બે વરસનું ભાડું ચડી જતું. આમ જોઈએ તો એવા કપરા દિવસો છતાં, આ મકાનમાં બહેરાંમૂંગા શાળા ઠીકઠીક ફૂલી ફાલી. આ ત્રણ માળના અસલ નાગર શૈલીના મકાનમાં ત્રીસ જેટલા નાના મોટા ઓરડા હતા. અહીં એકથી સાત ધોરણની શાળા, કુમાર છાત્રાલય, પ્રિન્ટિંગ પ્રેસ, સ્ક્રીન પ્રિન્ટિંગ, સીવણ, ભરત-ગૂંથણ વગેરેની વ્યાવસાયિક તાલીમ માટે જગ્યાની મોકળાશ હતી, આ મકાનમાં એક દશકા જેટલો સમય શાળા ચલાવી. ભાવનગરનાં મહારાજાસાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી તથા ગુજરાત રાજયનાં મુખ્યમંત્રીશ્રી જીવરાજભાઈ મહેતાએ આ સમય દરમ્યાન સંસ્થાની મુલાકાત કરી હતી.



ગગનવિહારી મહેતાનાં જૂના મકાનમાં શ્રવણમંદોની શાળા



શાહ ખીમચંદ લક્ષ્મીચંદ



શાહ ગિરધરલાલ ખીમચંદ



શાહ હીરાલક્ષ્મી ગિરધરલાલ

# અમારી ધરપકડ અને છુટકારો

## ટ્રસ્ટી છો તો કાયદો હાથમાં લેવાનો ?

**હાથમાં ત્રાજવું અને આંખો પર પટ્ટી બાંધી ઊભેલી ન્યાયની દેવીની પ્રતિમા પાછળનો મર્મ સમજાવા લાગ્યો. અહીં સારા, સજ્જન કે નિર્દોષ છીએ તેટલું પૂરતું નથી, નિર્દોષતા નક્કર પુરાવાથી સાબિત કરવી પડે.**

ભાવનગરમાં ફોજદારી કોર્ટના મૅજિસ્ટ્રેટ છાયા સાહેબ, બહુ કડક સ્વભાવના હતા. એમની કોર્ટમાં કેસ ચાલવાનો છે એમ ખબર પડતાં જ, તહોમતદારો અને તેના વકીલોના ગાત્રો ગળી જતા. એમની કોર્ટમાં તહોમતદાર તરીકે મને, હીરાભાઈ શાહને, નગીનભાઈ શાહને અને ખોડાભાઈ મીસ્ત્રીને આરોપીના પાંજરા પાસે ખડા કર્યા ત્યારે મૅજિસ્ટ્રેટનું રૌદ્ર સ્વરૂપ જોઈ, અમે પણ અંદરથી ફફડતા હતા. અમારો બચાવ કરવા વકીલ દેવીભાઈ દવેએ, સેવાભાવે લડવાનું સ્વીકાર્યું હતું. દેવીભાઈ, વકીલાત કરતાં સામાજિક કામકાજ વધુ કરતા હતા. અમારા કેસમાં કાંઈ વજૂદ નથી ને અમે તો બહેરાં મૂંગાં શાળાને ભેટ મળેલ શ્વેતામ્બર બંગલાની ફેન્સિંગ વોલ બાંધવાનું કામ કર્યું હતું. એટલે આવા કેસમાં કોર્ટ પણ રહેમરાહે વિચારતી હોય છે, નાહક મોટા વકીલને રોકીને સંસ્થાને ખર્ચના ખાડામાં શું કામ ઉતારવી એવી ફિલસૂફી સાથે દેવીભાઈ વકીલે અમને હૈયાધારણ આપેલી. પરંતુ જેમ જેમ એક પછી એક મુદત કેસમાં પડતી ગઈ અને મૅજિસ્ટ્રેટનો, તહોમતદારો, વકીલો, પોલીસો વગેરે સામેનો અભિગમ જોતા ગયા, તેમ તેમ હાથમાં ત્રાજવું અને આંખો ઉપર પટ્ટી બાંધી ઊભેલી ન્યાયની દેવીની પ્રતિમા પાછળનો મર્મ સમજાવા લાગ્યો. અહીં સારા, સજ્જન કે નિર્દોષ છીએ તેટલું પૂરતું નથી, નિર્દોષતા નક્કર પુરાવાથી સાબિત કરવી પડે. અમે તેમાં નબળા જણાતા હતા. તેથી દરેક મુદતે મૅજિસ્ટ્રેટનું વલણ અમારી તરફ વધુ ને વધુ કડક થતું જતું હતું. વકીલ દેવીભાઈ, કેસમાં પુરાવા સાથે કાયદાની કલમો ટાંકીને મૅજિસ્ટ્રેટને પ્રભાવિત કરવાને બદલે, સમાજ સેવાની ઉત્કૃષ્ટ ભાવનાથી અમે કામ કર્યું છે એવી રજૂઆત કરી, અમારા માટે કોર્ટની સહાનુભૂતિ ઊભી કરવા પ્રયત્ન કરતા હતા. પરંતુ દેવીભાઈની દલીલની અસર છાયાસાહેબ પર થતી જણાતી ન હતી. 'ટ્રસ્ટી છે તે શું થયું ? કાયદો હાથમાં લેવાનો ? કોઈના બૈરાંછોકરાંની ગેરકાયદે અટકાયત કરવાની ?' છાયાસાહેબના વેધક પ્રશ્નોના



અનંત શાહ



હીરાભાઈ શાહ



નગીનભાઈ શાહ

જવાબમાં અમારા વકીલ આજીજીભર્યા સ્વરમાં કહેતા હતા, 'સાહેબ, એવું નથી, કોઈની અટકાયત કરી નથી.' 'તો શું આ પંચનામું ખોટું? પોલીસ ખોટી? ફરિયાદીઓ ખોટા? દેવીભાઈ તમે શું કરવા કોર્ટનો સમય બગાડો છો? સમાજે શ્રેષ્ઠીઓ પાસેથી આવી અપેક્ષા રાખવાની? હું એવું દૃષ્ટાંત બેસાડીશ કે કોઈ પણ ટ્રસ્ટીઓ કાયદો હાથમાં લેતાં પહેલાં સો વાર વિચાર કરે.' મેજિસ્ટ્રેટે કેસની દલીલો અને પુરાવાની રજૂઆત પૂરી થાય તે પહેલાં જ, જાણે ચુકાદો જાહેર કરી દીધો ને પછી સુણાવી દીધું, 'હવે હું મુદત નહીં આપું, કેસ ચલાવવા માંડીશ.' એમ કહી તારીખ આપી દીધી. ભરચક કોર્ટમાં મૂછમાં હસતાં પ્રતિસ્પર્ધીઓ સામે, અમે આંખ ઊંચી કરીને જોઈ શકતા ન હતા. કોઈ અમારી દયા ખાતા હતા, તો કોઈ કહેતા વકીલ બદલો, નહીંતર જેલના સળિયા ગણવાનો વારો આવશે. યુવાનીના જોશમાં ને જોશમાં, આગળપાછળનો વિચાર કર્યા વગર કૂદી પડવા બદલ, અમે હવે પશ્ચાત્તાપ અનુભવતા હતા. સજા થાય તો, મારે સરકારી નોકરીમાંથી હાથ ધોવા પડે અને વધારામાં નાલેશી થાય, તે વિચારમાત્રથી હું મૂંઝવણ અનુભવતો હતો. સહકાર્યકરો અને પરિવારજનો, તેમની મનોવ્યથા ઉપરથી દેખાવા દેતા ન હતા. પરંતુ અંદરથી તેઓ પણ માનસિક તાણ અનુભવતા હતા.



ખોડાભાઈ કટૂડિયા

## અમે દોરેલા કુંડાળામાં અમે જ ફસાયા

'ઇન્દુભાઈ, બંગલાના કમ્પાઉન્ડમાં પહેલેથી બે દરવાજા હતા ને આજે પણ છે.' જવાબ સાંભળીને તરત જ ઇન્દુભાઈએ ફોડ પાડતાં કહ્યું, 'પણ એમ વાત કરવાથી કોર્ટ ન માને, પુરાવો જોઈએ. પોલીસના પંચનામામાં એક જ દરવાજો છે, એવી નોંધ છે. બીજો દરવાજો તમે આ ફરિયાદ થયા પછી કર્યો હોય, એમ કોર્ટ માને. વળી તમે દિવાળીની રજામાં કોર્ટ બંધ થઈ તે મોકો જોઈ, મિશન પાર પાડતાં હો તેમ, છ કલાકમાં ત્રીસ ફૂટ લાંબી દીવાલ ચણી લીધી છે. તેથી કોર્ટને તમારો હેતુ શુદ્ધ નથી, તેમ માનવાને વાજબી કારણ છે.' ઇન્દુભાઈએ સામેવાળા શું બચાવ કરે એ કહ્યું ત્યારે, સમજાવા લાગ્યું કે અમે દોરેલા કુંડાળામાં અમે જ ફસાયા છીએ. ગિરધરભાઈના શ્વેતામ્બર બંગલાના કમ્પાઉન્ડમાં બે દરવાજા હતા. ક્રેસન્ટ બિલ્ડિંગ તરફના મોટા દરવાજેથી ભાડવાતો સહિત બધા લોકોની આવનજાવન હતી. આ દરવાજો અમારા ભાગે આવેલા કમ્પાઉન્ડમાં હતો અને બીજો દરવાજો નાનો હતો તે ગિરધરભાઈના ભાડવાતોવાળા કમ્પાઉન્ડમાં હતો, તે ખાસ વપરાતો ન હતો. દાન આપવાનો દસ્તાવેજ થયો, તેમાં શરત હતી તે મુજબ, અમારે પ્લોટના 'એ', 'બી' કરાવીને, વચમાં કમ્પાઉન્ડ વોલ બંધાવી લેવાની હતી. જેથી બન્નેની ચાલ જુદી થઈ જાય. આ શરત મુજબ અમે કમ્પાઉન્ડ વોલના ચણતર કામ માટે પાયો ખોદવાનું શરૂ કરાવ્યું, ત્યાં તો સ્થળ ઉપર ભાડવાતોનું ટોળું ધસી આવ્યું. ટોળાના આગેવાનને ટ્રાન્સપૉર્ટનો ધંધો હતો. આમ પણ મકાનમાલિક અને ભાડવાતના નાતે તેઓ, ગિરધરભાઈથી નારાજ હતા અને તેમાં આ મોકો મળ્યો હતો. 'કમ્પાઉન્ડમાં વચ્ચે ફેન્સિંગ વોલ બાંધવાથી, અમે જ્યાંથી રોજ આવનજાવન કરીએ છીએ, તે દરવાજો અમારા માટે બંધ થઈ જાય તે અમે ચલાવી લઈશું નહીં, આખા કમ્પાઉન્ડ ઉપર અમારો ભાડવાતોનો હક્ક છે, ગમે તે થાય અમે કમ્પાઉન્ડ વોલ બાંધવા નહીં દઈએ.' સ્ત્રી, પુરુષો અને બાળકોના દેકારા, પડકારા, અને ચિચિયારીઓ વચ્ચે, ટોળામાંથી આવી જાતજાતની દલીલો થવા લાગી. 'અમને બહેરાંમૂંગાં બાળકોની શાળાના ઉમદા કાર્ય માટે આ દાન મળ્યું છે, તમે લોકો અમારા પાડોશી છો, એક સારા પાડોશી તરીકે તમે અમને સહકાર આપો. તમારે ચાલવા માટે બીજો રસ્તો તમારા કમ્પાઉન્ડમાં છે જ.' એવી સમજાવટની કોઈ અસર ટોળાં ઉપર થતી ન હતી. 'અમારે જ્યાંથી ચાલવું હોય, ત્યાંથી ચાલીએ આ બહેરાંમૂંગાંનું ન્યુસન્સ અહીં લાવતાં જ નહીં. અમારા છોકરાઓને ચેપ લાગશે.' એવું પણ ટોળામાંથી કોઈ બોલ્યું.

## સમાજની વાસ્તવિકતાનું બીજું પાસું

આમ, શ્વેતામ્બર બંગલાના કમ્પાઉન્ડમાં વાતાવરણ તંગ થતું જતું હતું. ઉશ્કેરાયેલા ટોળાંની વચ્ચે અમે ત્રણચાર કાર્યકર્તાઓ ઘેરાઈ ગયા. પાયો ખોદનારા મજૂરો, એક બાજુ ઊભાઊભા તમાશો જોતા હતા. અમારો કૉન્ટ્રેક્ટર ડરી ગયો હતો. એ સંજોગોમાં અમે કામ બંધ રાખવાનું ઉચિત માન્યું. ટોળાના આગેવાને અમારો આ નિર્ણય વધાવ્યો, એક બાજુથી હર્ષનાદ, તો બીજી બાજુથી અમારો હુરિયો બોલાવવામાં આવી રહ્યો હતો. અમે નતમસ્તકે, વીલે મોઢે, સંસ્થામાં પાછા ફર્યા. ચિંતાનો કોઈ પાર નહોતો. જીવનમાં પહેલી વખત મળેલા આવડા મોટા દાનનો આનંદ, વિષાદમાં પલટાઈ રહ્યો હતો. કેટલાક ભાડવાતો વ્યકિતગત સ્વાર્થ સાધવા, ટોળાંની લાગણી ઉશ્કેરીને પોતાનું હિત સાધવામાં મશગૂલ હતા. તેમની ઉપર આ પીડિત બાળકો માટે સહયોગ કરવાની અપીલની કોઈ અસર થતી ન હતી. આજે સમાજની આ વાસ્તવિકતાનું બીજું પાસું સામે આવ્યું હતું.

## જેવા સાથે તેવા થવું પડે'

બીજે દિવસે અમે અમુભાઈ રવાણીનો સંપર્ક કર્યો. અમુભાઈ રવાણી હજુ નવાનવા વકીલ થયેલા, ભાવનગરમાં લૉ કૉલેજમાં અભ્યાસ કરતા ત્યારથી, નવજવાન સંઘની પ્રવૃત્તિઓમાં ઉપયોગી થતા. અઠવાડિયામાં એક દિવસ સંસ્થામાં, કાયદાની મફત સલાહના કેન્દ્રમાં સેવા પણ આપતા. આ અમુભાઈ રવાણી આગળ જતાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ થયેલા. અમુભાઈની સલાહ મુજબ અમે ભાડવાતોને ફરી મળ્યા અને ખોદેલા પાયામાં, સાઈટ ઉપર લાવેલા પથ્થર પૂરી, પાયો કરી લેવો અને દીવાલ હમણાં ચણવી નહીં, તેવો વચલો રસ્તો, બન્ને પક્ષની સંમતિથી કાઢવામાં આવ્યો. તે મુજબ ફેન્સિંગ વોલનો પાયો કરીને કામ બંધ કરી દીધું. ત્યારબાદ પેલા આગેવાનને અને અન્ય ભાડવાતો સાથે સમજાવટના ઘણાં પ્રયત્નો કર્યાં, પરંતુ દીવાલ નહીં ચણવા દેવા માટે તેમના હઠાગ્રહમાં કશો ફેર પડયો નહીં, ત્યારે અમુભાઈએ અમને 'જેવા સાથે તેવા થવું પડે', એમ કહીને કોર્ટમાં દિવાળીનું વૅકેશન પડે તે પહેલાં મળવા કહ્યું. અમે તે મુજબ શાંતિથી બેસી રહ્યા. દિવાળી નજીક આવી, અમુભાઈને મળ્યા. કોર્ટમાં રજા પડે એ દિવસે, બપોર પછી યુદ્ધના ધોરણે દીવાલ બાંધવાનું શરૂ કરવું અને રાતના દસ અગિયાર વાગતા સુધીમાં કામ પૂરું કરવું. આ માટે કોઈની ધાક-ધમકીથી ડરે નહીં એવા

**કેસ જીતવા માટે આપણી તરફેણમાં પુરાવા જોઈએ, આમાં બધું તમારી વિરુદ્ધ જાય છે.**

કૉન્ટ્રેકટરને કામ આપવાનું નકકી થયું. હીરાભાઈએ પૂરા છ ફૂટ ઊંચા, કદાવર, પહાડી અવાજ ધરાવતા ખોડાભાઈ મિસ્ત્રી ઉપર પસંદગી ઊતારી અને એમાં અમે પાર ઊતર્યા. ખોડાભાઈએ અમને ફેન્સિંગ વોલ ચણાઈ જાય ત્યાં સુધી, પથિકાશ્રમના એક રૂમમાં પુરાઈ રહેવા અને કોઈને ફોન ઉપર પણ ન મળવા કહ્યું અને બાકીનું હું સંભાળી લઈશ, એવી હૈયાધારણ આપી. અમે તેનું અક્ષરશઃ પાલન કર્યું.

બપોરના ત્રણ વાગ્યા. ભાડવાત પુરુષ વર્ગ કામ ધંધા ઉપર ગયો હતો, જોતજોતાંમાં ત્રીસ ચાલીસ મજૂર, કડિયા, દાડિયા સાથે, હાથમાં ડાંગ લઈને ખોડાભાઈ મિસ્ત્રી, શ્વેતામ્બર બંગલાની સાઈટ ઉપર ઊતરી પડયા. તેની સાથે ઈંટ, રેતી અને સિમેન્ટના ખટારા ખાલી થવા લાગ્યા, બીજી બાજુ પાણીના ટાંકા, પીપડામાં ઠલવાઈ રહ્યા હતા. રાત્રે પણ કામ ચાલુ રાખવા, ખોડાભાઈએ પેટ્રોમેક્ષની વ્યવસ્થા રાખી હતી. ત્રણ કડિયાની જોડી ને, દસ-દસ ફૂટની દીવાલ ચણવાનું આગોતરું આયોજન ખોડાભાઈએ કરી જ રાખ્યું હતું. લોકો કાંઈ સમજે, વિચારે, બહાર ગયેલાં પુરુષોને બોલાવે એટલી વારમાં તો ધડાધડ પાયા ઉપર દીવાલ ઊભી થવા લાગી, એ સમયે આજની જેમ મોબાઈલ ફોનની સુવિધા ન હતી. ઠીકઠીક સમય વીત્યા પછી, પેલા આગેવાન અને બીજા ભાઈઓ આવી પહોંચ્યા. કામ અટકાવવા માટે ઘણાં ધમપછાડા કર્યા, પરંતુ ખોડાભાઈ ડંડો લઈને ઊભા હતા, 'ખબરદાર! મારા માણસોને કોઈએ

અટકાવ્યા છે તો જોવા જેવી થશે. અમે અમારી જમીન ઉપર દીવાલ બાંધીએ છીએ, કોઈને વાંધો હોય તો કામ આપનારને બોલાવો. એ કહેશે તો જ કામ બંધ થશે.' પેલા લોકો અમને શોધે, પરંતુ અમે તો ખોડાભાઈની સૂચના મુજબ ભૂગર્ભમાં હતા. આમ રાત્રે દસ અગિયાર વાગે ત્રીસ ફૂટ લાંબી અને છ ફૂટ ઊંચી દીવાલ ચણાઈ ગઈ!

## અમારી ધરપકડ અને છુટકારો

પેલા આગેવાન ટ્રાન્સપૉર્ટના ધંધાર્થીના ગામેગામ ટ્રક દોડે, ટ્રકવાળાને, પોલીસવાળા સાથે મીઠા સંબંધો હોય છે. છેવટે એમણે પોલીસ બોલાવી. પંચનામું કરાવ્યું, કમ્પાઉન્ડને બીજો દરવાજો હોવા છતાં, પંચનામામાં એક જ દરવાજો દર્શાવીને, ભાડવાતોના બૈરા-છોકરાંઓની ગેરકાયદેસર અટકાયતની કલમ અમારા ઉપર ઠોકી બેસાડી ! બીજા દિવસે અમારી ધરપકડ થઈ. છેવટે અમે જામીન ઉપર છૂટયા.

વકીલ ઈન્દુભાઈને અમારી વાતમાં વિશ્વાસ બેઠો. ફરિયાદી અને પોલીસે મળીને અમને બરાબરના ફસાવ્યા છે, એ વાત તેઓ સમજી ગયા. પરંતુ કમ્પાઉન્ડમાં બે દરવાજા પહેલેથી હતા અને પોલીસનું પંચનામું ખોટું છે એ કોર્ટમાં સાબિત કરવા, દાતાશ્રી ગિરધરભાઈ પાસેથી મકાન બંધાવ્યું ત્યારના, નગરપાલિકાની મંજૂરીવાળા પ્લાન મેળવવા કહ્યું. હવે આશાનું કિરણ દેખાયું. દાતાશ્રી ગિરધરભાઈને મુંબઈમાં પૂછયું, તો જવાબ મળ્યો કે, 'મેં તો તૈયાર મકાન લીધેલું. મારી પાસે આવા નકશા નથી.' ફરી પાછી નિરાશા! પરંતુ ઈન્દુભાઈ એમ થાકે તેવા ન હતા. નગરપાલિકામાં એમણે તપાસ કરાવી. વર્ષો પહેલાં બનેલાં મકાનનો નકશો મળવાની આશા ન હતી, વળી એમ પણ થતું કે વર્ષો પહેલાંનો નકશો મળે તો પણ શું ? એમાં બે દરવાજા હોય એવું થોડું નકકી છે ? બીજો દરવાજો કોઈએ પાછળથી પણ કર્યો હોય. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે નગરપાલિકામાંથી નકશો નીકળ્યો, ફી ભરી, કોપી મેળવી. કોર્ટની મુદત આવી. દેવીભાઈની સાથે ઈન્દુભાઈ પણ અમારા બચાવમાં જોડાયા, વકીલાતનામું રજૂ કર્યું, અગાઉની માફક મૅજિસ્ટ્રેટ કોઈ કૉમેન્ટ પાસ કરે, તે પહેલાં ઈન્દુભાઈએ કહ્યું, 'સાહેબ, આ ફરિયાદ કે પંચનામામાં કોઈ વજૂદ નથી. આ બંગલાના કમ્પાઉન્ડમાં પહેલાંથી જ બે દરવાજા હતા, આ તેનો સાઠ વરસ પહેલાના બાંધકામ સમયનો નકશો છે.' મૅજિસ્ટ્રેટ ચમકયા. નકશો જોતાંજોતાં તેઓની આંખો પહોળી થઈ ગઈ. ફરિયાદીઓ અને પોલીસ તરફ કરડી નજર ફેરવી, એક સૂચક પ્રશ્નાર્થ કર્યો, 'શું છે આ બધું?' કોઈ ઉત્તર ન હતો.

**ચશ્માંમાંથી આંખોના ભવાં ચડાવતા ઈન્દુભાઈએ વાસ્તવિકતા જણાવી.**

**કમ્પાઉન્ડને બીજો દરવાજો હોવા છતાં, પંચનામામાં એક જ દરવાજો દર્શાવીને ભાડવાતોના બૈરા-છોકરાંઓની ગેરકાયદેસર અટકાયતની કલમ અમારા ઉપર ઠોકી બેસાડી ! બીજા દિવસે અમારી ધરપકડ થઈ.**

એક સન્નાટો છવાઈ ગયો. ઈન્દુભાઈએ કોર્ટને સ્થળ ઉપર મુલાકાત લેવાની માંગણી કરી, તેથી મૅજિસ્ટ્રેટ, બન્ને પક્ષકારો અને વકીલો સ્થળ ઉપર મળ્યા, ફરિયાદીઓના કમ્પાઉન્ડમાં નાનો દરવાજો જોઈને કોર્ટને સંતોષ થયો, ભાડવાતોના આગેવાન અને ટ્રાન્સપૉર્ટ વ્યવસાયના અગ્રણી તાડૂકી ઊઠયા, 'સાહેબ, આ દરવાજામાંથી કોઈની ઠાઠડી પણ ન નીકળે, આને કાંઈ દરવાજો કહેવાય?' છાયાસાહેબે કહ્યું, 'ઠાઠડી શું કામ? વરઘોડિયાં નીકળી શકે તેમ છે.' ઘડીભર હાસ્યનું મોજું ફરી વળ્યું.

આખરે અમે નિર્દોષ છૂટયા. ઈન્દુભાઈની આ માન્યતા પાછળ, ભાવનગર રાજયના વખતની સામાજિક રૂઢિ અને રીતરિવાજની જાણકારી કારણભૂત હતી. 'ઈન્દુભાઈ, આ આગળ મોટો અને પાછળ નાનકડો દરવાજો બંગલાના કમ્પાઉન્ડમાં શું કામ રાખતા હશે ? તે મને ન સમજાયું.' મૅજિસ્ટ્રેટે જિજ્ઞાસાથી સહજભાવે પૂછયું, 'સાહેબ વર્ષો પહેલાં લોકો ઘરમાં પાયખાના કરતા નહીં, બંગલાના કમ્પાઉન્ડમાં

ડબ્બાવાળા પાયખાના કરવાનો રિવાજ હતો, આ ડબ્બા કાઢવા માટે હરિજન મુખ્ય દરવાજેથી દાખલ ન થઈ શકે તેવી સામાજિક પ્રથા હતી, માટે પાયખાનાની પાછળ દરવાજો રાખવામાં આવતો.' ઇન્દુભાઈએ ફોડ પાડતા કહ્યું, ત્યારે સમજાયું કે ઇન્દુભાઈ, બંગલાના જૂના નકશાનો આટલો બધો આગ્રહ શું કામ રાખતા હતા અને આપણે ગમે તેટલા સાચા હોઈએ તો પણ કોર્ટની આંટીઘૂંટીવાળી મેટરમાં, વકીલની પસંદગી ઉપર હાર કે જીત નિશ્ચિત થાય છે, એ સત્ય મોડુંમોડું પણ સમજાયું.



# અનિલભાઈ અને કૌમુદિનીબહેને છાત્રાલયમાં ચમત્કાર કર્યો

## ગૃહમાતાના કૌશલ્યની કસોટી

શાળા કરતાં, છાત્રાલય ચલાવવાનું કામ ઘણું અઘરું છે. શિક્ષકો માટે તાલીમ છે, પરંતુ જેની પાસે વધુમાં વધુ સમય બાળકો રહે છે, એ ગૃહમાતા માટે કોઈ તાલીમ નથી એટલે નીવડયે વખાણ સમજીને મન મનાવવું પડે.

બાળકોના સદ્‌ભાગ્યે, ગૃહમાતા કુશળ નીવડી જાય તો પણ, બધાં છાત્રવાસીઓને સંતોષ આપી શકાતો નથી. કેમ કે છાત્રાલયમાં દાખલ થતાં બાળકો સમાજના જુદા જુદા વર્ગમાંથી આવે છે. કોઈ ખેતમજૂરનું બાળક છે તો કોઈ ગરીબ કે તવંગરનું. એ જ રીતે દરેકના ધર્મ, રહેણીકરણી, ખાનપાનની રીતભાત પણ જુદી જુદી હોય છે. જયારે છાત્રાલયમાં બધાંને સાથે રહેવાનું, એક રસોડે જમવાનું અને સ્વાવલંબી બનવાનું હોય છે. તે માટે ટેવ પાડવી પડે, એ જરા અઘરું છે. બાળકોને મુકત વાતાવરણ જોઈએ છે, જેલ નહીં. છાત્રાલયોમાં બાળકોના તોફાન, ધીંગામસ્તી, તોડફોડ, મારામારી અને ભાગી જવાની ફરિયાદ સામાન્ય હોય છે. તેને મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી જોવાને બદલે બાળકને આકરી સજા અથવા કમી કરવાથી સંતોષ માનીને આપણે બેસી રહીએ છીએ. પરંતુ જેટલા જોશથી સમસ્યાને દબાવીએ, તેમના કરતાં બમણાં જોશથી તે સામે આવે છે. આથી બાળકોને મુકત વાતાવરણમાં રાખવા તેને રમતગમત, ખેલકૂદ, પ્રવાસ પર્યટન, ચિત્રકામ અને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિમાં નિરંતર પ્રવૃત્ત રાખવા જરૂરી બને છે અને તેમાં જ ગૃહમાતાના કૌશલ્યની કસોટી થાય છે.

## કૌમુદિનીબહેન ગાંધીએ કેડી કંડારી

નાગરપોળના ડેલામાં બહેરાંમૂંગાં શાળા સાથે કુમાર છાત્રાલય ફેરવ્યું ત્યારે, આવી જ સમસ્યા સામે આવી. પાડોશીઓ રાવ લઈને આવે, ‘આ તમારી વાનર સેનાનું કાંઈક કરો, અમારા છાપરાના નળિયા ભાંગી નાંખે છે.’ દીવો લઈને શોધવા છતાં આ બાળકોને સમજી શકે તેવા ગૃહમાતા મળ્યાં નહીં, ત્યારે નવજવાન સંઘના કાર્યકર અનિલભાઈ ગાંધી અને તેમના પત્ની કૌમુદિનીબહેને માનદ્ સેવા સાથે છાત્રાલયના ગૃહમાતાના કામની ચૅલેન્જ સ્વીકારી લીધી. આ દંપતી ચુસ્ત ગાંધીવાદી, રામકૃપા પરિવારમાંથી આવે. આ પરિવારમાં વહેલી સવારે જાગવું, રાત્રે વહેલાં સૂઈ જવું, સમૂહ પ્રાર્થના, ભજન, કીર્તન, અભિનય નૃત્ય, કોઈ હાર્મોનિયમ ઉપર, કોઈ તબલાં, તો કોઈ ખંજરી ઉપર હાથ અજમાવે એ સામાન્ય હતું. આવા દંપતીના આવતાની સાથે પ્રવૃત્તિઓના ધમધમાટથી છાત્રાલયમાં ચમત્કાર થયો, સમગ્ર વાતાવરણ બદલાઈ ગયું. વસ્તુની જરૂર પડે. એમાં વળી આ દંપતીએ છાત્રાલયનો ચાર્જ સંભાળ્યો. આમ



અનિલભાઈ ગાંધી



કૌમુદિનીબહેન ગાંધી

પણ કપોળ લોકો ખાવા અને ખવડાવવા માટે જાણીતા. એમાં વળી બહેરાંમૂંગાં છોકરાઓને ખવડાવવાનું. એટલે સાથે લાગણી ભળી. છોકરાઓને તો મજા પડી ગઈ. એટલે રોજ નવીનવી વાનગીની માગણી કરે. આમ મહિનો પૂરો થયો. કરિયાણાંવાળા, શાકવાળા અને ઘી તેલવાળાનાં બિલો જોઈને સંસ્થાનાં ટ્રેઝરરની આંખો પહોળી થઈ ગઈ. બાપ રે બાપ! ખર્ચો પહેલાં કરતાં બેત્રણ ગણો થઈ ગયો હતો. આ સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. પરંતુ સંસ્થામાં પૈસાની ખેંચ છે અને કરકસરથી છાત્રાલય ચલાવવું, એ વાત સાથે કૌમુદિનીબહેન અને અનિલભાઈ સહમત ન થયાં, 'આપણે ખાઈએ તેવું બાળકોને ખવડાવીશું, પૈસા ન હોય તો કાલથી અમે જોળી લઈને માંગવા નીકળશું.'

## ડોનેશન ઈન કાઈન્ડ

પછી તો રોજ સવાર પડે એટલે આગળ અનિલભાઈ અનો પાછળ છોકરાઓનું ટોળું, હાથમાં જોળી લઈને નીકળી પડે બજારમાં! શાકવાળા, કરિયાણાંવાળા અને અનાજવાળાને પરોપકારનો ઉપદેશ આપતાં જાય, થોડું ખરીદ કરે અને થોડું જોળીમાં પરાણેપુણ્ય કરાવે.

રસ્તામાં વાળંદની દુકાન આવે એટલે બેની સામે બે ફ્રી કરીને, છોકરાઓને વાળ કાપવા પણ બેસાડી દે. રોકડા પૈસામાં ડોનેશન માગવાને બદલે,'ડોનેશન ઈન કાઈન્ડ'નો અનિલભાઈનો આ પ્રયોગ બહુ સફળ નીવડયો. પછી તો કોઈક બાર મહિનાનું મરચું, મીઠું કે ધાણાંજીરૂ મોકલે, કોઈ ચા, તો કોઈ ખાંડ, તેલ તો કોઇ ટુથપેસ્ટ. જરૂરિયાત કરતાં વસ્તુ વધવા લાગી. આ કાર્યની લોકપ્રિયતા એટલી વધી ગઈ કે, 'હમણાં ખપ નથી.' એમ કહેવું પડે. આમ છોકરાઓને ઉત્તમ કવોલિટીનું ફૂડ અને ટ્રસ્ટને ખર્ચમાંથી મુકિત. અનિલભાઈ અને કૌમુદીનીબહેન જે બોલ્યાં એ કરી બતાવ્યું.



મેદાન વગરની શાળામાં અગાશીનો આનંદ

**રોજ સવાર પડે એટલે આગળ અનિલભાઈ અને પાછળ છોકરાઓનું ટોળું, હાથમાં જોળી લઈને નીકળી પડે બજારમાં ! શાકવાળા, કરિયાણાંવાળા અને અનાજવાળાને પરોપકારનો ઉપદેશ આપતાં જાય, થોડું ખરીદ કરે અને થોડું જોળીમાં પરાણે પુણ્ય કરાવે.**

બે વરસ પછી અનિલભાઈ અને કૌમુદિનીબહેનને સપરિવાર કાયમ માટે બેંગ્લોર જવાનું થયું, ત્યારે યોજાયેલા તેમના વિદાય સમારંભમાં એક તરફ લાગણી સભર દશ્યો સર્જાયાં, તો બીજી તરફ પોતાના માબાપ જેવા કૌમુદિનીબહેન અને અનિલભાઈનો છેડો બાળકો છોડતાં ન હતાં. પોતાનું ઘર છોડીને છાત્રાલયમાં આવી વસેલાં બાળકોને પ્રેમ અને હૂંફની જરૂરત હોય છે, તેની પ્રતીતિ કરાવીને કૌમુદિનીબહેને એક કેડી કંડારી. જે તેના અનુગામી માટે દિશાસૂચક બની રહી.

# મનમાં ગાંઠ વાળી

બી.એ. સમાજશાસ્ત્ર સાથે પૂરું કર્યા પછી શરૂશરૂમાં મારા ઉપર વધુ અભ્યાસ માટે, અમેરિકા જવાની ધૂન સવાર થઈ હતી. એવામાં સમાજશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ સાથે, અમેરિકા જવાની તક આવી. મેં અરજી સાથે મારો બાયોડેટા મોકલ્યો. અમેરિકન ઈન્ફર્મેશન સર્વિસની મુંબઈ ઑફિસથી ઈન્ટરવ્યૂ આવ્યો. હું તેની મરીનલાઈન્સની ઑફિસમાં પહોંચ્યો. ઉમેદવારો ઘણા હતા. સીટ માત્ર બે હતી. ઈન્ટરવ્યૂ આપીને હું બહાર આવ્યો. સફળતા માટે આશા ઓછી હતી.

## સલાહ, કાંતિસેન શ્રોફની

મુંબઈના જોગેશ્વરીમાં, એકસલ ઈન્ડસ્ટ્રિઝનું એક યુનિટ હતું. તેના માલિક કાંતિસેન શ્રોફ હતા. લોકો તેને કાકા કહેતા. એ બહુ મજાના માણસ હતા. સમાજની સમસ્યાઓના ઉકેલમાં એ ઊંડો રસ લેતા. ભાવનગરમાં પણ એકસેલનું એક યુનિટ હતું. બહેરાંમૂંગાં શાળાનું મકાન બંધાતુ હતું, ત્યારે એ ભાવનગરમાં રહેતા હતા. શાળાના મકાનનું સ્થાપત્ય તેમને બહુ ગમતું. એટલે બાંધકામ ચાલતું ત્યારથી એ અવારનવાર સમય કાઢીને આવતા ને શ્રવણમંદ બાળકોની સમસ્યાની ચર્ચા થાય. એ જ્ઞાની પણ હતા અને સીધા, સાદા અને સરળ પણ હતા. તે ઘડીક અમેરિકાની વિખ્યાત યેઈલ યુનિવર્સિટીમાંથી ભણીને આવેલા આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટ સાથે વાત કરે, તો ઘડીક પછી બાંધકામ કરતાં અંગૂઠા છાપ ખોડાભાઈ મિસ્ત્રી સાથે વાત કરે. 'આ પથ્થર તમે આમ ન મૂકવાને બદલે આમ કેમ મૂકયો?' અને તે સમજવા તેની સામે નીચે જમીન ઉપર પણ બેસી જતા તેને જરાય સંકોચ નહીં.

હું મુંબઈ જાઉં અને તે મુંબઈમાં હોય તો, તેમની જોગેશ્વરીની ફેકટરી ઉપર મળવા જતો. તેમ આજે પણ ઈન્ટરવ્યૂ પછી મળવા પહોંચ્યો. મુંબઈ આવવાનું કારણ જાણીને તેઓ મારી સામું જોઈને હસ્યા, 'સમાજવિદ્યા શીખવા માટે તમારે અમેરિકા જવાની જરૂર શું છે? તમને ખબર છે કોઈ ન કરે એવું મોટું સમાજ સેવાનું કામ તમે લઈને બેઠા છો ત્યાં અમેરિકામાં કોઈ ગાંઠના ગોપીચંદન કરી તમારા જેવું કામ કરતાં નથી. ત્યાં જઈને શીખવાનું છે? તમે એવું કાંઈક કરો કે એ લોકો અહીં આપણી પાસે શીખવા આવે!' હું મુંબઈથી ભાવનગર પહોંચ્યો, ત્યાં સુધી કાકાની શીખના એ શબ્દો 'એવું કાંઈક કરો કે એ લોકો આપણી પાસે અહીં શીખવા આવે.' એના પડઘા મારા મગજમાં પડી રહ્યા હતા. હું જાણતો હતો કે કાકા ચુસ્ત રાષ્ટ્રવાદી છે ને દેશનું યુવાધન વિદેશ ચાલ્યું જાય છે, એ તેમની ચિંતાનો વિષય હતો. ઘણાં મનોમંથન પછી મેં તેમની સલાહ મુજબ મનમાં ગાંઠ વાળી. વિદેશ જવું નથી અહીં જ રહીશ અને અહીં જ સર્જન કરીશ. આજે આ તપશ્ચર્યા ફળીભૂત થઈ છે. વંચિત વિકલાંગોના પુનઃસ્થાપન માટે ભાગ્યે જ કયાંક હોય તેવું એક છત્ર નીચે સંસ્થાઓનું અદ્દભુત સર્જન થયું છે. તેનો અભ્યાસ કરવા દુનિયાભરમાંથી લોકો આવી રહ્યા છે. કોઈ કામમાં પણ જોડાય છે, તો કોઈ યોગદાન આપતા જાય છે.



**શીખવા માટે તમારે અમેરિકા જવાની જરૂર છે ? તમને ખબર છે કોઈ ન કરે એવું મોટું સમાજસેવાનું કામ તમે લઈને બેઠા છો ત્યાં અમેરિકામાં કોઈ ગાંઠના ગોપીચંદન કરી તમારા જેવું કામ કરતાં નથી.**

# શાળાનું પોતીકું મકાન બાંધવાનો સંકલ્પ

## એક મકાનમાંથી બીજામાં, હવે આ ચલકચલાણાથી થાક્યા

**મફતકાકા, ઘણી વખત કહેતા કે 'જેનો ઉપચાર થઈ શકે નહીં, તેનું નિદાન કરીને દર્દીને દુઃખી કરશો નહીં.' કેટલીક વખત વધારે જ્ઞાન જ દુઃખનું કારણ બને છે, જ્યારે, અજ્ઞાનતા, નસીબના ભરોસે સુખેથી જીવન જીવવાની જડીબુટ્ટીની ગરજ સારે છે.**

ગગનવિહારી મહેતાના મકાનમાં બહેરાંમૂંગા શાળા ફેરવ્યાંને ત્રણેક વરસ થયાં હશે, ત્યાં તો બધા વિભાગો ખીચોખીચ ભરાઈ ગયા. હવે જગ્યા ટૂંકી પડવા લાગી, એટલે વિકાસ રૂંધાવા લાગ્યો. તે સમય દરમિયાન શ્રવણમંદ બાળકોની કેટલીક અદ્યતન શાળાઓ જોવાનો અને તેના સાહિત્યનો અભ્યાસ કરવાનો મોકો મળ્યો એટલે શાળામાં કાંઈક ખૂટે છે એવો અહેસાસ થવા માંડ્યો. વધુ જાણકારી માટે લંડનની 'રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ', 'અમેરિકાની ગેલાડેટ કૉલેજ', 'ક્લાર્ક સ્કૂલ' વગેરે દુનિયાની જાણીતી શાળાઓની જાણકારી મેળવી. હવે વિદેશમાં શ્રવણમંદોની શાળાઓ, તેનું અતિ આધુનિક શિક્ષણ, વૈજ્ઞાનિક અભિગમ અને લેટેસ્ટ ઇલેક્ટ્રોનિક સાધનો સામે, આપણે સદીઓ પાછળ છીએ એ સમજ્યા અને જાણ્યા પછી, એક વખત તો વિશ્વાસ ડગી ગયો. એક તરફ આપણાં દેશની ગરીબી, અંધશ્રદ્ધા અને અજ્ઞાનતા જ્યારે બીજી તરફ શૈક્ષણિક ક્ષેત્રની ઉદાસીનતા અને તુમારશાહીમાં પીસાતાં-અટવાતાં આપણે, કદી વિકસિત દેશોની ઊંચાઈને આંબી શકીએ નહીં, એમ મનમાં લાગવા માંડ્યું. પરિણામે ખરા અર્થમાં શાળા હવે એક ચીલાચાલુ શાળા ભાસતી હતી. તેને શાળા કરતાં બાળકોને સાચવવાનું 'શેલ્ટર હોમ' કહેવું વધુ ઊચિત હતું. હીરા ઉદ્યોગમાં ખૂબ જાણીતા અને ઉદાર દાનવીર મફતકાકા, ઘણી વખત કહેતા કે 'જેનો ઉપચાર થઈ શકે નહીં, તેનું નિદાન કરીને દર્દીને દુઃખી કરશો નહીં.' કેટલીક વખત વધારે જ્ઞાન જ દુઃખનું કારણ બને છે, જ્યારે અજ્ઞાનતા, નસીબના ભરોસે સુખેથી જીવન જીવવાની જડીબુટ્ટીની ગરજ સારે છે. વિદેશની શાળાઓની પ્રગતિ જાણીને અમે દુઃખી દુઃખી થઈ ગયા. પરંતુ કોણ જાણે કેમ? 'હારેલો જુગારી બમણું રમે,' એમ હાથ ખંખેરીને ઊભા ન થઈ ગયા કે ન તો આ મિશન પડતું મૂકી દીધું. કારણ કે એક 'સપનાંની શાળા' નિર્માણ કરવાનું ભૂત, મગજ ઉપર સવાર થઈ ચૂક્યું હતું. એક મકાનથી બીજા મકાનમાં ચલકચલાણાથી થાક્યાં ત્યારે, હવે નગરપાલિકા પાસેથી જમીન મેળવીને, શાળા માટે પોતીકું મકાન બાંધવાનો સંકલ્પ કર્યો.

# રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ (યુ.કે.)નું માર્ગદર્શન

## મફત જમીન આપી છે ને વળી પાછી દેવા આવ્યા છો ?

સંકલ્પ કરવો તે એક વાત છે અને તેને ચરિતાર્થ કરવો તે બીજી વાત છે. શાળા પાસે જમીન લેવાના કે મકાન બાંધવાના પણ પૈસા ન હતા. હતા ફક્ત મોટાં મોટાં સપનાઓ. પરંતુ, 'સપનાં જુઓ તો ઊંચા જુઓ' એ કથનનું હાર્દ આજે સમજાય છે. તળેટીમાં ઊભા ઊભા પર્વતની ટોચ સામે જોઈ રહેવું એના કરતાં મન મક્કમ કરીને ડગ માંડવામાં ડહાપણ છે.

આ સંકલ્પને ચરિતાર્થ કરવામાં, સાર્વજનિક હેતુ માટે ફ્રી લીઝ હોલ્ડ જમીન આપવાની, નગરપાલિકાની નીતિ શાળા માટે ઉપકારક નીવડી. શાળા બાંધવા જમીનની માંગણી કરી અને નગરપાલિકાએ ૧૯૬૫ના વર્ષમાં, કંસારાના કાંઠા પાસેની જમીન, ફ્રી લીઝથી આપી. હવે લંડનની રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ પાસે સ્પેશિયલ સ્કૂલના મકાન બાંધકામ માટે માર્ગદર્શન માગ્યું. 'આ જમીન શાળા બાંધવા માટે યોગ્ય નથી.' એવા અભિપ્રાય સાથે તેમણે વધુમાં જણાવ્યું કે, 'જમીન પસંદ કરતાં પહેલાં આવતા સો વરસનો વિચાર કરીને આયોજન કરવું. વળી, શ્રવણમંદ બાળકોની શાળા છે, ભવિષ્યમાં અતિ આધુનિક સંવેદનશીલ શ્રવણયંત્રોનો ઉપયોગ વધશે, તેની સાથોસાથ રસ્તા ઉપર મોટાં, ભારે વાહનો દોડતાં થશે, જે શ્રવણયંત્ર જેવા

> **'સપનાં જુઓ તો ઊંચા જુઓ' તળેટીમાં ઊભા ઊભા પર્વતની ટોચ સામે જોઈ રહેવું એના કરતાં મન મક્કમ કરીને ડગ માંડવામાં ડહાપણ છે.**

ઇલેક્ટ્રોનિક ઉપકરણોને ખલેલ પહોંચાડી શકે છે, માટે મેઈન રોડને બદલે, ગલીની શાંત જગ્યા પસંદ કરવી હિતાવહ છે. આવી સલાહ મળતાં અમે, નગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીમાં, આપેલો પ્લોટ પાછો લઈને, જરૂરિયાત મુજબનો પ્લોટ ફાળવવાની માગણી લઈને ગયા.અમારી વાતો સાંભળી ઘણાંને આશ્ચર્ય થયું, કોઈને, દેશની પ્રથમ હરોળની શાળા બનાવવાની અમારી વાત, અતિશયોક્તિ ભરેલી લાગી.'મફત જમીન આપી છે, ને વળી પાછી દેવા આવ્યા છો?' એવી ટકોર પણ થઈ. એક તરફ સહાનુભૂતિ ગુમાવી ટીકાનો સામનો કરી રહ્યા હતા ત્યારે બીજી તરફ હવે આ સત્તાધીશો ફરી બીજો પ્લોટ આપશે કે કેમ? તેની કોઈ ખાતરી ન હતી. કોણ જાણે કેમ, પણ મનમાં રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફની, 'મકાન બાંધતાં પહેલાં આવનારા સો વરસનો વિચાર કરવો', એ સલાહ દૃઢ થઈ ગઈ હતી, એટલે અમારી સંકલ્પનામાં બાંધછોડ કરવા અમે તૈયાર ન થયા.

## જમીન માટે સંઘર્ષનો સુખદ અંત

હવે પેલી દહેશત પણ સાચી પડી. નગરપાલિકાએ નવો પ્લોટ આપવામાં ઉત્સાહ ન બતાવ્યો. પરંતુ એવામાં નગરપાલિકાની ચૂંટણી આવી. સત્તાધારી પક્ષ હાર્યો, સંયુક્ત પક્ષોની 'નાગરિક સમિતિ'નો વિજય થયો અને માતૃસંસ્થા નવજવાન સંઘના પ્રણેતા, કનુભાઈ ઠક્કર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન વરાયા. 'મોસાળે જમવાનું અને મા પીરસનારી', એવો ઘાટ થયો. અમલદારશાહી અને તુમારશાહીના પ્રખર વિરોધી, સમાજવાદી રંગે રંગાયેલાં કનુભાઈ ઠક્કરે, કલમના એક ઝાટકે ૧૯૬૮માં સંસ્થાને ભાવનગરનાં વિદ્યાનગર વિસ્તારમાં, અમારે જોઈતી હતી તેવી ખડકાળ પથ્થરવાળી, મેઈન રોડથી ગલીની અંદર, ૨૧૩૨ ચોરસવાર જમીન, નવ્વાણું વર્ષના પટ્ટે ફ્રી લીઝથી એલોટ કરી દીધી. અંતે અદ્યતન શાળાનું મકાન બાંધવા માટે જમીન મેળવવાના સંઘર્ષનો સુખદ અંત આવ્યો. સંસ્થામાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

# એક આદર્શ શાળાની ઝંખના

## ઘૂડી નિશાળ

બહેરાંમૂંગાં શાળા માટે એક સુંદર મકાન, બનાવવું હતું. પરંતુ માત્ર સુંદર મકાન બની જવાથી કાંઈ આદર્શ શાળા બની જતી નથી. આદર્શ શાળા માટે સમગ્ર વાતાવરણ મહત્ત્વનું છે, અને એ વાતાવરણ ખડું કરી શકીએ ત્યારે, સફળ થયા સમજવું.

એ સમયે મારા માનસપટ પર બચપણનાં બે દશ્યો બરાબર અંકિત થયેલાં હતાં.

એક હું થોડો સમય ભણ્યો હતો, તે રવિશંકર માસ્તરની ધૂડી નિશાળ. બેઠી દડીના માસ્તર ટૂંકું મેલું ધોતિયું, ખમીશ ઉપર તમાકુ કલરનો કોથળા જેવો કોટ, માથે એવા જ રંગની ટોપી, મોઢામાં તેજ તમાકુવાળા પાનનો ડૂચો, લાલ ચટક હોઠ અને તેની વચાળે કાળા કથ્થાઈ થઈ ગયેલાં દાંત, અને એવી જ લાલ લાલ મોટી આંખો, હાથમાં નેતરની સોટી ફેરવતા ઘરેઘરેથી નવા નિશાળિયાઓને લેવા નીકળે. પાછળ માસ્તરની બીકે ફફડતા નિશાળિયાઓ, મોટે મોટેથી ઘડિયા બોલતા, શેરી ગજવતા જતા હોય. મને લેવા આવ્યા છે એવી ખબર પડતા જ, 'મારે નથી જાવું, નથી જાવું.' કહીને, નવો નિશાળિયો રોકકળ અને ધમપછાડા કરતો હોય ત્યારે, ટીંગાટોળી કરીને તેની મા ફોસલાવતી, ધમકાવતી, ધોલધપાટ કરતી, માસ્તર સુધી છોકરાને ઢસડી લાવે અને રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ રવિશંકર માસ્તર, છોકરાનું બાવડું ઝાલીને જે કાન આમળે, જાણે 'બાજ પક્ષીનાં પંજામાં સપડાયેલું ચકલું' જોઈ લો. આમ છતાં, નિશાળમાં પુરાયા પછી ક્યારેક જેલના કેદીની માફક નિશાળિયા લાગ મળ્યે, ક્લાસની બારી ઠેકીને ભાગે, ત્યારે રવિશંકર માસ્તરનો પિત્તો જાય અને હુકમ છૂટે, 'જાવ દોડો, પકડો પેલાને' અને પછી જોવા જેવી થાય.

> **નવો નિશાળીઓ રોકકળ અને ધમપછાડાં કરતો હોય ત્યારે, ટીંગાટોળી કરીને તેની મા ફોસલાવતી, ધમકાવતી, ધોલધપાટ કરતી, માસ્તર સુધી છોકરાને ઢસડી લાવે અને રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ રવિશંકર માસ્તર, છોકરાનું બાવડું ઝાલીને જે કાન આમળે, જાણે 'બાજ પક્ષીના પંજામાં સપડાયેલું ચકલું' જોઈ લ્યો.**

## પૃથ્વી પરનું સ્વર્ગ

એક બાજુ ચાર દીવાલોની બંધિયાર જેલ જેવી, રવિશંકર માસ્તરની આ નિશાળ, તો બીજી બાજુ ઊંચીનીચી ટેકરીઓ મથાળે, આશ્રમશાળાની પ્રતિકૃતિ જેવું ગિજુભાઈ બધેકાનું દક્ષિણામૂર્તિ. ચોતરફ વૃક્ષો અને એ વૃક્ષોની ડાળીઓ ઉપર કલરવ કરતા પક્ષીઓ, ક્યાંક હીંચકા, તો ક્યાંક લપસણી તો ક્યાંક પાણીના ખાડામાં છબછબિયાં કરી મોજ માણતા બાળકો, કોઈ તબલાં, હાર્મોનિયમ, ખંજરી અને મંજીરામાં તલ્લીન છે તો કોઈ અભિનયમાં. ફૂલ જેવા નિર્દોષ, નિર્ભય બાળકો, હોંશેહોંશે ઘોડાગાડીમાંથી ઊતરી, હડી કાઢીને દક્ષિણામૂર્તિની ટેકરીના પગથિયા ચડવા માંડે અને બે હાથ પહોળા કરી આવકારવા ઊભેલાં વિમુબેનને વળગી પડે, ત્યારે પૃથ્વી ઉપર જાણે સ્વર્ગ ઊતરી આવ્યું, જોઈ લો !


> **ક્યાં મારી કલ્પનાની આદર્શ શાળા અને ક્યાં આ નકશામાં ઊભી કરેલી શાળા ?**

## આદર્શ શાળાનાં સપનાં વેરવિખેર

આવા બે તદ્દન વિરોધાભાસી અનુભવો સ્મૃતિપટ પર અંકિત થયેલા હતા એટલે બાળકોના સ્વર્ગ સમી એક આદર્શ શાળાની ઝંખના કાયમ હતી. દરમિયાન શાળા માટે મકાન બાંધવાનું નક્કી કર્યું અને એ પણ સમધારણ બાળકો માટે નહીં, પણ વિશિષ્ટ બાળકો માટે! તે માટે વિશેષ કાળજીની જરૂરત હતી. આવી આદર્શ શાળાની જરૂરિયાત કોઈ

> **એટલી હદે બાંધછોડ કરીને, હું મારી આદર્શ શાળાના સપનાને વેરવિખેર થતાં જોઈ રહ્યો હતો.**

સારા આર્કિટેક્ટ સમજી શકે. તે દિવસોમાં ભાવનગરમાં એક પણ આર્કિટેક્ટ ન હતા. છેવટે શહેરના બાહોશ ઍન્જિનિયર જગતભાઈ પંડ્યાને, શાળાના મકાનનો પ્લાન બનાવવાનું કામ સોંપવામાં આવ્યું. પરંતુ તેમની વ્યસ્તતાને કારણે તે શક્ય બન્યું નહીં. સમય પસાર થતો ગયો, છેવટે હું થાક્યો. મારી કલ્પના મુજબની આદર્શ શાળા કોઈ બનાવી આપે એવું મળતું ન હતું ત્યારે, અમારા એક ટ્રસ્ટી કાળુભાઈ પરમાર, જેમનો દરજી કામનો વ્યવસાય હતો તે જિલ્લા પંચાયતના ઓવરસિયર મગનભાઈ પટેલ પાસે, રૂ. ૫૦૦માં ભાવિ શાળાનો પ્લાન તૈયાર કરાવી લાવ્યા અને 'મકાનનો પ્લાન કરવો એમાં કઈ મોટી વાત હતી.!' એમ કહીને મીટિંગમાં નક્શા મૂક્યા. ક્યાં મારી કલ્પનાની આદર્શ શાળા અને ક્યાં આ નક્શામાં ઊભી કરેલી શાળા? પરંતુ હવે ન હતો પસંદગીનો સવાલ કે ન હતો બીજો વિકલ્પ. આખરે કમિટીએ મનેકમને નક્શા મંજૂર કરી, બાંધકામ શરૂ કરવાનો ઠરાવ કર્યો. પહેલાં આર્કિટેક્ટ, પછી ઍન્જિનિયર અને છેવટે ઓવરસિયર! એટલી હદે બાંધછોડ કરીને, હું મારી આદર્શ શાળાના સપનાને વેરવિખેર થતાં જોઈ રહ્યો હતો.



**મગનભાઈ પટેલ ઓવરસિયરે બનાવેલો શાળાનો ચિલાચાલુ પ્લાન**

# શ્રીમતી ઈન્દિરાજીના વરદ્ હસ્તે શાળાનો શિલાન્યાસ

મગનભાઈ ઓવરસિયર પાસેથી શાળાના મકાનનાં ફાઈનલ પ્લાન બનીને આવી ગયા. તેમાંથી આદર્શ શાળા અદશ્ય થઈ ગઈ હતી. શાળા જેવી બને તેવી બાંધી નાખવાની સૌને ઉતાવળ હતી. પ્લાન બની ગયો એટલે હવે શાળાના મકાનનું ખાતમુહૂર્ત કરવું હતું. તે માટે કોઈ મહાનુભાવને બોલાવવાનો વિચાર કરતા હતા ત્યારે ૧૯૬૮માં રાષ્ટ્રીયસ્તરે કૉંગ્રેસના ઈન્ડિકેટ અને સિન્ડિકેટ, અનુક્રમે ઈન્દિરાજી અને મોરારજીભાઈની કૉંગ્રેસ, એમ ભાગલા પડી ગયા હતા. ગુજરાતમાં સિન્ડિકેટની સરકારના મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈ હતા. જ્યારે ગુજરાતમાં કાંતિલાલ ઘિયા, છબીલદાસ મહેતા વગેરે ઈન્દિરા કૉંગ્રેસમાં જોડાયા હતા. એ સમયે ભાવનગર પાસે અલિયાબેટમાં, તેલના કૂવાના શારકામનું ઉદ્‌ઘાટન કરવા, વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના આગમનના સમાચાર આવ્યા. છબીલદાસ મહેતા સંસ્થાના ટ્રસ્ટી પણ હતા. બહેરાંમૂંગાં શાળાના મકાનો શિલાન્યાસ કરવા માટે, ગોઠવણ કરી દેવા છબીલદાસને વાત કરી. એમણે દિલ્હી વાત કરી અને સૌના આશ્ચર્ય વચ્ચે ઈન્દિરાજીએ હા પાડી. પરંતુ તેમની પાસે સમય ઓછો હતો એટલે માત્ર સાત મિનિટનો જ સમય આપ્યો. સાત મિનિટમાં વડાપ્રધાનના હાથે શિલાન્યાસ વિધિ કરાવવાનું કામ કપરું હતું છતાં એ ચૅલેન્જ સ્વીકારી લીધી. અમે તો રાજીરાજી થઈ ગયા. પરંતુ અમારો આ રાજીપો ક્ષણિક નીવડ્યો. કારણ કે સંસ્થાના પ્રમુખ રમણીકલાલ ભોગીલાલ શાહ ઉર્ફે બકુભાઈ હતા. તેમના ઉપર શહેરની સંસ્થા કોંગ્રેસના આગેવાનોનું દબાણ શરૂ થયું, 'ગુજરાતની સિન્ડિકેટમાં તોડફોડ કરવા ઈન્દિરાજી ભાવનગર આવે છે. અલિયાબેટ તો ખાલી બહાનું છે. તમે આ ષડ્યંત્રમાં ભાગીદાર કેમ થઈ રહ્યા છો? ગમે તેમ કરો, ખાતમુહૂર્તનો કાર્યક્રમ ઈન્દિરાજીના હાથે ન

**ગુજરાતની સિન્ડીકેટમાં તોડફોડ કરવા ઈન્દિરાજી ભાવનગર આવે છે. અલિયાબેટ તો ખાલી બહાનું છે. તમે આ ષડયંત્રમાં ભાગીદાર કેમ થઈ રહ્યાં છો ?**



**વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાજીનાં વરદ્ હસ્તે શાળાનો શિલાન્યાસ, બાજુમાં પ્રમુખ દાતા હીરાલક્ષ્મીબહેન**

થવો જોઈએ.' બકુભાઈએ અમને તેમના નિવાસસ્થાને બોલાવ્યા,'ના મરજી' સાથે, પોતાની મુશ્કેલી સમજાવી, કાર્યક્રમ બંધ રાખવા પ્રસ્તાવ મૂક્યો. પરંતુ અમે કોઈએ મચક ન આપી. તે દિવસે મોડી રાત્રિના છબીલદાસ મહુવાથી ભાવનગર આવ્યા અને ગામતળાવની પાળે હોટલ ઉપર બેસી, ખાતમુહૂર્તનો કાર્યક્રમ નક્કી કર્યો. છેવટે કૉંગ્રેસના આગેવાનોના કહેવાથી બકુભાઈએ, ઈન્દિરાજી સાથે ગુજરાતના મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈને પણ બોલાવવા અને સ્ટેજ ઉપર ઈન્દિરાજીની બાજુમાં બેસાડવાનો આગ્રહ કર્યો. રાજકીય આટાપાટામાં કાબેલ છબીલદાસે, દિલ્હી વાત કરીને હા પડાવી. ઈન્દિરાજી આવ્યાં, પહેલાં ભૂમિપૂજન દાતા ગિરધરભાઈ અને તેમના પત્ની હીરાબહેનનાં હસ્તે થયું. મેં સ્વાગત પ્રવચન અને પ્રોજેક્ટની માહિતી આપી ત્યાર પછી ઈન્દિરાજી ખાડામાં ઊતર્યાં અને શાસ્ત્રોકત વિધિ મુજબ શ્લોકગાન સાથે શાળાના મકાનની શિલાન્યાસ વિધિ સંપન્ન કરી. આશીર્વચન આપ્યાં. છબીલદાસે સ્ટેજ ઉપર ઈન્દિરાજીની બાજુમાં હિતેન્દ્રભાઈને બેસાડયા, પરંતુ યુક્તિપૂર્વક, તેમને વધુ બોલવાની તક ન આપી !

**સ્ટેજ ઉપર વડાપ્રધાન ઈન્દિરાજીની બાજુમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ, નીચે ખુરશીમાં છબીલદાસ મહેતા**





# ફંડ ડ્રાઈવનો ફોગટ ફેરો

શાળાઓમાં વાલીઓનો સહયોગ હંમેશાં ઉપયોગી સાબિત થાય છે. બહેરાં મૂંગાની શાળાની સ્થાપનાથી જ, વાલીઓ શાળાની કામગીરીમાં સામેલ થયા હતા. સંસ્થાનું આ જમા પાસું છે. આમાંના એક વાલી તે ચિમનભાઈ વખારિયા. શાળાની સ્થાપનામાં જે દીકરી નિમિત્ત બની હતી તે, જયોતિબાળાના તે પિતા થાય. આ ચિમનભાઈ શાળાના ટ્રસ્ટી અને ટ્રેઝરર પણ ખરા. શાળાની ગ્રાન્ટ અનિયમિત આવે, એટલે પૈસાની ખેંચ પડે. તેમાં વળી એક બાજુ ભાડાના મકાનમાં બેસતા હતા અને બીજી બાજુ શાળાના મકાનનું બાંધકામ શરૂ કર્યું હતું. તેનું ફંડ કરવામાં અમે નબળા પડતા હતા. એટલે આર્થિક મુશ્કેલી વધતી જતી હતી.

એવામાં ચિમનભાઈના એક સ્નેહી પ્રેમચંદભાઈ કલકત્તાથી આવ્યા. એ મૂળ ભાવનગર પાસે દડવાના. તેને કલકત્તાની કેનિંગ સ્ટ્રીટમાં મોટો, મિલજીન સ્ટોર. આ પ્રેમચંદભાઈ દેશમાં આવ્યા એટલે ચિમનભાઈ તેને બહેરાંમૂંગાં શાળા જોવા લઈ આવ્યા, એ હતા ભાવનાશીલ. શાળામાં જયોતિબાળાને ભણતી જોઈને રાજી થયા. અમે મોકો જોઈને તેને મકાન બાંધવા ફંડની જરૂરિયાત સમજાવી. અમારી વાત સાંભળી પ્રેમચંદભાઈએ અમને કલકત્તા 'ફંડ ડ્રાઈવ' માટે આવવા આમંત્રણ આપ્યું અને ઉમેર્યું 'કલકત્તામાં ગુજરાતીઓ અને મારવાડીઓ પૈસે ટકે બહુ સુખી છે. આપણા સમાજ સામે તમારી વાત મૂકશું, એટલે ડોનેશન થઈ જશે. તમે મારવાડી સકસેરિયા શેઠનું નામ તો સાંભળ્યું હશે ? એના પત્ની ત્રણસોને પાંસઠ દિવસ હજારોનું દાન કરે છે, માંગવા ગયેલ કોઈ ખાલી હાથે પાછા જતાં નથી, આ શેઠાણીને પણ આપણે ઓળખીએ છીએ.'

## વાજતે-ગાજતે પહોંચ્યા કલકત્તા

૧૯૭૧માં પ્રેમચંદભાઈની વાત સાંભળીને કલકત્તા જવા તૈયાર થયા. હું, હીરાભાઈ, ચિમનભાઈ અને તેના બનેવી હિંમતભાઈ મોતીવાળા, વાજતેગાજતે પહોંચ્યા કલકત્તા. ઉતારો પ્રેમચંદભાઈના ઘરે હતો.સ્વાગત ઉમળકાભેર થયું. પતિપત્ની બંને બહુ પ્રેમાળ. અમારી આગતાસ્વાગતામાં કોઈ કચાસ નહીં. સવારે, બપોરે, સાંજે જાતજાતની વાનગી બનાવી જમાડે. વળી પાછા રાત્રે બહાર, આઈસક્રીમ અને ઠંડા પીણાં. રવિવારે કલકત્તાની જાણીતી હોટલ અને રેસ્ટોરન્ટ, વખાણ કરતાં જાય અને ખવડાવતાં જાય. કયારેક રાત્રે સૂતી વખતે, તો કયારેક સવારે છાપા વાંચતાવાંચતા વાત કરે, 'આપણે ભગવાનની મેરબાની છે. દડવેથી દોરીલોટો લઈને આવ્યાં હતાં. આજે અઢારઅઢાર કંપની ચાલે છે.' અમે એકબીજાની સામું જોયા કરીએ. મનમાં થતું કે 'કલકત્તા આવ્યાને દશેક દિવસ થયાં, પ્રેમચંદભાઈ ડોનેશનની વાત તો કોઈને કરતા નથી. પહોંચબુક સાવ કોરી છે, તો આપણું થાશે શું?' વળી હું તો નોકરીમાંથી રજા મળતી ન હતી છતાં, સાહેબની નારાજગી વહોરીને કપાત પગારે, આ ફંડ ડ્રાઈવમાં જોડાયો હતો. હીરાભાઈને મકાન ને જમીનની દલાલીનું કહેવા પૂરતું કામ, પણ એ સ્વભાવે બિનધાસ્ત. જયારે બીજા બે સાથીદારો તેનો વેપારધંધો છોડીને આવ્યા હતા. અમે ટકોર કરી, 'પ્રેમચંદભાઈ હવે ફંડનું કામ શરૂ કરીએ, તો કહે હજી ઘણા દિવસ છે, ચિંતા કરો મા, બધું થઈ જશે.'

**'આપણે ભગવાનની મેરબાની છે. દડવેથી દોરી લોટો લઈને આવ્યા હતાં. આજે અઢાર અઢાર કંપની ચાલે છે.'**

આમ ને આમ દિવસ ઉપર દિવસ પસાર થતા જતા હતા. આમ પણ કલકત્તામાં સવારે પાંચ વાગે દિવસ ઊગી જતો અને સાંજે ચાર વાગે ત્યાં દિવસ આથમવા લાગે. સવારે વહેલા દુકાને જવાનો પ્રેમચંદભાઈનો નિત્યક્રમ. અમે ચારે જણા પહોંચબુક લઈને તેની સાથે દુકાને જઈએ. આજે કોઈકની બોણી તો થશે, તેવી આશા સાથે! પરંતુ દુકાને પહોંચીએ ત્યાં ગ્રાહકોના ટોળાં ઊભા હોય. ધંધો એવો જામેલો કે પ્રેમચંદભાઈ અને

> **અમે એક ખૂણામાં બેઠાબેઠા ખેલ જોયા કરીએ. મનમાં થતું આમની અઢારની અઠ્યાવીસ કંપની થતા વાર નહીં લાગે, પણ આપણાં ફંડ ડ્રાઈવની જોળી ક્યારે છલકાશે ?**

નોકરચાકર પણ ઓછા પડે. એ તો દુકાને પહોંચતા જ કામકાજમાં લાગી જાય. અમે એક ખૂણામાં બેઠાબેઠા ખેલ જોયા કરીએ. મનમાં થતું આમની અઢારની અઠયાવીસ કંપની થતા વાર નહીં લાગે, પણ આપણા ફંડ ડ્રાઇવની જોળી કયારે છલકાશે?

## ફંડનો પ્રતિસાદ ઠંડો

છેવટે ક્ષોભ છોડીને અમે, પ્રેમચંદભાઈને ડોનેશન માટે તેના લાગતાં વળગતાને વાત કરવા કહ્યું. પછી તેણે દુકાને આવતાં કોઈ-કોઈ કસ્ટમરને ભલામણ કરવાનું શરૂ કર્યું. 'આ મારા મહેમાન છે. દેશમાંથી બહેરાંમૂંગાં છોકરાઓ માટે પૈસા ઉઘરાવવા આવ્યા છે, એની વાત સાંભળતા જાવ ને કાંઈક આપતા જાવ.' આ અપીલ પછી કોઈક ૨૫૧ તો કોઈક ૫૦૧ રૂપિયાની પહોંચ આપવાનું કહે. તો કોઈક વિચાર કરીને પછી લખાવી દઈશું, એમ કહે. તો વળી કેટલાક લોકો કલકત્તામાં કેવાકેવા દાનવીરો છે, તેનો સંપર્ક કરવાની સોનેરી સલાહ આપીને છુટકારો મેળવી ચાલતી પકડે. આમ, કાયમ સાંજ પડયે ત્રણચાર પહોંચ માંડ ફાટતી. એકંદર ફંડનો પ્રતિસાદ ઠંડો જણાતો હતો.

પછી તો પ્રેમચંદભાઈ પણ સમજી ગયા કે ફંડ કરવાનું કામ તેણે ધાર્યું હતું તેવું, સહેલું નથી. છેવટે ગમે તેમ કરીને તેઓ, પેલા મારવાડી સકસેરિયા શેઠાણીની એપૉઇન્ટમેન્ટ મેળવી લાવ્યાં. અમે તેમની હવેલીએ પહોંચ્યા. આ સન્નારી, પ્રેમચંદભાઈને ઓળખતાં હોય તેવું લાગ્યું નહીં. પરંતુ આદરપૂર્વક અમને દીવાનખંડમાં બેસાડયા. ચાપાણી નાસ્તો આવ્યો. વાત શાંતિથી સાંભળી. આવું સમાજ ઉપયોગી કામ કરવા માટે અમારા વખાણ કર્યા, પછી બોલ્યાં, 'અમે પાલિતાણામાં સાધુસાધ્વીઓ માટે બારે માસ રસોડું ચલાવીએ છીએ. તેમાં રોજ હજારો રૂપિયા વાપરીએ છીએ. તમારા અને અમારા ટ્રસ્ટના હેતુ જુદા છે, છતાં આવ્યાં છો તો તમારી પત્રિકા મૂકતા જાવ, શેઠને વાત કરીને કહીશ.' આમ જયાંથી બહુ મોટી આશા હતી, ત્યાંથી વીલે મોઢે અમે પાછા ફર્યા.

હવે પ્રેમચંદભાઈએ તેના એક વખતના ભાગીદાર અનોપચંદભાઈનો દાણો દબાવી જોયો. અનોપચંદભાઈને તે મોટાભાઈ માનતા. બંનેએ દેશમાંથી સાથે નસીબ અજમાવવા કલકત્તા આવીને જાત મહેનતથી ધંધાનું સામ્રાજય ઊભું કર્યું હતું. અનોપચંદભાઈને સંતાન ન હતું. થોડા વખત પહેલાં જ બંને ભાગીદારો છૂટા પડેલા. બંનેની પત્નીઓ પણ બહુ હોશિયાર અને ડાહી. તેના ડહાપણની એક બહુ ઇન્ટરેસ્ટિંગ વાત અમને સાંભળવા મળી. વાત એમ બની કે આ બંનેની ભાગીદારી પેઢીના માલ, સામાન, મિલ્કતમાં ભાગ બરાબર પડી ગયા. છેવટે કંપની ખાતે લીધેલી એક મોટરકારનું શું



કરવું? બંને ભાગીદારો તે વાપરતા હતા. અનોપચંદભાઈ કાંઈ બોલ્યા નહીં. છેવટે પ્રેમચંદભાઈએ કહ્યું, 'તમે મારા કરતાં મોટા છો, ગાડી તમે રાખો.' ભાઈ ખુશી-ખુશી ગાડી લઈને ઘરે જમવા ગયા. જઈને પત્નીને વાત કરી. પત્ની નારાજ થઈ ગઈ. કહે, 'તમે જરાય વિચાર ન કર્યો? એ તમારો નાનો ભાઈ છે, તેણે કીધું ને તમે ગાડી રાખી લીધી? હમણાં જ ગાડી પ્રેમચંદને પાછી આપી આવો.પછી આપણે જમીશું.' આવી કોઠા સૂઝવાળાં પત્ની હતાં,અનોપચંદભાઈના!

આવા દંપતીએ અમને તેમના ઘરે ભોજન માટે બોલાવ્યા. સાથે પ્રેમચંદભાઈનો પરિવાર પણ ખરો. 'એક પંથ દો કાજ.' જમશું અને ફંડની વાત પણ કરશું, એવી હૈયાધારણ અમને પ્રેમચંદભાઈએ આપેલી. જમ્યા પછી પ્રેમચંદભાઈએ ભાઈને અમારી જરૂરિયાત સમજાવી. બહુ રકઝક પછી, છાત્રાલયના નવા બંધાનાર એક વિભાગ ઉપર નામ મૂકવાની શર્તે, ભાઈ રૂપિયા અગિયાર હજાર આપવા સહમત થયા, અને ચેક પ્રેમચંદભાઈની દુકાને મોકલી આપશે, તેમ નક્કી થયું. કલકત્તા પહોંચ્યા પછી આ અમારી સૌથી પહેલી સફળતા હતી. આ આનંદના સમાચાર ટ્રંક કોલ કરીને ભાવનગર આપ્યા. સંસ્થામાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ.

હવે ત્રણ અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો હતો. સૌને ભાવનગર પાછું ફરવું પડે તેવા સંજોગો થઈ ગયા હતા. પ્રેમચંદભાઈના ધ્યાનમાં હવે ખાસ કોઈ દાતા બાકી રહ્યા  ન હતા. પછી પ્રેમચંદભાઈએ પોતાના રૂપિયા પાંચ હજારની ડોનેશનની પહોંચ ફડાવી. હવે તેઓ પણ અંદરથી થાકેલા લાગતા હતા. માણસને જ્યારે કામ ન થાય ત્યારે થાક વધુ જણાતો હોય છે. આમ છતાં, અમે એક અઠવાડિયું વધુ રોકાયા. ખાસ કોઈ નવું ફંડ થયું નહીં. અનોપચંદભાઈએ પણ કહ્યા મુજબ ચેક મોકલ્યો ન હતો. છેવટે રોકડા અને ઉધાર સહિત,પચ્ચીસેક હજારનું ફંડ કરીને અમે નિષ્ફળતાના અહેસાસ સાથે, ભાવનગર પાછા ફર્યા.

## નિષ્ફળતામાંથી બોધપાઠ

જોકે આ નિષ્ફળતામાંથી બોધપાઠ પણ મળ્યો. હેતુ ગમે તેટલો સારો હોય, દાન મેળવવાનું એમ સહેલું નથી. દાન માગવા જનારની દાતા સાથે ઓળખાણ, દબાણ કરીને કહી શકે એવો પ્રભાવ, અને ધગશ જરૂરી હોય છે. વળી દાતાઓને પોત-પોતાની પ્રાયોરિટી હોય છે, કોઈ ધાર્મિક કામમાં પૈસા વાપરે, તો કોઈ શિક્ષણમાં, કોઈ પોતાની જ્ઞાતિ માટે, તો કોઈ સાર્વજનિક સામાજિક કામ માટે. ફંડ ડ્રાઈવમાં અપેક્ષિત દાતાઓની લાંબી યાદી પણ જોઈએ. એકમાં નિષ્ફળ જવાય, તો બીજા પાસે હાથ લાંબો કરી શકાય. પરંતુ અમે તો માત્ર એક વ્યકિત ઉપર ભરોસો મૂકીને, મોટા ઉપાડે ફંડ કરવા ગયા હતા. એટલે, આ બધાં કારણોસર અમારો, ફંડ ડ્રાઈવ ફોગટ ફેરામાં પરિણમ્યો.

**હેતુ ગમે તેટલો સારો હોય, દાન મેળવવાનું એમ સહેલું નથી. દાન માગવા જનારની દાતા સાથે ઓળખાણ, દબાણ કરીને કહી શકે એવો પ્રભાવ અને ધગશ જરૂરી હોય છે.**

# આખરે નોકરીને અલવિદા

## નોકરી અને સેવા બે સાથે ન થાય !

અમે ફંડ ડ્રાઇવ માટે કલકત્તા ગયા ત્યારે, બહેરાં-મૂંગાં શાળાની ઑફિસનું વહીવટી કામકાજ અમૃતલાલ ભટ્ટ જોતા હતા. તે પી. ડબલ્યુ. ડી. ના નિવૃત્ત કર્મચારી હતા. આ વિશ્વાસુ અને કાર્યદક્ષ ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટનું, અમે કલકત્તા હતા ત્યારે હાર્ટ એટેકથી અવસાન થઈ ગયું. સંસ્થાને તેની મોટી ખોટ પડી. તેની જગ્યાએ કોઈ માણસ મૂકવાના પ્રયત્ન શરૂ કર્યા, પણ ઝટ દઈને સફળતા ન મળી. એક તરફ ઑફિસમાં કાગળોના ઢગલા પડયા હતા, બીજી તરફ શાળાના મકાનનું બાંધકામ ચાલતું હતું. એ સંજોગોમાં માલ-સામાન લાવવો, ઍન્જીનિયર, આર્કિટેકટ, વગેરેનું સંકલન કરવું અને બાંધકામના પ્રોગ્રેસની સાથેસાથે, પૈસાની જરૂરિયાતને પહોંચી વળવા રોજ નવા નવા દાતાઓનો સંપર્ક કરવાની કપરી કામગીરી મારે માથે આવી પડી. આ સમસ્યાની ગંભીરતા સમજીને કલકત્તાથી આવ્યા પછી, મારી નોકરીના સ્થળે ડયૂટી ઉપર હાજર થવાને બદલે મેં રજા લંબાવી આપવા માટે ઉપરી અધિકારીને રિપોર્ટ કર્યો અને લાગી પડયો સંસ્થાના કામમાં. પછી કામ હળવું થયું એટલે ડયૂટી જોઇન કરી. આમ ઘડીક નોકરીમાં, તો ઘડીક સંસ્થામાં એમ સિલસિલો ચાલતો હતો.

**આ જવાબ સાંભળ્યા પછી મન ચકરાવે ચડી ગયું. હવે મારે નોકરી અથવા મારાં સપનાંની શાળા બે પૈકી એકની પસંદગી કરવાની હતી. પરિવારજનો અને હિતેચ્છુઓ મને સરકારી નોકરી છોડવાનું ગાંડપણ ન કરવા સમજાવી રહ્યાં હતાં. પરંતુ નોકરીમાં ચાલુ રહીને સપનાંની શાળાનું સર્જન કરવાનું મને શક્ય જણાતું ન હતું.**

મારી નોકરી ડાયરેકટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસિઝ અમદાવાદ નીચે હતી. હું રિજીયોનલ ફેમિલી પ્લાનિંગ સેન્ટર (RF-PTC) ભાવનગરમાં એકસટેન્શન એજ્યુકેટરની જગ્યા ઉપર લાંબા સમયથી ફરજ બજાવતો હતો. આ સેન્ટર બંધ થતાં, મારી ટ્રાન્સફર સિવિલ હૉસ્પિટલના સેટ અપમાં થઈ હતી. વારંવાર રજા ઉપર, વગર મંજૂરીએ ચાલ્યા જવાથી મારો પગાર કપાતો, અને મેમો મળતાં ખુલાસા કરવા પડતા. આમ, મારો રેકોર્ડ ખરાબ થઈ રહ્યો હતો. વળી કલકત્તા ફંડ ડ્રાઇવ માટે જવાનું થયું ત્યારે ઉપરી અધિકારીએ રજા નામંજૂર કરી હતી, છતાં હું તેની આજ્ઞાનો અનાદર કરીને ચાલ્યો ગયો હતો. આ બધાં કારણો ભેગાં કરીને છેવટે મૅનેજમેન્ટે, મને શો કોઝ નોટિસ પાઠવી. જાણે મારા માથે વીજળી પડી.

મારા ઉપર મારા માબાપ, નાની, દિવ્યાંગ મામા, નાના ભાઈબહેનો, પત્ની અને નવજાત પુત્રી સહિત બાર વ્યકિતના પરિવારની જવાબદારી હતી. નોકરી જવાના વિચારમાત્રથી હું ભાંગી પડયો. કાંઈક રસ્તો નીકળશે એ આશા સાથે હું સાહેબને મળ્યો. આમ તો એ બહુ ભલા માણસ હતા. પરંતુ નોકરીમાં વારંવાર ગુટલી મારી જવાની આદતથી નારાજ હતા. ''હું મોજમસ્તી માટે રજા નથી લેતો, પરંતુ સંજોગવશાત્ એક સામાજિક જવાબદારી મારે માથે આવી પડી છે.'' એમ કહીને તેમની સમક્ષ મારો બચાવ રજૂ કર્યો. શાંતિથી મારી વાત સાંભળ્યા પછી મને કહે, ''જુઓ શાહભાઈ, તમારો હેતુ સારો છે, પણ સરકારી નોકરી અને સેવા, બે સાથે ન થાય, સોરી.''

આ જવાબ સાંભળ્યા પછી મન ચકરાવે ચડી ગયું. હવે મારે નોકરી અથવા મારા સપનાની શાળા બે પૈકી એકની પસંદગી કરવાની હતી. પરિવારજનો અને હિતેચ્છુઓ મને સરકારી નોકરી છોડવાનું ગાંડપણ ન કરવા સમજાવી રહ્યા હતા. પરંતુ નોકરીમાં ચાલુ રહીને સપનાની શાળાનું સર્જન કરવાનું મને શકય જણાતું ન હતું. ત્યારે કરવુ શું?

## 'જીવનભર ચીટકીને બેસીશ અને ગરીબોની સેવા કરીશ'

આ દ્વિધામાં મને ગાંધીજીનો એક પ્રસંગ યાદ આવ્યો. મુંબઈના એક શ્રીમંત



કસ્તુરબા આશ્રમ, મરોલી

પારસીની યુવાન પુત્રી મીઠીબહેન પીટીટને ગાંધીજીનું ઘેલું લાગ્યું. ઘર છોડીને નીકળી પડી બાપુની પાછળ. સેવાનું વ્રત લીધું. ખાદી ધારણ કરી અને દાંડીકૂચનાં સત્યાગ્રહમાં સામેલ થઈ ગઈ. મીઠાનાં સત્યાગ્રહમાં અંગ્રેજોનાં સીતમથી માનસિક સ્વાસ્થ્ય ગુમાવી બેઠેલા સત્યાગ્રહીઓની સારવાર માટે ત્યારે દેશમાં એક પણ મેન્ટલ હૉસ્પિટલ ન હતી. ગાંધીજીની પ્રેરણાથી મીઠીબહેને મરોલીમાં કસ્તુરબા સેવાશ્રમમાં એક મેન્ટલ હૉસ્પિટલ બાંધવાનું આયોજન કર્યું અને ગાંધીજીને તેનું ખાતમુહૂર્ત કરવા આગ્રહ કર્યો. ગાંધીજીએ કહ્યું, ''સંસ્થા સારી ચાલશે એમ ખાતરી વગર હું ખાતમુહૂર્ત ન કરું. સંસ્થા શરૂ કરવી સહેલી છે, તેને ટકાવી રાખવા ભોગ આપવો પડે, તે માટે કોઈએ સંસ્થામાં ચીટકીને બેસવું પડે.'' મીઠીબહેન કહે, ''બાપુ હું ચીટકીને બેસવા તૈયાર છું.'' ગાંધીજી તો પાકા વાણિયા હતા. કહે, ''એમ આવેશમાં બોલવું સહેલું છે, પાળવું મુશ્કેલ છે, તારો શો ભરોસો? કાલ સવારે તું પરણીને ચાલતી થઈ જા.'' મીઠીબહેન બોલ્યાં, ''હું તમને વચન આપું છું, હું પરણીશ નહીં, જીવનભર આ સંસ્થામાં ચીટકીને બેસીશ, ગરીબોની સેવા કરીશ અને અહીંયાં જ દટાઈશ.'' અંતે ગાંધીજીએ મેન્ટલ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કર્યું. મીઠીબહેને સમર્પણ અને નિઃસ્વાર્થની ભાવના સાથે સર્વસ્વનો ત્યાગ કર્યો. જીવનપર્યંત ચીટકીને મરોલીની મેન્ટલ હૉસ્પિટલમાં બેઠાં અને નેવુ પંચાણુ વરસની ઉંમરે, મરોલીમાંજ જીવનના અંતિમશ્વાસ લીધા. પારસી ધર્મની ક્રિયાનાં અપવાદરૂપે નવલ તાતાનાં હસ્તે મીઠીબહેનને અહીંયાં જ દફનાવવામાં આવ્યાં.



મીઠીબહેન પીટીટ

**ગાંધીજીએ કહ્યું, 'સંસ્થા સારી ચાલશે' એમ ખાત્રી વગર હું ખાતમુહૂર્ત ન કરું. સંસ્થા શરૂ કરવી સહેલી છે, તેને ટકાવી રાખવા ભોગ આપવો પડે, તે માટે કોઈએ સંસ્થામાં ચીટકીને બેસવું પડે.**

**મીઠીબહેન બોલ્યાં, 'હું તમને વચન આપું છું. જીવનભર આ સંસ્થામાં ચીટકીને બેસીસ, સેવા કરીશ અને અહીંયા જ દટાઇશ.'**

## નોકરીને અલવિદા

આ પ્રસંગ મને હાડોહાડ સ્પર્શી ગયો. એક તરફ સરકારી નોકરીમાં સારા પગાર, ભથ્થા, અને જીવનભર પેન્શન વગેરેના લાભ હતા, બીજી તરફ મારાં સપનાંની શાળાના સર્જનનો આનંદ હતો. સોશિયોલૉજી મારા શોખનો વિષય હતો. તેમાં હું જે શીખ્યો તેનો પ્રયોગ કરીને, સમાજ માટે કાંઈક કરી છૂટવાની આ તક હતી, જે સરકારી નોકરીની મર્યાદામાં શક્ય ન હતી. આવા મનોમંથનના અંતે ૧૯૭૩ માં મેં નોકરીને અલવિદા કરી દીધી અને જીવનપર્યંત સંસ્થામાં ચીટકીને બેસી જવાનો સંકલ્પ કર્યો. સંસ્થાના દીર્ઘદષ્ટા ટ્રસ્ટીઓએ આ નિર્ણયને વધાવી લીધો. ચેરિટી એકટની જોગવાઈને ધ્યાનમાં લઈને, મને નોકરીમાં મળતી હતી એવી રકમનું ઓનોરેરિયમ આપવાનો ઠરાવ કરીને, સમાજને એક ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું.

## સેવકના પરિવારની ચિંતા ખુદ ભગવાન કરે છે

સમાજ સેવાની ધૂન એક જાતનો નશો છે. તેમાં ઓતપ્રોત થઈ જતાં બધું જ ભૂલાઈ જાય છે. હું કેટલી બધી વખત મારા બાળકોને સંસ્થામાં ભૂલીને ઘરે ગયો છું. આ અવસ્થામાં ઘર કેમ ચાલે છે તેની ખબર રહેતી નથી હોતી. ખુદ ગાંધીજી માટે લોકો કુતૂહલ સાથે શંકાથી એવો સવાલ કરતા કે, 'તેણે આફ્રિકાથી આવ્યા પછી દેશ સેવા માટે વકીલાત છોડી દીધી છે, કાંઈ કમાતા નથી, તો તેનું ઘર શી રીતે ચાલતું હશે?' વાત ખરી હતી. જોકે કોઈને ખબર પણ ન પડે તે રીતે, ગાંધીજીના એક પરમમિત્ર. ડૉ.પ્રાણજીવન મહેતાએ, જીવનપર્યંત ગાંધીજીના પરિવારની આર્થિક જવાબદારી ઉપાડી હતી. તેમનું આ યોગદાન યજ્ઞમાં આહૂતિ આપવા બરાબર હતું. ભકત કવિ નરસિંહ મહેતાની હૂંડી અને સુદામાના તાંદુલના પ્રસંગમાં પણ આ જ વાત કહી છે. સેવાને સમર્પિત, પોતાની મસ્તીમાં ઓતપ્રોત, સેવકના પરિવારની ચિંતા ખુદ ભગવાન કરે છે. જેમ કે, ભગવાન શ્રીકૃષ્ણ! સમાજના શ્રેષ્ઠીઓ માટે આ પણ એક સૂચક દષ્ટાંત જ છે.

**સમાજસેવાની ધૂન એક જાતનો નશો છે. તેમાં ઓતપ્રોત થઈ જતાં બધું જ ભૂલાઈ જાય છે. હું કેટલી બધી વખત મારા બાળકોને સંસ્થામાં ભૂલીને ઘરે ગયો છું.**



**ડૉ. પ્રાણજીવન મહેતા**

## મારા સાથીઓ

અર્થોપાર્જનની ચિંતા છોડી, ચીટકીને બેસી જવાથી જ એકએકથી ચડિયાતી સંસ્થાનું સર્જન હું કરી શકયો. આ સેવાયજ્ઞ લોકભાગીદારીનો એક પ્રયોગ રહ્યો છે. હું એક નિમિત્ત માત્ર છું. ખરેખર તો અનેક લોકો ખભેખભા મિલાવીને, હોંશેહોંશે આ યજ્ઞમાં જોડાયા, તેમાં અંતુભાઈ રાવળ, મફતભાઈ અને કાંતિકાકા જેવા સાથીઓ મળ્યા-જે સંઘર્ષ અને સર્જનમાં કોઈ મતભેદ વગર હંમેશાં સાથે રહ્યા. આ સાથી મિત્રોએ દરેક નિર્ણયમાં સહયોગ કર્યો. મારા દરેક સૂરમાં સૂર મિલાવે એવા સાથીઓ એ મારું સદ્ભાગ્ય રહ્યું છે. તેમજ વાલીઓ, શિક્ષકો, નાનામોટા કર્મચારીઓ, કાર્યકર્તાઓ અને દાતાઓએ યથાશકિત આહૂતિ આપીને, સમાજસેવાની ભાવનાને જીવંત રાખી છે. જેના ફળ હજારો-લાખો, વંચિત દિવ્યાંગોના દ્વાર સુધી આજે પહોંચી રહ્યાં છે. આજે સિત્તેર પંચોતેર વરસની અવિરત જહેમતના અંતે, સંસ્થા પરિવારમાં એક પ્રકારનું કલ્ચર વિકસ્યું છે. જે વર્ષોના વર્ષો સુધી, આ સેવાયજ્ઞની ધૂણીને ધખાવેલી રાખશે તેવી મને શ્રદ્ધા છે.

# ઝિંદાદિલ સાથી અંતુભાઈ રાવળ

ઉપાશ્રયનાં ઓટા ઉપરથી શરૂ થયેલી મારી યાત્રામાં ઘણાં સાથી મિત્રો જોડાતા ગયા અને છૂટતા ગયા. પરંતુ બે સાથી છેવટ સુધી ટકી રહ્યા. તે અંતુભાઈ રાવળ અને મફતભાઈ.

## ડરે એ અંતુ રાવળ નહીં



અંતુભાઈ રાવળ મૂળે ડાબેરી વિચારસરણીના માણસ. મહેનતકશ મજદૂરોનાં હમદર્દ. શ્રમજીવીઓની ક્રાંતિથી દુનિયા આખી લાલ રંગથી રંગાય જશે એવો દૃઢ વિશ્વાસ એ ધરાવે. જોમ અને જુસ્સાથી ભરેલા આ એક્ટિવિસ્ટ રેલવેમાં ગાર્ડની નોકરી કરે. જીવ રાજકારણનો. પાલિતાણામાં કૉંગ્રેસનાં ઉમેદવાર જોરશીંગ કવિ ધારાસભાની ચૂંટણી લડે. ગયા વિરુદ્ધ પ્રચાર કરવા. રેલવેની નોકરી ગુમાવી. પોતે ભારોભાર પ્રામાણિક અને નિષ્ઠાવાન. નાની ઉંમરમાં ભણતા ભણતા કાન્તાબેન સાથે લગ્ન થઈ ગયેલા. બાળબચ્ચાં, ઘરની જવાબદારી, આર્થિક સંકડામણમાં સંઘર્ષ કરતા રહ્યા. રહેમરાહે ફરી રેલવેની નોકરી મળી. તે જીવનભર આવકનું એકમાત્ર સાધન હતું, પરંતુ ડરે તો એ અંતુ રાવળ નહીં. વૅસ્ટર્ન રેલવે એમ્પ્લૉઇઝ યુનિયનનાં નેજા નીચે તેમનું નેતૃત્વ દેશભરમાં ઊભરી આવ્યું. રેલવેની રાષ્ટ્રીય હડતાલમાં ઘરપકડ વહોરી મહિનાઓ સુધી જેલ વેઠી.

## ખભેખભા મિલાવીને

આવા એક્ટિવિસ્ટ અંતુભાઈ રાવળનાં જીવનની બીજી બાજુ હતી સામાજિક સેવા. આમ તો, લાલ બિરાદરો સામાજિક સેવા દ્વારા ક્રાંતિમાં વિશ્વાસ ધરાવતા નથી. ક્યારેક એ નિખાલસ ભાવે કહેતા પણ ખરા કે, “હું માત્ર અને માત્ર તમારું માનવસેવાનું કામ જોઈને જોડાયો છું.” એ ટ્રેડ યુનિયનની વ્યસ્ત કામગીરીમાંથી સમય કાઢીને પણ આવે. કલાકોના કલાકો કામ કરતાં થાકે નહીં. મૅનેજમેન્ટ, કો-ઑર્ડિનેશન અને પબ્લિક રિલેશનમાં તે એક્સ્પર્ટ. મારા દરેક કામમાં એ હંમેશાં સાથે રહ્યા. અમારી થિંક ટૅકના એ સાથી. તેના વગર ચાલે નહીં. મીટિંગો અને પ્રવચનો કરીને તેઓ મારું કામ હળવું કરી દેતા. અપંગ સંસ્થા સંચાલક સંઘની સરકાર સામેની લડત કહો કે મારી મ્યુનિસિપલ કોર્પોરેટરની ચૂંટણી કહો, ખભેખભા મિલાવીને એ મારી સાથે હતા. સંસ્થાઓનાં વિકાસમાં એમનું મહત્ત્વનું યોગદાન રહ્યું.

**ક્યારેક એ નિખાલસભાવે કહેતા પણ ખરા કે, ‘હું માત્ર તમારું માનવસેવાનું કામ જોઈને જોડાયો છું.’**

આવા સાથી અંતુભાઈ રાવળનું તા. ૧૪-૦૯-૨૦૧૭ નાં ટૂંકી બીમારીમાં ૯૦ વર્ષની વયે નિધન થયું અને એક ઝિંદાદિલ સાથીની ન પુરાય તેવી ખોટ પડી.

# ત્રિપુટીમાં એક મફતભાઈ



ઉપાશ્રયના ઓટા પરના મારા બીજા સાથી તે મફતભાઈ. એમનું ખરું નામ મારી જેમ અનંત શાહ. સંસ્થાનાં અમે ત્રણ સૂત્રધાર. ત્રણેયનાં નામ અનંત! કેવો યોગાનુયોગ! પછી ખુશી ખુશી લોકો અમને અનંત ત્રિપુટી કહેવા લાગ્યા.

મફતભાઈ બાળ કલાકાર તરીકે સંસ્થામાં જોડાયેલા. પિતાજીનો હાર્મોનિયમ વગાડવાનો શોખ તેને વારસામાં મળેલો. કલ્યાણ કેન્દ્ર તરફથી અમારા વૉર્ડમાં યુવાનોનું સંગઠન રચવા એક સાંસ્કૃતિક કાર્યક્રમ થવાનો હતો. તેની પ્રેક્ટિસમાં મોટા મોટા કલાકારો વચ્ચે બાળકલાકાર મફતભાઈ હાર્મોનિયમ ઉપર બેસીને સૂર રેલાવતા હોય, એ જોઈને અમે રોમાંચ અનુભવતા. ત્યારની ઘડી ને આજનો દિવસ. મફતભાઈ હંમેશાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિદર્શન કરીને સંસ્થાને એક નવી ઊંચાઈ પર લઈ ગયા છે.

**મોટા કલાકારો વચ્ચે બાળકલાકાર મફતભાઈ હાર્મોનિયમ ઉપર બેસીને સૂર રેલાવતા હોય એ જોઈને અમે રોમાંચ અનુભવતા.**

## કુશળ ઍડમિનિસ્ટ્રેટર

પછી નવજવાન સંઘની સ્થાપના થઈ. દરબારગઢ વૉર્ડમાં રહેતા હોય એ જ સભ્ય થઈ શકે. મફતભાઈ બહાર રહેતા હતા. અમારે તેને સાથે લેવા હતા. બંધારણમાં ખાસ પ્રોવિઝન કર્યું. સાથે લીધા તે લીધા! આજ સુધી ફરજ નિભાવી રહ્યા છે. ગ્રેજ્યુએટ થઈને એ સેન્ટ્રલ સૉલ્ટ રિસર્ચમાં જોડાયા, લાઈબ્રેરિયન થયા. મિતભાષી મફતભાઈ ઍડ્મિનિસ્ટ્રેશનમાં બહુ કુશળ. સંસ્થામાં મને તેમનાં જ્ઞાનનો સારો લાભ મળ્યો.


ગ્રંથાલય એ તેમનો પ્રિય વિષય. અમારી દરેક સંસ્થામાં એક એક સારું પુસ્તકાલય, વાંચનાલય અને ટૉય લાઈબ્રેરી ઊભી કરવામાં આવી છે. તે મહદંશે મફતભાઈનું પ્રદાન છે. તેમાં પણ બહેરાં મૂંગા શાળાનાં પુસ્તકાલય માટે તેમનો વિશેષ લગાવ રહ્યો છે. ટ્રેનિંગ કૉલેજ માટે દુનિયાભરમાં સંદર્ભ ગ્રંથો વસાવવા માટે તેમનાં વિઝનને દાદ આપવી પડે. આજે આ પુસ્તકાલય અલભ્ય પુસ્તકોના વારસાથી સમૃદ્ધ છે. તેની નોંધ UNESCO એ પણ લીધી છે. આ પુસ્તકાલયને જાળવવામાં અને તેને અર્થપૂર્ણ રીતે ઉપયોગી બનાવવામાં કુશળ લાઈબ્રેરિયન મીનાબહેન ઠાકર અને ચેતનાબહેન મુલાણીનો સહયોગ અને જયંતભાઈ મેઘાણીનું માર્ગદર્શન મફતભાઈને મળ્યું , તે તેનું સદ્ભાગ્ય છે.

આ બધું તો એમણે સૉલ્ટની નોકરી સાથે કર્યું. રિટાયર્ડ થયા પછી પૂરો સમય સંસ્થાને સમર્પિત કર્યો. તે સમયે અંકુર સંસ્થાનું નવું કેમ્પસ તૈયાર થઈ ગયું હતું. કોઈ ચીટકીને બેસે એવા વિઝનરીની જરૂર હતી. તેમણે મારી વાત સ્વીકારી. એક દશકામાં અંકુરને ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાની હરોળમાં લાવી મૂકી.

સેવાને સમર્પિત આવા સાથી મફતભાઈ હંમેશાં મારા સૂરમાં સૂર પુરાવતા આવ્યા છે અને એ જ સંસ્થાનાં વિકાસનું રહસ્ય છે.

**તે સમયે અંકુર સંસ્થાનું નવું કૅમ્પસ તૈયાર થઈ ગયું હતું. કોઈ ચીટકીને બેસે એવા વિઝનરીની જરૂર હતી. તેમણે મારી વાત સ્વીકારી. એક દશકામાં અંકુરને ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાની હરોળમાં લાવી મૂકી.**

# કરકસરનો બીજો ભાઈ કાંતિકાકા



એમનું નામ કાંતિલાલ લલ્લુભાઈ મહેતા. એ આખા ગામમાં 'કાકા' તરીકે જાણીતા. ભણતર ઓછું પણ એ ભલભલાને ભણાવી દે એવા કાબેલ. કાકા કોઈ પણ વિષય હાથમાં લે એટલે તેના મૂળ સુધી પહોંચ્યા વગર રહે નહીં. કોઈ વસ્તુની કિંમત આંકવી હોય ત્યારે કાકા કામ આવે. એ વેપારીનો કસ કાઢી નાંખે. ભાવમાં એવા કસે કે પેલાને ઘરનાં જોડવા પડે. તો પણ "ભઈલા, તું બે પૈસા રળી ખા એમાં હું રાજી છું." એમ પાછા કહેતા જાય. આવા કાકાને અમે સામે ચાલીને બહેરા-મૂંગાં શાળાનાં ટ્રસ્ટમાં ટ્રેઝરર બનાવ્યા. તે સમયે શાળાનું મકાન બંધાતું હતું. અમારો એકાઉન્ટન્ટ નબળો હતો. ટ્રસ્ટી ચંદુકાકા પાકા ગાંધિયન. હિસાબ તો રોજ કોઈએ જોવો જોઈએ એવો તેનો આગ્રહ. પણ જુએ કોણ? અમે ત્રણ અનંત, એકાઉન્ટમાં ઢ.

## કાકા સેવાના રંગે રંગાયા

થયું એવું કે, કાંતિકાકાનાં બે દીકરા શ્રવણમંદ. અમારી શાળામાં ભણે. મફતભાઈએ સુઝાવ આપ્યો. અમે કાકાની ફેકટરી ઉપર ગયા. મનાવીને લઈ આવ્યા સંસ્થામાં. કાકાએ બાળપણમાં કારમી ગરીબી ભોગવી હતી. અને ઘરમાં બે વિકલાંગ બાળકોની વેદના ભોગવતા હતા. આવા કાકાના હૃદયમાં સંવેદનાનું ઝરણું વહેવાનું શરૂ થયું. અમારી ત્રિપુટીમાં કાકા એસેટ બની ગયા. સેવાનો રંગ લાગ્યો. દિવસ ને રાત જોયા વગર લાગી પડયા સંસ્થાનાં કામમાં. પોતાનો ધંધો ભૂલી ગયા. અમારી ત્રિપુટીમાં ચોથા કાકા ભળ્યા. સ્વભાવે નરમ. પરોપકારી, કોઈપણ મુશ્કેલીમાંથી રસ્તો કાઢે એવા વિચક્ષણ.

**કાકાએ બાળપણમાં કારમી ગરીબી ભોગવી હતી અને ઘરમાં બે શ્રવણમંદ બાળકોની વેદના ભોગવતા હતા. આવા કાકાના હૃદયમાં સંવેદનાનું ઝરણું વહેવાનું શરૂ થયું. અમારી ત્રિપુટીમાં કાકા એસેટ બની ગયા.**

કાકાનાં આગમનથી એકાઉન્ટ સંબંધી મારી ચિંતા મટી. એકાઉન્ટમાં નિયમિતતા વધી એટલે ક્રેડિટિબિલિટી વધી. કાકાએ જીવનના છેલ્લાં શ્વાસ સુધી કરકસરથી વહીવટ કરીને સંસ્થાને આર્થિક રીતે સધ્ધર બનાવી. તેના ફળ આજે મળી રહ્યા છે.

સંસ્થામાં હિસાબકિતાબની ટ્રાન્સ્પેરન્સી બહુ મહત્ત્વની હોય છે. કાંતિકાકા જેવા સાથીને કારણે લોકોનો વિશ્વાસ સંપાદન થઈ શકયો. સંસ્થાને સધ્ધર પાયા પર મૂકનારા આવા કાંતિકાકાનું ટૂંકી બીમારીમાં તા.૨૪-૦૯-૨૦૧૪ નાં નિધન થયું. સંસ્થાને ન પુરાય તેવી ખોટ પડી.

# ચંદુકાકા અમારા ગુરુ

## અનિલભાઈએ ચિંતાનો ઉકેલ બતાવ્યો

વડાપ્રધાન ઇન્દિરાજીએ ખાતમુહૂર્ત કર્યું એ પ્લાન મુજબની બહેરાં-મૂંગાં શાળાના પાયાનું બાંધકામ અમે શરૂ કરી દીધું હતું. બાંધકામ માટે ડોનેશન જોઈએ તે લાવી આપવાનો ઘણોખરો મદાર અનિલભાઈ ગાંધી ઉપર હતો. મોટા ડોનેશન લાવી આપવાનું હજુ અમારું ગજુ ન હતું. બરાબર ત્યારે જ, અનિલભાઈએ તેનો મેડિકલ સ્ટોર બંધ કરીને, કાયમ માટે બૅંગ્લોર જવાનું જાહેર કર્યું. વાત સાંભળીને, 'હવે ડોનેશનનું શું થશે?' તેની ચિંતા થવા લાગી, ત્યારે તેના કાકા ચંદુલાલ અમરશી ગાંધીને ટ્રસ્ટમાં લેવાનું સૂચન કરીને, અનિલભાઈએ જ ચિંતાનો ઉકેલ બતાવ્યો. ચંદુકાકા ઇન્સ્યુરન્સના વ્યવસાયમાંથી નિવૃત્ત થયા હતા. મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે તેઓના સંપર્ક હતા. એ બધી વાત ખરી, પરંતુ બુઝુર્ગ કાકા અને અમારી ઉંમર વચ્ચે મોટો તફાવત હતો. વળી કાકા ચુસ્ત ગાંધીવાદી, સમય અને શિસ્તના આગ્રહી. તેમનો અને અમારો મેળ કેમ કરીને થાશે? એવી શંકા મનમાં હતી. બહુ વિચાર કર્યા પછી પણ કોઈ વિકલ્પ સૂઝતો ન હતો એટલે

**ખરું કહું તો ચંદુકાકા અમારા ગુરુ નીવડ્યા. તેણે ફંડ એકત્રિત કરવાનો ગુરુમંત્ર અમને આપ્યો.**


ટ્રાય કરવામાં શું વાંધો છે? એમ મન મનાવીને અમે, ચંદુકાકાને ટીમમાં સાથે લીધા. કેટલીક વખત કોઈ ચોકકસ વ્યકિત માટે મનમાં એક ગ્રંથિ બંધાઈ જતી હોય છે, કહેવાતા ગાંધીવાદીઓ માટે એવી ગ્રંથિ અમારા મનમાં પણ હતી. પરંતુ ચંદુકાકાએ આ માન્યતા ખોટી પાડી. ખરું કહુ તો, ચંદુકાકા અમારા ગુરુ નીવડયા. તેણે ફંડ એકત્રિત કરવાનો ગુરુમંત્ર અમને આપ્યો. કાકા પોતે વીમા કંપનીના એજન્ટ રહી ચૂકયા હતા. ટાર્ગેટને કેવી રીતે ટ્રેપ કરવો તેમાં એ ભારે કુશળ હતા. હું શરૂઆતથી છેવટ સુધી, તેમની સાથે રહ્યો, તેમાંથી મને ઘણુંઘણું શીખવા મળ્યું જે ઉપયોગી નીવડયું.

વિદ્યાનગરમાં બહેરાંમૂંગાં શાળાનું મકાન બંધાતું હતું, તેની સામે ટેકરી ઉપર 'રામકૃપા' બંગલામાં કાકા બહોળા સંયુકત પરિવારમાં રહેતા હતા. આ 'રામકૃપા' નું કલ્ચર ગાંધી આશ્રમ જેવું હતું. ચંદુકાકાના

**શાળાનું મકાન બંધાતું હતું તેની સામે ટેકરી ઉપર 'રામકૃપા' બંગલામાં કાકા બહોળા સંયુક્ત પરિવારમાં રહેતા હતા. આ 'રામકૃપા'નું કલ્ચર ગાંધી આશ્રમ જેવું હતું.**

મોટાભાઈ ગંગાદાસભાઈ ગાંધીએ તેના પત્ની સાથે, ઘણાં વર્ષો સુધી ભાવનગર ખાતેની રકતપિત્તિયાઓની સંસ્થામાં રહીને સેવા કરી હતી. પૂરો પરિવાર ખાદીધારી. ઘરમાં રેંટિયો તો ચાલતો જ હોય. હંમેશાં સવાર-સાંજ 'રામકૃપા' માં સમૂહ પ્રાર્થના અને ભજન-કીર્તન થાય, તેમાં હાજરી આપવી એ જીવનનો એક લ્હાવો હતો.

## કાકા પોતે સ્વાવલંબી



કુટુંબમાં બનેલા કોઈ કરુણ બનાવના આઘાતમાં કાકાના પત્નીને પક્ષઘાત થઈ ગયો, તેવી વાત અમે સાંભળેલી. કાકાના પત્નીને અમે સૌ કાકીમા કહેતા. તે વર્ષોથી પથારીમાં હતાં. કાકા પોતે સ્વાવલંબી, પોતાનું બધું જ કામ જાતે કરે, સ્નાન કરી, પોતાનાં અને કાકીના કપડાં સુધ્ધાં ધોઈને પોતે જ સુકવે, બીજાને હરગીઝ ન આપે. સાથે કાકીમાની સારસંભાળ પણ લેતા રહે. આવી વ્યસ્ત દૈનિક પ્રવૃત્તિ છતાં કાકાએ, યુવાનોને શરમાવે એવી ત્વરાથી સંસ્થામાં કામ શરૂ

કર્યું. લોકસંપર્ક અને ફંડ મેળવવાની તેમની રીત અનોખી હતી. તેમાં કેટલીક વખત માનપાન મળતાં, તો કેટલીક વખત અપમાનનાં કડવા ઘૂંટડા ગળી જવા પડતા. પરંતુ થાકે કે હારે એ બીજા. કોઈ તેને રોકે તો કહે, "માગવામાં શરમ શેની ? હું ક્યાં મારા માટે માગું છું?"કાકાનું વ્યક્તિત્વ, અને પ્રતિભાનો લોકો ઉપર પ્રભાવ. તેથી લોકો દાન આપતાં પરંતુ ક્યારેક દાન આપવાની ઈચ્છા ન હોય તો પણ કેટલાક લોકો કાકાને મોઢે ના પાડી શકતા નહીં, એટલે, "જોઉં છું, વિચાર કરું છું, ઘરમાં ચર્ચા કરીને કહીશ." એમ કહીને કાકાને રવાના કરી દીધાનો સંતોષ માનતા. પરંતુ આ તો કાકા! જમાનો ખાધેલ હતા. થોડો સમય જાય, ત્યાં પાછી ઉઘરાણી કરે, પેલા ભાઈ ફરી કાંઈક બહાનું બતાવે, અને છૂટી જાય અને હવે ક્યાં પાછા આવવાના છે એમ સમજે, પણ ત્યાં તો પાછા કાકા જઈને ઊભા જ હોય. ક્યારેક લોકો એટલાં કંટાળી જતા કે ઘરમાં હોય તો પણ બહાર ગયા છે, એમ કહી દેતા ત્યારે, "હું તમારા ઘરમાં બેઠો છું. વાંધો નથી ને ?" એમ કહીને કાકા જવાબ દેનારને દ્વિધામાં મૂકી દેતા. કોઈ વખત સામેવાળા કાકાનો અવાજ સાંભળીને ફોન કાપી નાખતા ત્યારે તે મને કહેતા, "તું આ નંબર જોડ, એ વાત શરૂ કરે એટલે ફોન મને આપી દેજે." કાકાના આ ચોંટદુક સ્વભાવને કારણે છેવટે કેટલાક લોકો કાકાથી છૂટવા કાંઈક નાનુંમોટું ડોનેશન પણ કરી દેતા.

## ડિનર ડિપ્લોમસી

ડોનેશન કરવાની ધૂન, કાકાને એટલી હદે હતી કે કોઈ તેને જમવાનું આમંત્રણ આપે એટલે તુરત જ સ્વીકારી લેતા. આ તેની ડિનર ડિપ્લોમસી હતી. ડોનેશન મેળવવામાં ઘનિષ્ટ સંબંધો બહુ ઉપયોગી નીવડે છે. થાળી પીરસાય અને યજમાન જમવાનું ચાલુ કરવાનું કહે, એટલે કાકા થેલીમાંથી સંસ્થાનાં ડોનેશનની પહોંચબુક કાઢીને, સામે ધરીને કહે, "પહેલાં આમાંથી પહોંચ ફડાવો, પછી હું જમીશ, મારી આ ટેક છે." આમ, કાકા મોકો જોઈને એવો દાણો દબાવે કે પેલાએ તેને રાજી કર્યે જ છૂટકો થાય. જોકે ઘણા લોકો કાકાની આ નિઃસ્વાર્થ સેવાભાવનાની કદર કરતા હતા અને પ્રેમથી નાનુંમોટું દાન હંમેશાં મોકલતા રહેતા.

દાન નાનું હોય કે મોટું, આપણે દાતાને ન ભૂલવા જોઈએ. તે માટે અમે એક ડાયરી મેન્ટેન કરવાનું કાકા પાસેથી શીખ્યા હતા. તેમાં નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ કે મૅરેજ ઍનિવર્સરીની તારીખ વગેરે રાખવાની પ્રથા શરૂ કરેલી. એટલે પ્રસંગોચિત નિમંત્રણ કાર્ડ, સંસ્થાનું હાઉસ મૅગેઝિન 'કોશિશ', રિપોર્ટ વગેરે વર્ષોના વર્ષ દાતાને મળ્યા કરે, એવી વ્યવસ્થા ઊભી કરી શકયા. પરિણામે દાતા પરિવાર અને સંસ્થા વચ્ચે આત્મિયતાનો એક સેતુ બંધાયો. તેનાથી સંસ્થાના શુભ ચિંતકોનું વર્તુળ મોટું ને મોટું થતું ગયું. આમ, બહેરાંમૂંગાં શાળા ઉપરાંત, પી.એન.આર.સોસાયટી અને તેની



**સેવામાં સમર્પિત ચંદુકાકાની પ્રતિમાનું અનાવરણ કાકીમાના વરદ્ હસ્તે સંસ્થામાં કરવામાં આવ્યું. વચમાં ચેતન ગાંધી, કૌમુદિનીબહેન.**

**દાન નાનું હોય કે મોટું, આપણે દાતાને ન ભૂલવા જોઈએ. તે માટે અમે એક ડાયરી મેઈન્ટેઈન કરવાનું કાકા પાસેથી શીખ્યા હતા. તેમાં નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ કે મૅરેજઍનિવર્સરીની તારીખ વગેરે રાખવાની પ્રથા શરૂ કરેલી.**

સાથેની સંલગ્નિત સંસ્થાઓના ભાવી વિકાસનો પાયો નખાયો. ખરા અર્થમાં દાનની સરવાણી વહેવડાવવાની શરૂઆત આ રીતે ચંદુકાકાની એન્ટ્રી અને અનિલભાઈના એક્ઝિટથી થઈ. તેને એક સંયોગ સમજવો કે કાગનું બેસવું ને ડાળને પડવું, કેવો યોગાનુયોગ? એ એક ગહન પ્રશ્ન મારા મનમાં હંમેશાં રહ્યો છે. તા. ૦૭-૦૨-૧૯૮૨ નાં રોજ ટૂંકી બીમારીમાં કાકાનું નિધન થયું. સંસ્થાને એક કાર્યકરની ખોટ પડી.

# મારા સપનાની શાળા

## ખંડિત સપના

શાળાનું મકાન બાંધવા માટે મળેલો પ્લોટ ભાવનગર રાજ્યના સમયથી પથ્થરની ખાણનો ઊંડો ખાડો હતો. જેમજેમ પાયાના ખોદકામમાં ત્રિકમ અને ઘણ વાગતા જતા હતા, તેમતેમ એક આદર્શ શાળા બાંધવાના મારા સપનાં જાણે વેરવિખેર થઈ રહ્યાં હતાં. આ ચીલાચાલુ મકાન જેવા પ્લાનથી મને સંતોષ ન હતો અને મારા સપનાંની શાળાનો પ્લાન બનાવી આપે તેવા, કોઈ આર્કિટેક્ટ મળતા ન હતા. છેવટે હું થાક્યો, હાર્યો અને બાંધછોડ કરવા તૈયાર થયો હતો. પરંતુ તેમાં આનંદ અને ઉમંગનો અભાવ હતો. એવામાં ન ધાર્યું હોય એવો, એક બનાવ બન્યો!, એ કેમ બન્યું તેનું રહસ્ય હું આજે પણ પામી શક્યો નથી. પરંતુ આ એક બનાવને કારણે મારા ખંડિત સપનાં સાકાર થયાં.

સાથી કાર્યકર અંતુભાઈ રાવળ, રેલવેમાં ગાર્ડની નોકરી કરે. તેઓ અમદાવાદથી ભાવનગરની રાત્રિની ટ્રેન લઈને આવતા હતા, એ ટ્રેનના ફર્સ્ટ ક્લાસમાં એક ઊંચો, કદાવર, પ્રતિભાશાળી યુવાન મુસાફરી કરે. હરકોઈ સાથે વાતો કરવા અને મિત્રતા કેળવવા ટેવાયેલા અંતુભાઈએ, જિજ્ઞાસાથી પેલા યુવાનને ક્યાંથી આવો છો? ક્યાં જવું છે? શું કરો છો? એવા પ્રશ્નો કર્યા. એ ધનસુખ ભટ્ટ, વ્યવસાયે આર્કિટેક્ટ, ભણવા માટે અમેરિકાની વિશ્વવિખ્યાત યેલ યુનિવર્સિટીમાં ગયેલા. હવે અમદાવાદમાં ઑફિસ શરૂ કરી ને ભાવનગરના વિદ્યાનગરમાં રહેતા, વૃદ્ધ માતાને મળવા આવી રહ્યા હતા. 'એક સ્પેશિયલ સ્કૂલ બાંધી રહ્યા છીએ અને અમારે આર્કિટેક્ટની જરૂરત છે.' તે માટે અંતુભાઈએ આ યુવાન આર્કિટેક્ટને વાત કરી, બીજે દિવસે મળવાનું નક્કી કર્યું.

**મને ખાતરી થઈ ગઈ કે આ માણસ મારી પરિકલ્પનાને આબેહૂબ કંડારી આપશે.માત્ર એક જ વાત સમજાતી ન હતી તે, લાખ પ્રયત્ન છતાં કોઈ આર્કિટેક્ટ મળતા ન હતા અને જ્યારે સાવ આશા મૂકી દીધી ત્યારે, આમ અચાનક આનો ભેટો થયો, એને ચમત્કાર સમજવો કે યોગાનુયોગ ?**

નક્કી થયા મુજબ બીજા દિવસે સવારે ધનસુખ ભટ્ટને તેના ભાઈના ઘરે મળ્યા. શ્રવણમંદ બાળકો માટે દેશમાં એક નમૂનેદાર શાળા બાંધવાની અને તેમાં વિવિધ સુવિધાઓ ઊભી કરવાનાં આયોજનની વાત તેને કરી. ધનસુખ ભટ્ટે, સ્પેશિયલ સ્કૂલ અંગે તેના અમેરિકાના અનુભવો અને અહીંની સ્થાનિક-ભૌગોલિક પરિસ્થિતિ, આબોહવા, સંસ્કૃતિ, લોકોનું જીવનધોરણ, રહેણીકરણી અને મકાન બાંધકામ માટે ભાવનગર અને તેની આજુબાજુના કુદરતી સંસાધનોની ઉપલબ્ધિ અંગે વિશેષ ચર્ચા કરી. સ્પેશિયલ સ્કૂલ અંગે પોતાના વિચારો દર્શાવ્યા, ત્યારે મને ખાતરી થઈ ગઈ કે આ માણસ મારી પરિકલ્પનાને આબેહૂબ કંડારી આપશે. માત્ર એક જ વાત સમજાતી ન હતી તે, લાખ પ્રયત્ન છતાં કોઈ આર્કિટેક્ટ મળતા ન હતા અને જ્યારે સાવ આશા મૂકી દીધી ત્યારે, આમ



**ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ - ડાબેથી લાભુભાઈ સોનાણી, અંતુભાઈ રાવળ, બાબાભાઈ, મનુભાઈ શેઠ, મહાસુખભાઈ જકડિયા, મૃદુલાબહેન દેસાઈ, પ્રમિલાબહેન ખારા પાછળ નરેન્દ્ર શેઠ અને ભાસ્કરભાઈ ભાવસાર**

**કટોકટીના સમયે જ સંસ્થાઓમાં નેતૃત્વની કસોટી થતી હોય છે, હું એ કસોટીમાંથી પાર ઊતર્યો અને ઈતિહાસ પલટાઈ ગયો. કાગળના સ્કેચ પરથી, બાળકોના સ્વર્ગ સમી એશિયાની નમૂનેદાર શાળાને ધરતી પર કંડારી શક્યાં.સંસ્થાની સફળતાનું રહસ્ય, મહદ્ અંશે તેનું બેનમૂન બાંધકામ, આજુબાજુનું વાતાવરણ, તેમાંથી ઉદ્ભવતી એક શિસ્ત અને ગરીમાને ફાળે જાય છે**

અચાનક આનો ભેટો થવો, એને ચમત્કાર સમજવો,કે યોગાનુયોગ?

અમે ધનસુખ ભટ્ટને સાઈટ જોવા લઈ ગયા. બાંધકામ ચાલુ જોઈને ટકોર કરી, 'તમે પાયા ખોદી અને પ્લિંથ તો ચણી નાંખી છે. હવે હું કેવી રીતે ઉપયોગી થઈ શકીશ?' 'તમે પ્લાન બનાવી આપો તો અમે આ કામ અટકાવી દઈએ.' એ જવાબ સાંભળી તૈયાર થયા. પંદરેક દિવસ પછી તેઓ પ્લાનના સ્કેચ લઈને આવ્યા. જોતાં જ ગમી જાય તેવા સ્કેચ, જાણે હમણાં જ રંગો ભરીને પ્રાણ પૂરી દઈએ! ચાલુ બાંધકામ અટકાવી, આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટ પાસે ફાઈનલ પ્લાન કરાવવાનો અને તે મુજબ બાંધકામ કરવાનો નિર્ણય કર્યો ત્યારે, કેટલાક સભ્યોને આ વાત રુચિ નહીં. 'આર્કિટેક્ટ કરી કરીને શું કરી દેશે ?' તેવી કેટલાકની માન્યતા હતી. કરેલું બાંધકામ તોડીને પાયા પૂરી દેવાની નુકસાનીનો પણ મુદ્દો ચગ્યો, તો કોઈએ કહ્યું કે આવું ગાંડપણ ન કરાય, તો કોઈ સહમત ન થવાથી સભા છોડી પણ ગયા. પરંતુ આવી કટોકટીના સમયે જ સંસ્થાઓમાં નેતૃત્વની કસોટી થતી હોય છે, હું એ કસોટીમાંથી પાર ઊતર્યો અને ઈતિહાસ પલટાઈ ગયો. કાગળના સ્કેચ પરથી, બાળકોના સ્વર્ગ સમી એશિયાની નમૂનેદાર શાળાને ધરતી પર કંડારી શક્યા. સંસ્થાની સફળતાનું રહસ્ય, મહદ્અંશે તેનું બેનમૂન બાંધકામ, આજુબાજુનું વાતાવરણ, તેમાંથી ઉદ્ભવતી એક શિસ્ત અને ગરિમાને ફાળે જાય છે. જોકે આ કોઈ એક વ્યક્તિનું પ્રદાન નથી. પાંચ દાયકા સુધી અનેક લોકોએ સંઘ ભાવનાથી કરેલ સહિયારા સંઘર્ષની આ ગાથા છે, જે આ ઇમારતના એક એક પથ્થરમાંથી અવિરત ગુંજતી રહેશે ને આમ, સ્વર્ગ સમી આદર્શ શાળાનું મારું સપનું ખંડિત થતાં રહી ગયું. ગુજરાત રાજ્ય સરકારે રાજ્યની શ્રેષ્ઠ સંસ્થા (૧૯૯૪) નો એવોર્ડ આપીને વર્ષ ૨૦૦૧ માં સંસ્થાને સન્માનિત કરી.

ભારત સરકારનાં ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ જસ્ટિસ ઍન્ડ ઍમ્પાવરમેન્ટ તરફથી પણ વર્ષ ૨૦૧૧ માં શ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ સ્વીકારવાનું સદ્ભાગ્ય મને સાંપડયું હતું.


**વર્ષ ૧૯૬૧ થી ૨૦૧૮ સુધીમાં શ્રવણમંદ લાભાર્થીઓ**

| | |
|---|---|
| શિક્ષણ | ૨,૧૬૮+ |
| છાત્રાલય | ૧,૬૩૪+ |
| નિદાન, તપાસ, માર્ગદર્શન | ૪૦,૦૦૦+ |

**ભારત સરકાર તરફથી શ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ કેન્દ્રીયમંત્રી નેપોલિયનના વરદ્ હસ્તે સ્વીકારવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું.**







# એક અદ્‌ભુત અને અનોખા સંકુલનું સર્જન

શ્રવણમંદ બાળકોના શિક્ષણની જરૂરિયાતને અનુરૂપ ખાસ ડિઝાઈન કરેલું બહેરાંમૂંગાં શાળાનું મકાન તેની વિશિષ્ટ શૈલીને કારણે ચીલાચાલુ શાળા કરતાં જુદી જ ભાત પાડતું આવ્યું છે. આ ક્ષેત્રમાં પ્રવૃત્ત તજજ્ઞો, મુલાકાતીઓ, જિજ્ઞાસુઓ અને પોતાના વતનમાં આવી શાળા શરૂ કરવા માગતા દાતાઓને જ્યારે જ્યારે મળવાનું થયું છે ત્યારે 'અમારે શાળા બનાવવી છે તો કેવી બનાવવી જોઈએ ? તમને આવી શાળા અને મકાન બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો?' એવા પ્રશ્નો સામાન્ય રીતે પુછાતા આવ્યા છે.આદર્શ શાળા કેવી હોવી જોઈએ? અને તેમાં પણ વિકલાંગ બાળકોની વિશિષ્ટ શાળા કે તેનું મકાન કેવું હોવું જોઈએ? એ માટે ઘણું બધું કહી શકાય. પરંતુ જો એક વાક્યમાં કહેવું હોય તો 'બાળક શાળામાંથી ભાગીને ઘરે જવાને બદલે, ઘરેથી ભાગીને શાળામાં આવે, એનું નામ આદર્શ શાળા.' જ્યારે આમ કહુ છું ત્યારે તેમાં ઘણું બધું આવી જાય છે. કારણ કે આપણે ગમે તેટલું સુંદર મંદિર બંધાવીએ, પરંતુ તેમાં આપણા અધિષ્ઠાતા દેવની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા ન કરીએ, ત્યાં સુધી ખાલીપો લાગે છે, તેમ માત્ર ચાર દીવાલોનું ખોખું બનાવવાથી કાંઈ શાળા બની જતી નથી. શાળા એ તો શિક્ષણની જીવંત પ્રક્રિયાનું એક ભૌતિક સાધનમાત્ર છે. બાળકો આ સરસ્વતી મંદિરના જીવતાજાગતા ભગવાન છે. તેને આપણે કેન્દ્રમાં પ્રસ્થાપિત કરશું ત્યારે, બાળકોમાં પોતાના ઘર કરતાં શાળાના ખેંચાણનો પ્રભાવ વધુ જોવા મળશે.

**આ અદ્‌ભુત અને અનોખું સર્જન કંઈ રાતોરાત નથી થઈ ગયું. જેમ બાળકને ધરતી પર જન્મ આપતા પહેલાં જનેતાને પ્રસવ પહેલાંની પીડા ભોગવવી પડે છે, તેવી જ રીતે અમે પણ કુદરતના સાન્નિધ્યમાં આ શિલ્પની શ્રેષ્ઠ પ્રતિકૃતિ સમી અદ્‌ભુત ઈમારતનું નિર્માણ કરતાં પહેલાં, કેટકેટલી પીડાઓમાંથી પસાર થયા છીએ.**

# શાળા જેલ જેવી તો ન જ હોવી જોઈએ

એટલું ચોક્કસ છે કે શાળા જેલ જેવી તો ન જ હોવી જોઈએ. જેલ કેવી હોવી જોઈએ તેનો ક્રાંતિકારી વિચાર ફિલ્મ અદાકાર અને નિર્માતા (દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડથી સન્માનિત) વ્હી. શાંતારામે તેની ફિલ્મ, ''દો આંખે બારહ હાથ''માં આપ્યો હતો. એવી રીતે મુક્ત અને નિર્ભય વાતાવરણ માટે, દીવાલ વગરની શાળા પણ એક આદર્શ વિચાર છે. આપણા ઋષિ-મુનિઓની આશ્રમશાળાઓ તેનું ઉત્તમ ઉદાહરણ છે. કુદરતના સાન્નિધ્યમાં, વૃક્ષોની શીતળ છાયા નીચે અધ્યયનની જે મજા છે, તે ચાર દીવાલોનાં બંધિયાર વર્ગખંડમાં નથી. પરંતુ ઠંડી, ગરમી, વરસાદ જેવાં કુદરતી પરિબળો ઉપર આપણો કાબૂ નથી, એટલે માથે છત્ર (શેલ્ટર)નો પણ વિચાર કરવો પડે. વળી શ્રવણમંદ બાળકોનાં સ્પેશિયલ એજ્યુકેશનમાં હિયરિંગ એઇડ, ગ્રૂપ હિયરિંગ એઇડ અને એલ.સી.ડી. જેવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનું પણ મહત્ત્વ છે, એટલે વર્ગખંડ તો જોઈએ જ, પરંતુ તે ચાર દીવાલની બંધિયાર જેલ ન બની જાય તેની કાળજી રાખીને અમે, શ્રવણમંદ બાળકોની એક વિશિષ્ટ શાળાનું સર્જન કર્યું છે. આ અદ્‌ભુત અને અનોખું સર્જન કંઈ રાતોરાત નથી થઈ ગયું. જેમ બાળકને ધરતી પર જન્મ આપતાં પહેલાં જનેતાને પ્રસવ પહેલાંની પીડા ભોગવવી પડે છે, તેવી જ રીતે અમે પણ કુદરતના સાન્નિધ્યમાં આ શિલ્પની શ્રેષ્ઠ પ્રતિકૃતિ સમી અદ્‌ભુત ઈમારતનું નિર્માણ કરતાં પહેલાં, કેટકેટલી પીડાઓમાંથી પસાર થયા છીએ. પરંતુ જેમ પ્રસવ પીડા પછી નવજાત શિશુનું મોઢું જોતાં જ જનેતા બધી જ પીડા ભૂલીને આનંદવિભોર બની જાય તેમ, આજે સાઠ વરસને અંતે અમે કાંઈક આવી જ લાગણીનો અનુભવ કરી રહ્યા છીએ.



# 'એક વિચાર જ્યારે ચિત્તનો કબજો લે છે'

## શ્રવણમંદોના શિક્ષણની સમસ્યા

બહેરાંમૂંગાં શાળાની સ્થાપના પછી, શ્રવણમંદોના શિક્ષણની સમસ્યાનો અભ્યાસ કરવાનું થયું. તે સમયે ગુજરાતમાં જૂનાગઢ અને મહેસાણામાં કહેવા પૂરતી સરકારી શાળાઓ હતી. આ શાળાઓ અને છાત્રાલયોના ખંડિયેર મકાનો, ભઠિયારખાના જેવા કાળા ડિબાંગ રસોડાં, તેમાં રહેતાં અને આજુબાજુ રખડતાં ભટકતાં ચીથરેહાલ, લઘરવઘર શ્રવણમંદ બાળકો, જાણે કે પાગલખાનું કે બાળ ગુનેગારોને ગોંધી રાખવાની ખુલ્લી જેલ જોઈ લો. તો બીજી બાજુ જરૂરી શૈક્ષણિક સાધનો વગરના વર્ગખંડ અને તેમાં કામ કરતા શ્રવણમંદોના શિક્ષણની ખાસ તાલીમ પામેલા શિક્ષકોના શૈક્ષણિક સ્તરની હાલત પણ, બાળકો કરતાં વધુ સારી ન હતી. જેને કાંઈક સારી શાળા કહી શકાય તેવી, એકમાત્ર અમદાવાદમાં આશ્રમરોડ પર આવેલી બહેરાં મૂંગાની શાળા હતી. વર્ષો પહેલાં આ સંસ્થાની શિલાન્યાસવિધિ મહાત્મા ગાંધીજીએ કરેલી. તે સંસ્થાના મંત્રી શ્રી પાંડુરંગભાઈ દેસાઈ સેવાના રંગે રંગાયેલા આજીવન ભેખધારી હતા.

પહેલાં દસ વર્ષ અમારી શાળા પણ અન્ય શાળાઓની જેમ જ ચાલતી રહી. તેને ચીલાચાલુ શાળા કહી શકાય, તેનાથી સંતોષ ન હતો. આવી જ સ્થિતિ ગુજરાત ઉપરાંત, દેશમાં અન્ય જગ્યાએ પણ જોવા મળતી. એ દિવસોમાં શ્રવણમંદ બાળકોને સામાન્ય શાળામાં શિક્ષણ લેવાનો અધિકાર ન હતો. જ્યારે બીજી બાજુ વિશિષ્ટ શાળાની આવી અવદશા હતી. આ વિશિષ્ટ શાળાના ખાસ તાલીમ પામેલા શિક્ષકોમાં પણ ઍડ્વાન્સ્ડ ટૅકનૉલૉજી અને વૈજ્ઞાનિક અભિગમ, તેમજ કુમળી વયે શ્રવણમંદ બાળકના બહેરાશના નિદાન માટે ઓડિયોગ્રામની બાળકમાં રહેલી રહીસહી (રીસિડ્યુઅલ) શ્રવણશકિતનો ફાયદો મેળવવા, એમ્પ્લીફિકેશન સિસ્ટમ જેવાં હિઅરિંગ એઈડનો ઉપયોગ, બાળકને સ્પીચ અને લેંગ્વેજની તાલીમ આપવા માટે શિક્ષકમાં જરૂરી કૌશલ્ય વગેરે, પાયાની જરૂરિયાતોનો અભાવ હતો. સાથો-સાથ ઘણી જગ્યાએ બેદરકારી, અજ્ઞાનતા અને ઘોર ઉપેક્ષા પણ જોવા મળતી. ખાસ તાલીમ લીધેલા શિક્ષકોની આ દશા હોય તો, શ્રવણમંદ બાળકોના વાલીને માર્ગદર્શન, સલાહ સૂચન, માહિતી માટે કાઉન્સેલિંગની તો વાત જ ક્યાં રહી! જ્યાં જુઓ ત્યાં અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓ ઘર કરી ગયેલી જોવા મળતી. કોઈ પૂર્વ જન્મના કર્મોને, તો કોઈ નસીબને, તો કોઈ બાળકની માતાને દોષ દેતાં, કોઈ દોરાધાગા, મંત્રતંત્રના ચમત્કારની આશામાં સાધુસંતો અને મહાત્માઓનું શરણ શોધતાં, કોઈ ઠગભગતો, જીભ ઉપર ચેકો મૂકીને કે બાળકને ડામ આપીને કે મંત્રેલું પાણી પીવડાવીને તેને બોલતા કરવાનો દાવો કરતા. પરંતુ આ રીતે કોઈ શ્રવણમંદ બાળક બોલતું થયાનું પૂરવાર થયું નથી. તેમ છતાં લોકો છેતરાતા, લૂંટાતા અને તેમના બાળકો, માનસિક તેમજ શારીરિક યાતનાનો સતત ભોગ બનતાં રહેતાં, પરંતુ ખરી પાયાની વાત કોઈ કરતાં નહીં, તે જોઈને હું આઘાત અનુભવતો.

**કોઈ પૂર્વ જન્મના કર્મોને, તો કોઈ નસીબને, તો કોઈ બાળકની માતાને દોષ દેતાં, કોઈ દોરાધાગા, મંત્રતંત્રના ચમત્કારની આશામાં સાધુસંતો અને મહાત્માઓનું શરણ શોધતાં, કોઈ ઠગભગતો, જીભ ઉપર ચેકો મૂકીને કે બાળકને ડામ આપીને કે મંત્રેલું પાણી પીવડાવીને તેને બોલતા કરવાનો દાવો કરતાં.**

## આપણે શ્રવણમંદોના શિક્ષણમાં સદીઓ પાછળ છીએ

ખરેખર તો આ શ્રવણમંદ બાળકો મૂંગા છે જ નહીં, તેની જીભ, ગળું કે સ્વરતંત્રમાં કોઈ ખામી નથી હોતી. આ બાળકો જન્મે બહેરાં છે, મૂંગા નથી. તેઓ

સાંભળી નથી શકતાં એટલે બોલી નથી શકતાં. સમધારણ બાળક ભાષા સાંભળે છે, પછી તેનું અનુકરણ કરતાં કરતાં બોલતાં શીખે છે. પહેલાં મહિનાઓ સુધી પા...પા..., મા...મા... એવો બડબડાટ, પછી એક એક શબ્દ અને પછી વાકય, એમ ધીમે ધીમે તેની વાણીનો વિકાસ થાય છે. બાળકને બોલતાં શીખવાની આ સહજ પ્રક્રિયા છે, કોઈ સમધારણ બાળક પણ કાંઈ રાતોરાત બોલતાં નથી શીખી જતું. તેને વાણી અને ભાષા વિકાસના ચોકકસ તબકકાઓમાંથી પસાર થવું પડે છે. આ સાદી અને સહજ વાતની જાણકારીનો પણ અભાવ જોવા મળતો હતો.

આ અસહ્ય અને અકળાવનારી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવો મુશ્કેલ જણાતો હતો. બરાબર તે વખતે, વિદેશમાં શ્રવણમંદ બાળકોના પુનઃસ્થાપનનું ઘણું કામ થાય છે, તેવું જાણવા મળ્યું, એટલે મુંબઈની બ્રિટિશ ઈન્ફર્મેશન સર્વિસનો સંપર્ક કર્યો અને થોડા જ દિવસોમાં લંડનની રોયલ નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ધી ડેફ તરફથી એક પોસ્ટ પાર્સલ મારા હાથમાં આવી પડયું. લંડનની આ ઈન્સ્ટિટયૂટ છેલ્લાં સો-સવાસો વર્ષથી શ્રવણમંદ બાળકોના શિક્ષણ અંગે રિસર્ચ કરતી હતી. આ પાર્સલ ખરા ખર્થમાં આશીર્વાદરૂપ સાબિત થયું. તેમાં શ્રવણમંદ બાળકોની સમસ્યા અને તેના વૈજ્ઞાનિક ઉકેલ અંગે, ઢગલાબંધ સાહિત્ય આવ્યું હતું. જેમજેમ તેનો અભ્યાસ કરતો ગયો, તેમતેમ મને ખાતરી થઈ ગઈ કે આપણે શ્રવણમંદોના શિક્ષણમાં સદીઓ પાછળ છીએ. આપણે પૂર્વભવના કર્મો અને નસીબને દોષ દેતાં માથે હાથ દઈને બેઠાં છીએ. ત્યારે યુ.કે., અમેરિકામાં મેડિકલ સાયન્સ અને આધુનિક ટૅકનોલૉજીની મદદથી શ્રવણમંદ બાળકોમાં રહેલી ક્ષતિને, કુદરતની ચૅલેન્જ સમજી તેને સુધારવા માટે સખત પરિશ્રમ થઈ રહ્યો છે અને તેના પરિણામો આપણી સામે છે. છતાં આપણી આંખો ઊઘડતી નથી. આ તે કેવી વિષમતા?

**આપણે પૂર્વભવના કર્મો અને નસીબને દોષ દેતાં માથે હાથ દઈને બેઠાં છીએ. ત્યારે યુ.કે., અમેરિકામાં મેડિકલ સાયન્સ અને આધુનિક ટૅક્નૉલૉજીની મદદથી શ્રવણમંદ બાળકોમાં રહેલી ક્ષતિને કુદરતની ચેલેન્જ સમજી તેને સુધારવા માટે સખત પરિશ્રમ થઈ રહ્યો છે.**

## અમેરિકન તજજ્ઞોની ટીમનો ચોંકાવનારો રિપોર્ટ

એ અરસામાં ભારતના શ્રવણમંદોની શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ કરવા આવેલી એક અમેરિકન તજજ્ઞોની ટીમનો રિપોર્ટ પણ હાથમાં આવ્યો; Needs of the Speech and Hearing Handicapped in India" by Dr. Y. P. Kapur. આ ટીમે દિલ્હી, કલકત્તા, મુંબઈ, મદ્રાસ (ચેન્નાઈ) વગેરે મહાનગરોમાં નિરીક્ષણ કરીને તેનો રિપોર્ટ છાપ્યો; દેશભરમાં ઈ.એન.ટી. સર્જનો અને તબીબોની જૂજ સંખ્યા, શ્રવણમંદ બાળકોની સારવારમાં ઓછો ઉત્સાહ, બહેરાશના નિદાન માટે અત્યંત જરૂરી ઓડિયૉલૉજી અને સ્પીચ પેથોલૉજીના કિલનિક શોધ્યા જડે નહીં તેવી સ્થિતિ અને કયાંક સરકારી હૉસ્પિટલોમાં આવું કિલનિક હતું, તો ઓડિયોમીટર બંધ હતું અથવા ઓડિયોલૉજિસ્ટની જગ્યા ખાલી હતી. દેશમાં ઓડિયોલૉજીની કૉલેજો ઓછી અને જે પાસ થઈને બહાર પડે તેમાના ઘણાં પરદેશ ચાલ્યા જાય, શિક્ષકોની તાલીમ કોલેજોની પણ એ જ સ્થિતિ અને તેનો અભ્યાસક્રમ સૈકા પહેલાંનો એટલે જરૂરી કૌશલ્યનો પણ અભાવ. દેશમાં શ્રવણયંત્ર બને નહીં, વિદેશથી આવે, ખૂબ મોંઘા પડે છતાં, મેળવવાનું ખૂબ જ જરૂરી અને તે પાછું જરૂરતમંદોની પહોંચની બહાર, વળી તેના રિપેરિંગ અને સ્પેરપાર્ટ્સના પ્રશ્નો. આવી અનેક બાબતો જે શ્રવણમંદ બાળકોના વિકાસ માટે આડખીલીરૂપ જણાય, તેનો નિર્દેશ આ કમિટીએ તેના રિપોર્ટમાં કર્યો હતો. એટલું જ નહીં પરંતુ આ પરિસ્થિતિ સુધારવા માટેના ઉપાયો અને ભલામણો પણ કરી હતી. હું જેમજેમ આ સમસ્યાનો અભ્યાસ કરતો ગયો, તેમતેમ એક પ્રશ્ન મારા મનમાં સતત ઘોળાતો ગયો, 'આપણાં દેશમાં આવી એક પણ અદ્યતન શાળા કેમ નથી ? આપણાં શ્રવણમંદ બાળકો આ એડવાન્સ્ડ ટૅકનૉલૉજીના લાભથી વંચિત શા માટે રહે

છે? આપણે આવી રૂઢિગત, ચીલાચાલુ શાળાની જગ્યાએ આધુનિક સાધનોથી સજ્જ એક શાળા કેમ ન બનાવી શકીએ ?' શાંત જળમાં એક કાંકરી પડે અને વમળો ઉત્પન્ન થાય તેમ, મગજમાં વિચારોનું એક આંદોલન શરૂ થયું અને પછી આ વિચારે મારા ચિત્ત પર કબજો જમાવ્યો. કાંઈક કરી છૂટવાની તમન્ના કહો કે ધૂન કહો, કયારેક તો કોઈને ગાંડપણ પણ લાગે એટલી હદે અમે સમાજ સેવાના રંગે રંગાયા. 'મૂકમ્ કરોતિ વાચાલમ્' - મૂંગાં બોલતાં થાય અને 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' - લૂલા પર્વત ઓળંગે, એ શાસ્ત્રોકિતની મર્યાદા આશીર્વાદ આપવા પૂરતી છે, વાસ્તવિક જીવનમાં એ શકય નથી તે જાણતા હોવા છતાં, અમે એ શાસ્ત્રોકિતને ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ આદર્યો.

## 'એક વિચાર જયારે ચિત્તનો કબજો લે છે'

પરિણામે, રોયલ નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ધી ડેફ, યુ. કે. પાસેથી ટૅકિનકલ ડેટા મેળવીને શ્રવણમંદ બાળકોની એક નમૂનેદાર સંસ્થાનું અમે નિર્માણ કરી શકયા. આ સ્પેશિયલ સ્કૂલ, શ્રેષ્ઠ આર્કિટેકચરલનો એક નમૂનો છે. આછા લાલ રંગના ઘડેલાં પથ્થરનું સુંદર સ્થાપત્ય, બાળ સ્વભાવને અનુરૂપ ભૂલભૂલામણીવાળા કોરીડોર, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઓછું કરતી વર્ગની અર્ધવર્તુળાકાર બેઠકો, તેમાં અવાજની કિલયરિટી માટે ખાસ વ્યવસ્થા, લિપ રીડિંગ માટે કુદરતી પ્રકાશનું આયોજન, બાળકોને મનગમતાં તેજસ્વી રંગોનો સપ્રમાણ ઉપયોગ, અને કુદરતના સાન્નિધ્ય માટે ચારે તરફ ફૂલ, ઝાડ, લીલીછમ હરિયાળી અને લતામંડપો વચ્ચે, પક્ષીના માળાની જેમ છૂપાઈ રહેલા વર્ગખંડો અને તેમાં અધ્યયન કરતાં શ્રવણમંદ બાળકો વચ્ચે પોપટ, ચકલાં, પારેવાનું ગુંજન ચીલાચાલુ શિક્ષણથી જુદું જ વાતાવરણ ખડું કરે છે. અહીં વર્ગ એટલે ચાર દીવાલોનું ખોખું નહીં પરંતુ શિક્ષણની જીવંત પ્રક્રિયાનું ભૌતિક સાધન છે. સંસ્થામાં ઓડિયોલૉજી અને સ્પીચ પેથોલૉજી, ઈયર મોલ્ડ લૅબ, એફોર્ડેબલ હિયરિંગ એઈડ, તેની પશ્ચાત્ સેવા માટે રિપેરિંગ વર્કશોપ, અર્લિ ઈન્ટરવેન્શન સેન્ટર, પેરેન્ટ કાઉન્સેલિંગ, ટીચર્સ અને મધર્સ ટ્રેનિંગ કૉલેજ, નર્સરીથી એસ.એસ.સી. અને બારમા સુધીના શિક્ષણની સાથોસાથ, વિવિધ પ્રકારની વ્યાવસાયિક તાલીમ માટે કૉમ્પ્યૂટર,



**શાંત જળમાં એક કાંકરી પડે અને વમળો ઉત્પન્ન થાય તેમ, મગજમાં વિચારોનું એક આંદોલન શરૂ થયું અને પછી આ વિચારે મારા ચિત્ત પર કબજો જમાવ્યો.**


ડી.ટી.પી.ગ્રાફિક્સ, સીવણ અને ભરતકામ, હસ્તકલા, ચિત્રકલા, બ્યૂટીપાર્લર અને ક્રાફટવર્ક વગેરેની સુવિધા છે. તેમજ ખેલકૂદ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ અહીં વિશાળ તકો ઉપલબ્ધ કરવામાં આવી છે. બહારગામથી આવતાં બાળકો માટે ડોરમેટરી ટાઈપ હૉસ્ટેલ પણ બનાવી છે. દેશમાં શ્રવણમંદ બાળકો માટે સર્વ પ્રથમ સ્પેશિયલ સ્કૂલ બનાવવા માટે મને, "Designing Schools and Schooling for the Handicapped" by Prof. Jack Birch & Architects B. Kenneth Johnstone નું પુસ્તક ઘણું ઉપયોગી નીવડયું, જેનો અહીં ભરપૂર ઉપયોગ કર્યો છે.


આ પુરુષાર્થ આદર્યો ત્યારે, અમારામાંના કેટલાંક હજુ ભણતા હતા. તો કેટલાંક ભણતાં ભણતાં નોકરી કરતા હતા. કેટલાંક નાના નાના દુકાનદાર, તો કોઈ ગુમાસ્તા, કોઈ દરજી તો કોઈ સુથાર! અમારા બધાંની વચ્ચે સામ્ય એક જ હતું તે નિષ્ઠા, સંવેદના અને કાંઈક કરી છૂટવાની તમન્ના. એનેસ્થેટિક, દર્દીને કલોરોફોર્મ આપે અને દર્દી ધીમે ધીમે પોતાની જાતને ડૉકટરને સમર્પિત કરીને ઊંડી તંદ્રામાં સરી પડે તેમ, અમે બધાંએ એક સમાન હેતુ માટે અમારી જાતને સમર્પિત કરી દીધી હતી. કોઈને કલ્પના પણ ન હતી કે આ સ્વપ્નાઓ સાકાર થઈ શકે.

પરંતુ આજે જયારે તંદ્રામાંથી જાગીને જોઉં છું ત્યારે, માની નથી શકાતું કે આ કેમ થયું ? અને કેવી રીતે થયું ? કઈ શકિત, કયું બળ, આની પાછળ કામ કરી ગયું? એ સૌ કોઈના મનનો પ્રશ્ન છે. ઉદ્દામવાદી વિચાર ધરાવતા સાથી કાર્યકર અંતુભાઈ રાવળ ઘણી વખત કાર્લ માર્કર્સનું કથન કહેતા કે, 'કોઈ પણ એક વિચાર જયારે ચિત્તનો કબજો લે છે ત્યારે પ્રબળ બળ બને છે.' આજે હવે મને આ કથન બરાબર સમજાય છે કે કાંઈ જ કરવાની અમારી શકિત ન હતી, સંજોગો પ્રતિકૂળ હતા છતાં, માન્યામાં ન આવે તેવું અદ્ભુત સર્જન કરવાનું બળ અમારામાં કયાંથી આવ્યું ?

**તેમાં અધ્યયન કરતાં શ્રવણમંદ બાળકો વચ્ચે પોપટ, ચકલાં, પારેવાનું ગુંજન ચીલાચાલુ શિક્ષણથી જુદું જ વાતાવરણ ખડું કરે છે. અહીં વર્ગ એટલે ચાર દીવાલોનું ખોખું નહીં પરંતુ શિક્ષણની જીવંત પ્રક્રિયાનું ભૌતિક સાધન છે.**





# વિશિષ્ટ શાળામાં પ્લાનિંગ અને ડિઝાઈનિંગનું મહત્ત્વ

શ્રવણમંદ બાળકોના શિક્ષણ માટે, ખાસ પ્લાનિંગ (યોજના) અને ડિઝાઈનિંગ (રચના) કરેલ શાળાના મકાનની આવશ્યકતા હોય છે, આ પ્રકારના મકાન બનાવવાની સમજ કે જાણકારી આપણે ત્યાં ન હતી, તેથી રેગ્યુલર શાળા જેવી ઈમારતોમાં બહેરાંમૂંગાંની શાળાઓ ચાલતી, તેને ચીલાચાલુ શાળા કહી શકાય. કાયદાના અર્થઘટન મુજબ આ સ્પેશિયલ સ્કૂલ એટલે 'વિશિષ્ટ શાળાઓ' કહેવાતી. પરંતુ ખરું જોઈએ તો તેમાં વિશિષ્ટ જેવું કશું જ હતું નહીં.

## એક મૉડલ સ્કૂલ

શ્રવણમંદોની વિશિષ્ટ શાળાની આ ખોટ પૂરી કરવાના નિર્ધાર સાથે, યુ.કે., યુ.એસ.એ.થી મગાવેલી માહિતી એકત્રિત કરીને, ભારતની, કહો કે એશિયાની પ્રથમ પંક્તિની વિશિષ્ટશાળાની એક અદ્ભુત ઈમારતનું ૧૯૭૦માં નિર્માણ શરૂ કર્યુ હતું, જે પછીથી એક 'મૉડલ સ્કૂલ' તરીકે જાણીતી બની. એ વાતની ખુશી છે કે આ સફળતા પછી ગુજરાતમાં એક-એકથી ચડિયાતી શાળાઓ બનાવવાનો અભિગમ શરૂ થયો, સાથોસાથ શ્રવણમંદોનાં શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફારોની શરૂઆત પણ થઈ. સમધારણ બાળકોની સરખામણીમાં, શ્રવણમંદ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો હોય છે, એટલે તેની શાળાના મકાનનું બાંધકામ ખાસ કાળજી માગે છે. અમારી શાળાના બાંધકામમાં અમે એ સ્ટાન્ડર્ડ મેઈન્ટેન કરી શકયા અને એટલા માટે જ શ્રવણમંદોની શાળાનું બાંધકામ કરતાં પહેલાં, દેશભરમાંથી લોકો ભાવનગરની આ શાળા જોવાનો આગ્રહ રાખે છે. એ રીતે આ શાળા સૌ કોઈને માટે, એક નવી આશા અને અભિલાષાનો સ્ત્રોત બની ગઈ છે. જે કાંઈક નવું જ કરવાની તમન્ના રાખનાર, ડૉ. જયંત શાહ જેવા કંઈ કેટલાયને અહીં ખેંચી લાવે છે.

**સમધારણ બાળકોની સરખામણીમાં, શ્રવણમંદ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો હોય છે, એટલે તેની શાળાના મકાનનું બાંધકામ ખાસ કાળજી માગે છે.**

## અદ્‌ભુત છે તમારી શાળા !

ડૉ.જયંત શાહ તે સમયની નડિયાદની રોટરી ક્લબના પ્રમુખ, વ્યવસાયે જનરલ સર્જન, સમાજસેવાની ભાવનાથી રંગાયેલા. હાથમાં લીધેલું કામ પૂરું થાય નહીં, ત્યાં સુધી જંપીને બેસે નહીં. ૧૯૭૪-'૭૫ની વાત છે. એક દિવસ મારતી મોટરે સેલ્ફ ડ્રાઇવ કરીને, ઑફિસમાં આવી ચડ્યા, 'મારે નડિયાદમાં એક અદ્યતન ડેફ સ્કૂલ કરવી છે, ઘણી શાળા જોઈ પરંતુ મન માનતું નથી. ત્યાં કોઈએ તમારી શાળાની વાત કરી એટલે જોવા આવ્યો છું. પહેલા તો હું માનવા જ તૈયાર ન હતો કે યુ.કે., અમેરિકા જેવી મૉડર્ન સ્કૂલ આપણા દેશમાં હોય અને એ પણ ભાવનગરમાં! ખરેખર, જોયા સિવાય માન્યામાં જ ન આવે એવી અદ્‌ભુત છે તમારી શાળા !' ડૉ. જયંત શાહ સાથે, મારો આ પ્રથમ પરિચય હતો. શ્રવણમંદ બાળકો માટે જે બને તે કરી છૂટવાની તેમની તમન્ના જોયા પછી, અમારે સારી એવી મૈત્રી થઈ ગઈ. નડિયાદમાં શ્રવણમંદ બાળકોની શાળા માટે ભાવનગરની શાળા જેવું સુંદર સંકુલ બાંધવું અને તેમાં મારે માર્ગદર્શન આપવું, એવું પ્રોમિસ લઈને તે દિવસે સાંજનાં તેમણે વિદાય લીધી. મારા આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે, નડિયાદથી ડૉ. જયંત શાહનો ફોન આવ્યો. 'અનંતભાઈ, તમને એક વધુ તકલીફ આપવી છે.' 'ખુશીથી જણાવો.' 'આવતી કાલે હું એક બસ કરીને, અમારાં ત્રીસ જેટલા રોટેરિયનોને તમારી સંસ્થા બતાવવા લાવું છું. અહીં આવીને તમારી શાળાની વાત કરી, તો કોઈ મારી વાત માનવા જ તૈયાર નથી ! એટલે મેં કીધું :'અલ્યા, બસના પૈસા હું આલીશ પણ બધા હેંડો ભાવનગર.' આમ બીજા દિવસે બસ આવી પહોંચી અને બધા ઊતરી પડ્યા. આગળ ડૉ.જયંત શાહ અને પાછળ ખરું કહુ તો અમારી શાળાના આ મકાનની, જેટલી અજાયબીઓની મને ખબર ન હતી, તેનાથી વધુ ડૉક્ટરસાહેબે શોધી કાઢી હતી. મારે તો બોલવાની જરૂરત જ ન રહી. ઉત્સાહમાંને ઉત્સાહમાં ડૉક્ટર પોતે જ, જુદાં જુદાં ઍંગલથી સૌને શાળાનું મકાન બતાવતા જાય અને પછી તેની એક એક ખૂબી જણાવે. જેમ કોઈ ગાઇડ, પ્રવાસીઓને ઐતિહાસિક ઈમારત બતાવે તેમ!

## ભાવનગરની પ્રતિકૃતિ જેવી શાળાનું નિર્માણ નિડિયાદમાં

ડૉ. જયંત શાહની આ યાત્રા સફળ રહી, તેમના રોટેરિયન મિત્રો અને દાતાઓ નડિયાદમાં શ્રવણમંદ બાળકોની અદ્યતન શાળાનું સંકુલ ભાવનગર જેવું બાંધવા સહમત થઈ ગયા. ત્યાર પછી સાથે રહીને, શાળાના મકાન માટે જમીનની પસંદગી કરી, પ્લાન તેમજ ડિઝાઇન માટે આર્કિટેક્ટ, એન્જિનિયર વગેરે નક્કી કર્યા અને ભાવનગરની પ્રતિકૃતિ જેવી શાળાનું નિર્માણ નડિયાદમાં પણ થઈ શક્યું. કમનસીબે ડૉ. જયંત શાહનું આયુષ્ય ટૂંકું નીવડ્યું. નડિયાદની સંસ્થાએ તેનો આધારસ્તંભ ગુમાવ્યો.

## પ્લાનિંગ અને ડિઝાઈનિંગની રસપ્રદ વાતો

આમ, નડિયાદની શાળાના નિર્માણ પછી, ડૉ. જયંત શાહથી શરૂ થયેલો, સંસ્થા જોવા આવનાર મુલાકાતીઓનો આ સિલસિલો આજના દિવસ સુધી ચાલુ જ રહ્યો છે. નવી નવી સંસ્થાઓ, પ્રેક્ટિશનર્સ આર્કિટેક્ટ, તેમાં સ્ટડી કરતા સ્ટુડન્ટ, એન્જિનિયર અને આ સ્પેશિયલ ફિલ્ડમાં કામ કરતા તજજ્ઞો, સંસ્થા સંકુલ જોવા અને માર્ગદર્શન મેળવવા રોજબરોજ આવતાં રહે

**પહેલાં તો હું માનવા જ તૈયાર ન હતો કે યુ.કે, અમેરિકા જેવી મૉડર્ન સ્કૂલ આપણા દેશમાં હોય અને એ પણ ભાવનગરમાં ! ખરેખર, જોયા સિવાય માન્યમાં જ ન આવે એવી અદ્‌ભુત છે તમારી શાળા !**

છે, તેઓ સ્વાભાવિક રીતે જ આ સ્પેશિયલ સ્કૂલ બિલ્ડિંગના સ્કેચ, ડ્રોઈંગ, ડિઝાઇન, ફોટોગ્રાફ અને ડેટા તેમની સાથે લઈ જાય છે અને વધુમાં અમારા આટલા વર્ષોના અનુભવોનું ભાથું પણ ભરી જાય છે. અમારા આ અનુભવોનું ભાથું, સૌ કોઈને ઉપયોગી બની રહેશે. કારણ કે શિક્ષણની સફળતામાં શાળાનું મકાન અને તેની આજુબાજુનું સમગ્ર અમ્બિયન્સ ઘણું મહત્ત્વનું છે અને એટલા માટે જ આ સ્પેશિયલ સ્કૂલના પ્લાનિંગ અને ડિઝાઇનિંગની કેટલીક રસપ્રદ વાતો જાણવી જરૂરી છે.

## જમીનની પસંદગી

શ્રવણમંદ બાળકોની વિશિષ્ટ શાળા બાંધવા માટેની વાત કરીએ તો સૌ પ્રથમ તો જમીનની પસંદગી મહત્ત્વની છે. ''શાળાના મકાન માટે જમીનની પસંદગી કરતા પહેલાં, આવતાં સો વર્ષમાં સંસ્થાનો વિકાસ કેટલો થશે તેનો વિચાર કરવો જોઈએ. વળી આજે છે તેના કરતાં, ભવિષ્યમાં વધુ મોટાં અને ભારે વાહનો રોડ ઉપર દોડતાં થશે ત્યારે, શ્રવણયંત્ર જેવા અતિ સંવેદનશીલ સાધનોને ખલેલ ન પહોંચે તે માટે, શાળાનું મકાન મેઈન રોડ ઉપર બાંધવાને બદલે નજીક ગલીમાં બાંધવું હિતાવહ છે,'' એવી સલાહ'રોયલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ, લંડન' તરફથી મળી હતી, જે બ્રિટિશ પ્રજાની દીર્ઘદૃષ્ટિની પ્રતીતિ કરાવે છે. જોકે તેને વળગી રહેવાનું મુશ્કેલ હતું. તેમ છતાં કેટલીક મુશ્કેલીઓ વેઠીને પણ મહદંશે તેનું પાલન કરવાનો પ્રયત્ન કર્યો છે.

## આર્કિટેક્ટનું મહત્ત્વ

એવી જ વાત છે શાળાનું મકાન બાંધવા માટે અમને મળેલી જમીનની. આ જમીન 'વીજળિયા ખાડા' તરીકે જાણીતી હતી. આજુબાજુ બીજા પણ આવા નાનામોટા ખડકાળ ખાડા અને ટેકરા હતા. વધુમાં આ જમીન સમચોરસ પણ ન હતી. પરંતુ ધનસુખ ભટ્ટ જેવા બાહોશ આર્કિટેક્ટને કારણે આ બિલકુલ નકામી કહી શકાય, તેવી જમીન ઉપર સ્વર્ગ સમી શાળાનું નિર્માણ કરી શક્યા. અનુભવે એવું જણાયું છે કે, વિશિષ્ટ શાળાના બાંધકામમાં પ્લાનિંગ અને ડિઝાઇનિંગના કામને ગંભીરતાથી લેવું જોઈએ, જે લોકો લેતા નથી તે આખરે આ ભૂલની બહુ મોટી કિંમત ચૂકવે છે.શાળાનું મકાન બાંધવા માટે મળેલી આ વીજળિયા ખાડાની જમીનમાં ક્યાંક ઊંચા ટેકરા, તો ક્યાંક ખીણના ખાડા હતા. તેથી આવા એક મોટા ખાડામાં સિફતપૂર્વક બેઝમેન્ટ બનાવી, તેમાં વ્યાવસાયિક તાલીમનું વર્કશોપ બાંધવામાં આવ્યું. સામાન્ય રીતે આવા બેઝમેન્ટ, અંધારીયા હવા ઉજાસ વગરના હોય છે. પરંતુ અહીં ધ્યાનાકર્ષક વેન્ટીલેશન મૂકીને, આ હવા ઉજાસની સમસ્યાને હલ કરવામાં આવી છે. આપણે જાણીએ છીએ તેમ, વર્ગખંડ એ માત્ર

**અનુભવે એવું જણાયું છે કે, વિશિષ્ટ શાળાના બાંધકામમાં પ્લાનિંગ અને ડિઝાઈનિંગના કામને ગંભીરતાથી લેવું જોઈએ, જે લોકો લેતા નથી તે આખરે આ ભૂલની બહુ મોટી કિંમત ચૂકવે છે.**

ચાર દીવાલોનું ખોખું નથી, પરંતુ શિક્ષણની જીવંત પ્રક્રિયાનું એક ભૌતિક સાધન છે. અમારે ચીલાચાલુ શાળા કરતાં કાંઈક જુદી જ શાળા બનાવવી હતી, જેમાં બાગ, બગીચા, રમવાના મેદાન, વર્ગખંડ, પ્રાર્થનાખંડ કે પ્રયોગશાળા, કહો કે તેના સમગ્ર વાતાવરણમાં ચેતનાનો સંચાર જોવા મળે. આ વિચારને કેન્દ્રમાં રાખીને, મેં આર્કિટેક્ટ ધનસુખ ભટ્ટની સાથે રહીને શાળાના કેમ્પસમાં લીલીછમ હરિયાળી, વચમાં હવામાં હિલોળા લેતાં વૃક્ષો, લતામંડપોની ડાળીઓ અને તેની ઘેઘૂર ઘટાઓમાં છુપાયેલાં પોપટ, ચકલાં, પારેવાના પક્ષીઘર કે માછલીઘરની આસપાસ, શ્રવણમંદ બાળકોના અધ્યયન ખંડોની સુંદર મજાની રચના કરી છે. તેથી અહીં ચારે તરફ કુદરતના સાન્નિધ્યનો અહેસાસ થાય છે.

## પથ્થરનું મકાન, મેન્ટનન્સ ફ્રી

આપણો એ પણ અનુભવ છે કે સાર્વજનિક ઈમારતોનો વપરાશ રફ ઍન્ડ ટફ થતો હોય છે. શાળાઓને નિસ્બત છે ત્યાં સુધી બાંધકામ થયા પછી, વર્ષો સુધી તેની દીવાલોમાં પડેલાં ગાબડાં કે ચૂનાનો ધોળ કરવાની કોઈ ભાગ્યે જ દરકાર કરે છે, તો લગભગ બધે જ રંગબેરંગી ચોક, પેન્સિલ કે મીણિયા કલર જેવા માધ્યમોથી દીવાલો ઉપર જ્યાંને ત્યાં ચિતરામણ કરેલું જોવા મળે છે, જે હંમેશાં આપણી આંખમાં ખૂંચે છે. તેથી ચૂનાના પ્લાસ્ટરની જગ્યાએ ખરાબ જ ન થઈ શકે તેવા કોઈ ટેક્ષ્ચરનો ઉપયોગ દીવાલ ઉપર

કરવાનું વિચારતા હતા, ત્યારે જ યુ.કે.ની રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ તરફથી એવી નોંધ મળી કે 'શ્રવણમંદ બાળકોનાં વર્ગમાં સંવેદનશીલ શ્રવણયંત્રો વપરાતા હોઈ, વર્ગમાં અવાજના પડઘા ન પડે અને ક્લેરિટી જળવાય તે માટે, સાઉન્ડ પ્રૂફ વર્ગ બનાવવાનું સલાહભર્યું છે.' પરંતુ આપણા દેશની આબોહવા મુજબ, વર્ગને સાઉન્ડ પ્રૂફ કરવા જતા, એરકંડિશનિંગ પણ કરવું પડે, જે અનેક કારણોસર વ્યવહારુ જણાતું ન હતું. એટલે આર્કિટેક્ટની સલાહ અનુસાર સિહોરની પથ્થરની ખાણના, આછા ગુલાબી રંગના પથ્થરને ઘડીને તેનું બાંધકામ કરવાનું નક્કી કર્યું, આથી આ બંને સમસ્યાનો ઉકેલ ઘણો જ સસ્તો અને સરળ થઈ ગયો. આમ, પથ્થરનું બાંધકામ કરવાથી મકાનને અંદર કે બહાર કલર કરવાની જરૂરત પણ રહી નહીં અને જ્યારે જુઓ ત્યારે મકાન જાણે હમણાં જ બાંધ્યું હોય તેવું સુંદર લાગે છે. ખરેખર તો તે દસકાઓ જૂનું છે. વળી ઘડેલા પથ્થરની રફ દીવાલને કારણે, અવાજની ક્લેરિટી જળવાય છે અને પડઘા પડવાની તો કોઈ સમસ્યા જ રહેતી નથી. ૨૦૦૧ના ધરતીકંપમાં પણ આ મકાન અડીખમ ઊભું રહ્યું અને ભાવનગરના જાણીતા આર્કિટેક્ટે અભિપ્રાય આપ્યો છે કે આ મકાનને આવતાં ૪૦૦ વર્ષ સુધી કંઈ નુકસાન થાય તેમ નથી.

**ક્લાસરૂમના સ્લેબ બ્રિકનાં એટલે કે ઈંટોના બનાવવામાં આવ્યા છે, તેની એક ફૂટ જેટલી જાડાઈ અને સિમેન્ટ તથા લોખંડના જૂજ વપરાશને કારણે રૂમનું ઉષ્ણતામાન નીચું રહે છે.**

## વર્ગખંડનું યોજનાપૂર્વક આયોજન

સમધારણ શાળાના વર્ગખંડો કરતાં અહીં, શ્રવણમંદ શાળાના વર્ગખંડોની રચના પણ જુદી જ રીતે કરવામાં આવી છે. શ્રવણયંત્રો અને લૂપ સિસ્ટમ(વાયરલેસ)નો અવાજ એક વર્ગખંડમાંથી બાજુના બીજા વર્ગખંડને ખલેલ પહોંચાડે નહીં, તે માટે દરેક વર્ગખંડની દીવાલ અલગ બાંધવામાં આવી છે, આમ કરીને બે વર્ગખંડ વચ્ચે અંતર પણ રાખવામાં આવ્યું છે. આ શ્રવણમંદ બાળકો સાંભળી તો શકતાં નથી એટલે આ બાળકોને વાણી અને ભાષા શીખવા માટે ચિત્રોના ફ્લેશ કાર્ડ અને તેની રિટર્ન પેટર્ન સતત આપવાની હોય છે. સમધારણ બાળક જેમ કાન દ્વારા એક ને એક શબ્દ વારંવાર સાંભળીને તેનું અનુકરણ કરીને શીખે છે, તેમ શ્રવણમંદ બાળક તેની આંખો દ્વારા ફ્લેશ કાર્ડના ચિત્ર અને તે ચિત્ર નીચે રિટર્ન પેટર્નમાં લખેલ શબ્દ કે વાક્ય જેમજેમ સતત જુએ છે, તેમતેમ તેની ભાષા અને વાણીનો વિકાસ થાય છે. તેથી ઠેર-ઠેર ફ્લેશ કાર્ડ અને રિટર્ન પેટર્ન મૂકવા માટે, આર્કિટેક્ટે યોજનાપૂર્વક દરેક વર્ગખંડને ચારથી વધારે ખૂણા પાડીને દીવાલો કરી છે અને એવી જ રીતે પૅસેજની દીવાલોનો પણ કલાત્મક ઉપયોગ કર્યો છે. આ વર્ગખંડની દીવાલો અને પૅસેજ જાણે પ્રદર્શનના સ્ટેન્ડની ગરજ સારે છે, જેના ઉપર જ્યાં જુઓ ત્યાં ડિસપ્લે બોર્ડ મૂકેલા છે અને તેના ઉપર ચીટકાવેલા ભાષા વિકાસના ફ્લેશ કાર્ડ અને રિટર્ન પેટર્ન ઊડીને આંખે વળગે છે. એવી જ રીતે શ્રવણમંદ બાળકોના શિક્ષણમાં લીપરીડિંગ એટલે ઓષ્ઠ વાંચન પણ ઘણું મહત્ત્વ ધરાવે છે, તેથી વર્ગની સીલિંગમાંથી શિક્ષકના મોઢાં ઉપર કુદરતી પ્રકાશ પડે તેવું આયોજન કરેલું છે. તેમજ વર્ગમાં સામેથી




**ઠેર-ઠેર ફ્લેશકાર્ડ અને રિટર્ન પેટર્ન મૂકવા માટે, આર્કિટેક્ટે યોજનાપૂર્વક દરેક વર્ગખંડને ચારથી વધારે ખૂણા પાડીને દીવાલો કરી છે અને એવી જ રીતે પેસેજની દીવાલોનો પણ કલાત્મક ઉપયોગ કર્યો છે.**

ઈલેક્ટ્રિક લાઈટ કે બારીનો પ્રકાશ સીધો આંખો ઉપર ન આવે. તેની પણ કાળજી લેવામાં આવી છે. બાળક શિક્ષકથી જેટલું નજદીક બેસે તેટલો શ્રવણયંત્રનો વધુ લાભ મળે, તે માટે વર્ગખંડમાં અર્ધ-વર્તુળાકાર બેઠક વ્યવસ્થા કરીને, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઓછામાં ઓછું રાખવામાં આવેલું છે. શ્રવણમંદોનાં વિશિષ્ટ વર્ગખંડોમાં ગ્રૂપ હિયરિંગ સેટનાં હેડફોન અને ઍમ્પ્લિફાયરનાં વાયરોનાં ગૂંચળાં આડાં અવળાં લટકતાં હોય તે સામાન્ય છે, અને એથી કરીને તેના રોજબરોજના મેઈન્ટેનન્સના પ્રશ્નો રહેતા હોય છે, પરંતુ અહીં તેના નિરાકરણ માટે અંડરગ્રાઉન્ડ વાયરિંગ કરવામાં આવ્યું છે. વર્ગમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓનો એટેન્શન સ્પાન(ધ્યાન) જળવાઈ રહે તે માટે બહારની અવરજવરથી વર્ગમાં ખલેલ ન પહોંચે તેમ વર્ગની બારીઓ, ઉપર અને નીચે મૂકવામાં આવેલી છે અને એવા જ હેતુથી કોઈ બે વર્ગના દરવાજા પણ સામે સામે રાખવામાં આવેલા નથી.

## આકર્ષક રંગોનું વૈવિધ્ય અને બ્રિકના સ્લેબ

અહીં વર્ગનું ફર્નિચર બાળકોની ઉંમર પ્રમાણે નાનુંમોટું, ઊંચુનીચુ બનાવવામાં આવ્યું છે. તો સ્વભાવના જિજ્ઞાસુ અને ચંચળ બાળકોને, અકસ્માતે કાંઈ ધારદાર વસ્તુથી ઈજા ન પહોંચે, તે માટે બારીમાં વાયર ગ્લાસનો ઉપયોગ કર્યો છે, ઉપરાંત ફર્નિચર વગેરેમાં ગોળ ખૂણાનો વિકલ્પ પણ અપાયો છે. કોઈ વખત બાળક ભૂલથી વર્ગમાં રહી જાય અને



દરવાજો બંધ થઈ જાય, એ સંજોગોમાં દુર્ઘટના ન ઘટે તે માટે દરેક રૂમના દરવાજા ઉપર કાચની પેનલ પણ મૂકવામાં આવી છે. જોકે તેમાં વન વે વ્યૂ ગ્લાસ કે અનબ્રેકેબલ ગ્લાસ મૂકવાનું આયોજન હતું પરંતુ જે  તે સમયે વિદેશથી ઈમ્પોર્ટની સમસ્યાને કારણે તે શક્ય બન્યું નથી અને સાદા ગ્લાસ મૂકવામાં આવ્યા છે. એવી જ રીતે વર્ગોમાં બ્લેક બોર્ડ કાળા જ હોય તેવી વર્ષોથી ચાલી આવતી માનસિકતાનો પણ અહીં છેદ ઉડાડી ઘસેલા કાચના રંગ-બેરંગી ચોક બોર્ડ વર્ગની દીવાલો ઉપર મૂકવામાં આવ્યા છે. આથી પાટિયાને વારંવાર કાળો રંગ લગાડવામાંથી છૂટકારો મળે છે, અને બાળકોને રંગોનું વૈવિધ્ય માણવાની મજા પડી જાય છે. સામાન્ય શાળાઓમાં હોય છે તેમ વચમાં પૅસેજ અને બંને બાજુ હારબંધ ચીલાચાલુ વર્ગોને બદલે, એક બીજાની ઓથે છૂપાયેલા વર્ગો અહીં બાળકોને છૂપાછૂપીનો ખેલ ખેલવા લલચાવે છે. બાળકોને લાલ, પીળા અને કેસરી જેવા બ્રાઈટ અને બોલ્ડ કલર્સનું ભારે આકર્ષણ હોય છે. આ બાળસહજ સ્વભાવને ધ્યાનમાં રાખીને આર્કિટેક્ટે રંગોનો અહીં સમજપૂર્વક ઉપયોગ કર્યો છે. શાળામાં નવા-નવા દાખલ થયેલાં બાળકોને ભાષાજ્ઞાન ન હોય, ત્યારે કલરકોડથી પણ ઓળખ મેળવવાનું સહેલું પડે છે, એવો પણ અહીં એક પ્રયોગ કરવામાં આવ્યો છે.


જેમ કે ટોયલેટ-બાથરૂમના દરવાજા બધે જ બસ ગ્રીન, તો નર્સરીના દરવાજા ઓરેંજ, અને વર્ગના દરવાજા ગોલ્ડન યલો, તો વર્કશોપના દરવાજા બ્લૂ. વર્ગના

**દેશના મોટાં શહેરોમાં પણ ઑડિયૉલૉજી અને સ્પીચની સુવિધા એકદમ બદતર હાલતમાં હતી, એટલે શાળામાં જ ટુ રૂમ સિસ્ટમનાં ઑડિયોરૂમનું બાંધકામ કર્યું છે.**

દરવાજાની પહોળાઈ સાડાત્રણ થી ચાર ફૂટની રાખવામાં આવી છે. અંદરની બાજુએ ખૂલતાં દરવાજા બાળકો પણ સહેલાઈથી ખોલબંધ કરી શકે તેવા મિજાગરાવાળા બનાવવામાં આવ્યા છે. બાળકોને વાગી જાય તેવા બહાર એક્સપોઝ થતાં નોબને બદલે બહારથી બંધ કરી શકાય તેવા દરવાજામાં ફ્લેટ આલ્ડ્રાફ મૂકેલ છે, તેમજ અંદરથી સહેલાઈથી ખોલી શકાય તેવી, બેબીલેચ બાળકો પહોંચી શકે તેટલી ઊંચાઈ પર મૂકવામાં આવેલી છે. જાણીને આશ્ચર્ય થશે, પરંતુ ક્લાસરૂમનાં સ્લેબ બ્રિકનાં એટલે કે ઈંટોના બનાવવામાં આવ્યા છે, તેની એક ફૂટ જેટલી જાડાઈ અને સિમેન્ટ તથા લોખંડના જૂજ વપરાશને કારણે રૂમનું ઉષ્ણતામાન નીચું રહે છે. સાથે બાંધકામનું કોસ્ટિંગ નીચું આવ્યું છે, અને વળી પૅસેજ વગેરેમાં નોનસ્લિપી ટાઇલ્સ અને મેદાનમાં બ્રિકનું પેવિંગ કરવામાં આવ્યું છે, સાથોસાથ ફાયર સેફ્ટીનાં સાધનો પણ ગોઠવવામાં આવ્યાં છે.

## ઓડિટોરિયમ

સમૂહપ્રવૃત્તિ, પ્રાર્થના, અભિનય નૃત્યો, ગીતસંગીતનું પણ આવી શાળાઓમાં ઘણું જ મહત્ત્વ હોય છે. શાળાનો પ્લોટ પ્રમાણમાં ઘણો નાનો હતો, તેથી ઓડિટોરિયમનો સમાવેશ કરવાનું મુશ્કેલ જણાતું હતું, પરંતુ આર્કિટેક્ટે આ શાળા બિલ્ડિંગમાં બસ્સો બાળકોની કેપેસિટીનું ઓડિટોરિયમ, સ્ટેજ અને ગ્રીન રૂમ બનાવીને તો કમાલ કરી નાંખી છે! સ્ટેજની સામે દર્શકોને બેસવા માટે સ્ટેડિટમની માફક પગથિયાં કરવામાં આવ્યાં છે, જેથી ઓછી જગ્યા છતાં, વધુ બેઠકોનો સમાવેશ થઈ શક્યો છે, અહીં બેસીને સ્ટેજ ઉપરનો કાર્યક્રમ જોવાની મજા જ કાંઈક જુદી છે. બાળકો માટેનું આવું સાઉન્ડ પ્રૂફ, વાતાનુકૂલિત ઓડિટોરિયમ, સૌરાષ્ટ્રમાં તો કદાચ ક્યાંય જોવા નહીં મળે. વિકલાંગ બાળક ક્રોલિંગ કરીને છેક નીચેથી ઉપર સુધી જાતે ચડી શકે છે.



# મહેનત, ધગશ અને સમર્પણની ભાવનાનું મૂલ્ય

૧૯૭૦ની સાલમાં આ શાળાના મકાનનાં બાંધકામનું આયોજન કર્યું ત્યાર પછી પાંચ દાયકામાં વિશિષ્ટ શિક્ષણનાં પ્રવાહોમાં જબરું પરિવર્તન આવ્યું છે, એટલે હવે ક્યાંક, કશુંક ખૂટતું લાગે છે. જેમ કે, ૧૯૯૫નાં વિકલાંગ ધારાનાં અમલ પછી, આવી શાળાઓમાં બહુવિધ વિકલાંગ બાળકો પણ પ્રવેશને પાત્ર થયાં છે. તેમાં હલનચલનની ખામીવાળાં લોકોમોટર ડિસેબલ્ડ પણ હોઈ શકે. નિયમ મુજબ આવી સાર્વજનિક ઈમારતો બેરિયર ફ્રી એટલે અવરોધમુક્ત હોવી જોઈએ. પરંતુ શાળાનાં પ્લાનિંગ સમયે આવો નિયમ ન હતો. આ ખામીની પૂર્તિ કરવા શક્ય તેટલા સુધારા કર્યા છે, પરંતુ નવા મકાનોમાં, તો પ્રથમથી જ આ અભિગમને ધ્યાનમાં રાખવો જરૂરી છે. વાત કરવી સહેલી છે, પરંતુ તેને વ્યવહારમાં મૂકવાનું એટલું સહેલું નથી. વિકલાંગતાના પ્રકાર મુજબ ચાલવાના રસ્તા, રૅમ્પ, સાઈન બોર્ડ, ઈલેક્ટ્રિક લાઈટની સ્વીચ, લાઈટ, કલર, દરવાજા, ફિક્સચર, ફર્નિચર, ટોયલેટ, બાથરૂમ, વૉશ બેસિન, પીવાના પાણીના સ્ટૅન્ડ વગેરેના ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ, હવે આવી ગયા છે. સમધારણ બાળકો કરતાં વિકલાંગ બાળકોની શાળાની વિશિષ્ટ જરૂરિયાત હોય છે, તેથી આવી શાળાના મકાનનું બાંધકામ પણ પ્રમાણમાં મોંઘું પડે છે, તેમ છતાં શાળાના પહેલા તબક્કાનું બાંધકામ ત્રીસ રૂપિયા ચોરસ ફૂટથી પણ ઓછી કિંમતમાં થયું છે. આછા ગુલાબી રંગના પથ્થરને કંડારીને કરેલું આ સુંદર સ્થાપત્ય જોઈને આ વાત અશક્ય લાગે, પરંતુ ધનસુખ ભટ્ટ જેવા બાહોશ આર્કિટેક્ટ, પથ્થરનાં બાંધકામના અનુભવી એવા ગજબની કોઠાસૂઝ ધરાવતા ખોડાભાઈ મિસ્ત્રી અને ટીમવર્કને કારણે સપનાની શાળાનું આવું સુંદર સ્થાપત્ય શક્ય બન્યું. બાંધકામમાં હાઈફાઈ ખર્ચાળ સાધન સામગ્રી કે એલિવેશન પાછળ વ્યર્થ ખર્ચ કરવાને બદલે હંમેશાં બાંધકામની ઉપયોગિતાના મૂલ્યને અને સહેલાઈથી મળી આવતાં કુદરતી સંસાધનો અને તેની અંદરનાં સૌંદર્યને જ પ્રાધાન્ય આપ્યું છે અને તેમાં ટીમના સૌ કોઈની નિષ્ઠા, મહેનત, ધગશ અને સમર્પણની ભાવનાનું ઊંચુ મૂલ્ય ઉમેરાયું છે.



ધનસુખ ભટ્ટ, આર્કિટેક્ટ

## Credits

A team led by USA educated Architect Shri Dhanukh Bhatt has been responsible for creating this Architectural Marvel.

The team included Shri Devendra Shah, Structural Engineer.

Shri Khodabhai Katudia, Traditional Craftsman (Mason and Artisan)

That this structure has been selected for a national level exhibition, Mumbai during 6 Jan. 2016 to 27 March 2016, squarely speaks of its occupying place at National Level. The exhibition will move to important urban centers in India.

Greenary and Aviary's exemplary care and regular maintenance are the contribution of Shri Janakbhai Chauhan.

What one visits today is an exemplary structure being emulated by others in the field.

The beautification of the school building and campus was conceived and realized by Aant Shah (Bababhai)

Finally, this versatile contribution is the net result of a picture conveived by Anant Shah (Bababhai), which was drawn on paper by Architect Shri Dhansukh Bhatt and which in turn took exact shape in stones at the hands of Shri Khodabhai Katudia Craftsman.

Shri Anant Raval and Shri Anant A. Shah (Mafatbhai) remain associated with the dreamer Bababhai as helping hands.



**Shamji Mavji Parekh**
Fund Raiser



**Khodabhai Karudia**
Craftman



**Chandulal Gandhi**
Fund Raiser



**Jikabhai**
Stone Retriever from minc of Sihor



**Hirabhai Shah**
Co-worker



**Janak Chauhan**
Gardener



**K.L.Mehta**
Co-worker



**Kalubhai Parmar**
Co-worker

Advisors :

Balubhai Patel
(Patel Construction)

Champakbhai Shah
(Jamnadas Nanchad Contractor)

We acknowledge with greater sense of appreciation the assistance rendered by :

- Natwarlal Desai
- Girish Shah
- Rajnikant Machchhar (Architect)
- Amit Shah (Civil Eng.) and Team

for further extension and development of this unique school building.



Anant Rawal  Anant K. Shah (Bababhai)  Anant A. Shah (Mafatbhai)

# માનો યા ના માનો, સંસ્થાનું પણ નસીબ હોય છે !


એક દિવસ સંસ્થાની ઑફિસમાં કામ કરી રહ્યો હતો. એવામાં ઑફિસ કલાર્ક મનસુખે આવીને એક ટપાલ મારા હાથમાં મૂકી. ખોલીને જોયું તો કમળાબહેનનું કુલમુખત્યારનામું અને એ પણ મારા નામે! આ જોઈને નવાઈ લાગી. મારા જેવા એક ઊગીને ઊભા થતા યુવાન ઉપર કમળાબહેને બહુ મોટો ભરોસો મૂકયો હતો. મારા મનમાં મુંબઈના આ વયોવૃદ્ધ સન્નારી ઉપર અહોભાવ તો હતો જ, તે આ પ્રસંગથી અનેકગણો વધી ગયો.

## સંસ્થાને નસીબ હોતું હશે ?

વાત એવી બનેલી કે બહેરાં મૂંગાની શાળા અને છાત્રાલયના મકાન બાંધવા માટે ભાવનગર બરો મ્યુનિસિપાલિટીએ વિદ્યાનગરમાં બે પ્લોટ ફ્રી, લીઝથી આપેલા તેના ઉપર મકાન બાંધતા હતા, તેમ છતાં શાળાના નવા વર્ગો બાંધવા અમારે એક વધુ પ્લોટની જરૂર હતી. અને વળી શાળાના દરવાજાની સામે જ મ્યુનિસિપાલિટીનો એક સાર્વજનિક પ્લોટ ખાલી પડયો હતો. આ નિર્જન વેસ્ટ લૅન્ડ જેવો પ્લોટ, ખરેખર તો એક મોટો ઊંડો ખાડો હતો. એ સમતળ જમીન ન હોય, તેમાં મકાન બાંધવાનું કામ ખર્ચાળ જણાતું હતું. કદાચ આવા જ કારણસર આ પ્લોટ આમ પડી રહ્યો હશે. પણ આ લગત પ્લોટ હોય અમારે મન સોનાનો ટુકડો હતો. તેના બાંધકામમાં મુશ્કેલીઓ હતી, તેની ના નહીં, પરંતુ એમ તો તેના કરતાં પણ વધુ મોટા ખાડા ઉપર શાળાના મકાનો બાંધીને, મુશ્કેલીઓને અવસરમાં પલટી હતી. હવે રહી વાત સંસ્થાના નસીબની તો બુઝુર્ગ સાથી કાર્યકર ચંદુકાકા, હંમેશાં એમ કહેતા કે, 'સંસ્થાને પણ નસીબ હોય છે.' 'સંસ્થાને તે કાંઈ નસીબ હોતું હશે ?' એમ કહી અમે તેની હાંસી ઉડાવતા. એમ છતાં મનમાં દ્વિધા તો રહેતી, કદાચ કાકાની વાત સાચી પણ હોઈ શકે.

## કમળાબહેને પ્રૉપર્ટી દાનમાં આપી

બહુ વિચાર કર્યા પછી, આ પ્લોટ માટે મ્યુનિસિપાલિટીમાં માગણી મૂકીને નસીબ અજમાવવાનું નકકી કર્યું ત્યાં પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવું થયું. આ પ્લોટ તો એક સંસ્થાને અપાઈ ગયો હતો. એ સંસ્થાના પ્રમુખ હતા રમણીકભાઈ પટેલ, જાણીતા સમાજ સેવક અને રાજકારણી. એમની સાથે નવજવાન સંઘમાં કાર્યક્રમો કરેલા, એટલે કાંઈક રસ્તો નીકળશે એવી આશા બંધાણી. રમણીકભાઈને વાંચનનો ભારે શોખ. તેઓ કયારેક અમારે



કમળાબહેન રતિલાલ દોશી

ત્યાં આવી ચડતા. એમ જ એક દિવસ સંસ્થાની લાઈબ્રેરીમાં આવી ચડયા. આ મોકો જોઈને, તેમનો પડતર પ્લોટ અમારી સંસ્થાને આપવા મેં વાત છેડી. પરંતુ એમ એ પીગળે એવા ન હતા. મને કહે, 'મારે અહીં તારી જેમ સ્લોલર્નર બાળકોની શાળાનું મકાન બાંધવું છે, મારા ટ્રસ્ટ પાસે પૈસા નથી. અહીંયા તારે ત્યાં ઘણાં દાતાઓ આવે છે, એકાદ મને શોધી આપ.'_ રમણીકભાઈ સિદ્ધાંતના પાકકા, પરંતુ મિજાજના તેજ, ભાષા કડવા કણબી જેવી. એમના સ્વભાવને કારણે દાતાનો મેળ શકય ન હતો. પરંતુ આ વાત મોઢે કહેવાની હિંમત ચાલતી નહીં. હું 'હા' એ 'હા' કર્યે રાખતો ને જયારે મળે ત્યારે એની એ જ વાત કરી 'દાણો દબાવી જોતો.' સમય જતાં આ જમીન સંસ્થાના નસીબમાં નથી એમ સમજી, તે મળવાની આશા છોડી દીધી. આજુબાજુમાં કયાંક જમીન મળે તો, થોડે દૂર જવા પણ મન મનાવી લીધું. પરંતુ જમીન ખરીદવા માટે મોટી રકમ જોઈએ. સંસ્થા પાસે ફંડ ન હતું એટલે સંસ્થાનું નસીબ અજમાવવાનું નકકી

કર્યું. એક અપીલ છપાવી. સંસ્થાના શુભચિંતકોને મોકલી. એ દિવસોમાં મોટું ફંડ જલદી મળતું નહીં. એટલે અપીલનો પ્રતિસાદ મળવાની આશા ઓછી હતી. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે એક દિવસ મુંબઈથી શામજીકાકાનો ફોન આવ્યો. તે સંસ્થાની મુંબઈ કમિટીના પ્રમુખ હતા અને સંસ્થાને આર્થિક રીતે સદ્ધર કરવા પ્રયત્નશીલ હતા. તેમના ભાગીદાર સ્વ. રતિલાલ આણંદજી દોશીના ધર્મપત્ની કમળાબહેનને અપીલ મળી હતી. તે જોઈને કમળાબહેને પોતાની ભાવનગરમાં આવેલી એક પ્રોપર્ટી સંસ્થાને કામ આવે તેમ હોય તો, દાનમાં આપવાની ઈચ્છા શામજીકાકા પાસે વ્યકત કરી હતી.

આ પ્રૉપર્ટી પ્લોટ નં. ૧૯૨૧ કૃષ્ણનગર, રૂપાણી સર્કલથી સરદારનગર પાણીની ટાંકી તરફ જવાના, મેઇન રોડ ઉપર હતી. આ ૨૨૫૦ વારના પ્લોટમાં એક બંગલો પણ હતો. બંગલામાં એક વૃદ્ધ દંપતી ભાડૂત હતું. ભાડૂતનું જોયું જશે, ખાલી કરી આપવા સમજાવીશું, અને ન માને તો બંગલાની અગાશી ઉપર માળ ખેંચી કાઢીશું. પ્લોટના કમ્પાઉન્ડમાં પણ ઘણી ખુલ્લી જમીન હતી. એટલે આપણાં માટે આ જમીન કામની છે, એમ શામજીકાકા મારફત દાતા કમળાબહેનને જણાવ્યું. આ દાતા કમળાબહેન જોકે સાવ અજાણ્યાં ન હતાં. તેમના તરફથી મૂક પ્રિન્ટરી ઉપર, તેમના પતિ સ્વ. રતિલાલ આણંદજી દોશીનું નામકરણ કરીને, સંસ્થાને અગાઉ દાન મળેલું. સંસ્થાના કામથી તેમને સંતોષ હતો એટલે અમારો જવાબ મળતા જ તેઓ આ પ્રૉપર્ટીનું દાન આપવા રાજી થઈ ગયાં. આ બહુ મોટી અણધારી સફળતા હતી. જાણે સંસ્થાનું નસીબ ખૂલી ગયું.

**પ્લોટ નં. ૧૯૨૧, કૃષ્ણનગર, રૂપાણી સર્કલથી સરદારનગર પાણીની ટાંકી તરફ જવાના, મેઈન રોડ ઉપર હતી. આ ૨૨૫૦ વારના પ્લોટમાં એક બંગલો પણ હતો.**

## પાસા સીધા પડવા લાગ્યા

હજુ આ વાત ચાલતી હતી તે દરમ્યાન ફરી પાછા એક દિવસ રમણીકભાઈ પટેલ સંસ્થાની લાઈબ્રેરીમાં મળી ગયા. કોઈ દિવસ નહીંને આ વખતે તેણે સામે ચાલીને પૂછ્યું કહે, 'પછી તેં મારા માટે કોઈ દાતા શોધ્યા કે નહીં?' એમની વાત સાંભળીને મારા મગજમાં ઝબકારો થયો. મેં તેને શાળાની સામેના તેના પ્લોટના બદલામાં, દાતા કમળાબહેનનો બંગલો અડધા પ્લોટ સાથે, દાનમાં અપાવી દેવાની વાત કરી. પોતાને કોઈ દાતા મળે અને મકાન બંધાય એ વાતમાં કાંઈ માલ નથી, તેની પ્રતીતિ આટલા વર્ષોમાં તેને થઈ ગઈ હતી. એટલે તરત કહે, 'ચાલ બંગલો બતાવ.' અમે પ્લોટ ઉપર ગયા ને બંગલો જોતાં જ તેમણે કહ્યું, 'મંજૂર છે. તું તારા દાતાને સમજાવી લે.' આમ કોણ જાણે કેમ? જાણે નસીબ આડેથી પાંદડું ખસ્યું. હવે એક તરફ શાળાના મકાન સામે જ લગતી



રમણીકભાઈ પટેલ

જમીનનો પ્લોટ મળવાની આશા ફરીથી જન્મી, તો બીજી તરફ કમળાબહેનના બંગલાનો અર્ધો પ્લોટ પણ લટકામાં મળવાનો. આમ બંને હાથમાં લાડુ દેખાતા હતા. તેમ છતાં કમળાબહેનના દાનની મૂળ પ્રપોઝલમાં ધરમૂળથી ફેરફાર થતો હોય, એ સહમત થશે કે નહીં, તેની ચિંતા સતાવતી હતી. જોકે બુઝુર્ગ સાથી ચંદુકાકા અમને આશ્વાસન આપતા રહેતા કે, 'ચિંતા ન કરો. નસીબમાં હશે તો સૌ સારા વાના થશે.' જોકે સૌના આશ્ચર્ય વચ્ચે એક પછી એક પાસા સવળા પડવા લાગ્યા એટલે કાકાની વાત ખરી સાબિત થતી લાગી.

## શિરે મોટી જવાબદારી

કમળાબહેને મને મુંબઈ આવીને મળી જવા જણાવ્યું. શામજીકાકા સાથે હું તેમને મળવા ગયો. સંસ્થાને અતિ ઉપયોગી લગત પ્લોટ મળતો હોય તો, પોતાના બંગલા સહિત અડધો પ્લોટ રમણીકભાઈની સંસ્થાને અને

બાકી વધે એ અડધો પ્લોટ બહેરાંમૂંગાં શાળાને દાનમાં આપવા, તેઓ બહુ સરળતાથી સહમત થઈ ગયાં અને વળી કોઈ શરત વગર! કમળાબહેન સાથે વાટાઘાટ પૂરી કરીને હું ભાવનગર આવ્યો. ત્યાં ટપાલમાં કમળાબહેનનું આ કુલમુખત્યારનામું આવી પડ્યું! આ કુલમુખત્યારનામાથી એમના પ્લોટના બે ભાગ કરી, એક ભાગ રમણીકભાઈની સંસ્થાને અને બીજો ભાગ બહેરાંમૂંગાં શાળાને દસ્તાવેજ કરીને આપવાની બધી જ સત્તા મને આપવામાં આવી હતી. આ રીતે કમળાબહેને મારામાં વિશ્વાસ તો મૂકયો જ હતો, સાથોસાથ મારે શિરે મોટી જવાબદારી પણ મૂકી હતી.

## ન કરે નારાયણ અને કાંઈક થશે તો ?

કમળાબહેનની પ્રૉપર્ટીના દસ્તાવેજ કરી આપવાનું કામ સહેલું ન હતું. લૅન્ડ સિલિંગ, ઈન્કમટેક્ષ અને મ્યુનિસિપાલિટી જેવા એક-એકથી કઠિન, 'અભિમન્યુના કોઠા' જેવા વિભાગો વીંધવાના હતા. હવે નસીબની બલિહારી જુઓ, આ કાર્યવાહી ચાલતી હતી એ દરમ્યાન રમણીકભાઈની ધીરજ ખૂટી ગઈ. એમનો પ્લોટ અમારે નામ કરી દેવા એ ઉતાવળા થયા. મ્યુનિસિપાલિટીની સ્ટૅન્ડિંગ કમિટીમાં જઈને વાત કરી. નિયમ એવો હતો કે લિઝ હોલ્ડ પ્લોટ, ટ્રાન્સફર ન કરી શકાય બિનશરતી પાછો આપવો જોઈએ. રમણીકભાઈએ પ્લોટ પાછો આપવાનું લખાણ, મ્યુનિસિપાલિટીની સ્ટૅન્ડિંગ કમિટીનો કરી આપ્યું. મ્યુનિસિપાલિટીએ પ્લોટ પાછો લીધો અને અમારી આ લગત પ્લોટની માગણી મૂકવા કહ્યું. અમે માગણી મૂકી ને આ લગત પ્લોટ સંસ્થાને નામે થઈ ગયો! આમ, અમારી સમસ્યા તો ઊકલી ગઈ પરંતુ હવે રમણીકભાઈની ચિંતા સતાવતી હતી, કારણ કે કમળાબહેનના પ્લોટના તુમારમાંથી રોજ નવાનવા ફણગા ફૂટતા હતા. ન કરે નારાયણ અને કાંઈક થશે તો ?

## લીધેલી વાત ન મૂકવાનો આગ્રહ

પરંતુ આખરે ભગવાને લાજ રાખી ખરી. કમળાબહેનના પ્લોટના 'એ' અને 'બી' એમ બે ભાગ કરવાની મંજૂરી મળી ગઈ. દસ્તાવેજ કરતા પહેલા પ્લોટના બે ભાગ કરી ફેન્સિંગનું માપ સમજવા રમણીકભાઈ સાથે સ્થળ ઉપર મળ્યા. બંગલાવાળા પ્લોટ 'એ' ના એક ખૂણેથી પ્લોટ 'બી' માં જવા માટે ૨૦ ફૂટની ગલી નકશામાં મુકાવી હતી. તે જોઈને રમણીકભાઈએ વાંધો લીધો. ગલીની પહોળાઈ પાંચ ફૂટ ઓછી કરીને પોતાના પ્લોટ 'એ' માં ભેળવી દેવા તેઓએ આગ્રહ કર્યો, કહો કે હઠાગ્રહ કર્યો. પ્લોટ 'બી' માં બાંધકામ સમયે અમારે ટ્રક, જેસીબી વગેરે લાવવા લઈ જવા ગલીની ૨૦ ફૂટ પહોળાઈ જોઈએ એવી વાત, તેમને ગળે ઊતરી નહીં. સામસામે દલીલ થતાં તેઓ ગુસ્સે થઈ ગયા અને હાથમાંના નકશાનો ઘા કરી, 'મારે પ્લોટ જ જોતો નથી.' કહીને ચાલતી પકડી. એમનો 'શૉર્ટ ટેમ્પરામેન્ટ' અને 'લીધેલી વાત ન મૂકવાનો હઠાગ્રહ', હું જાણતો હતો. વળી, અમારા ભરોસે કોઈ શરત કે લખાણ વગર એમનો પ્લોટ, સંસ્થાને નામે તેણે કરાવી દીધો હતો. આ પરિસ્થિતિમાં બાંધછોડ કરવી પડે તો કરીને, નમતું મૂકવાની મારી નૈતિક ફરજ સમજી, મેં હાથેપગે લાગીને, તેમને ઊભા રાખ્યા.

**એમનો 'શોર્ટ ટેમ્પરામેન્ટ' અને 'લીધેલી વાત ન મૂકવાનો હઠાગ્રહ', હું જાણતો હતો. વળી અમારા ભરોસે કોઈ શરત કે લખાણ વગર એમનો પ્લોટ, સંસ્થાને નામે તેણે કરાવી દીધો હતો. આ પરિસ્થિતિમાં બાંધછોડ કરવી પડે તો કરીને, નમતું મૂકવાની મારી નૈતિક ફરજ સમજી મેં હાથેપગે લાગીને, તેમને ઊભા રાખ્યા**

## દસ્તાવેજ કરી આપવા ઉપર, પ્રશ્નાર્થ મુકાઈ ગયો

મહામહેનતે ઊભા તો રહ્યા પરંતુ રોષે ભરાઈને, મારી સામું જોઈને બોલ્યા, 'એક તસુ પણ ઓછી જમીન લઈશ નહીં.' આવો મક્કમનિર્ધાર કરવા જતાં ફરીથી નવા નકશા કરાવી, પાસ કરાવવામાં સમય લાગશે, દાતા કમળાબહેનની માંદગી ગંભીર છે. એ સંજોગોમાં કાંઈ બની જાય તો, મારા નામનું કુલમુખત્યારનામું રદ થઈ જાય. પછી મારાથી

**આ આટાપાટાનો વિચાર કરું છું ત્યારે દિમાગ કામ નથી કરતું. જ્યાં એક પ્લોટની આશા ન હતી, ત્યાં ત્રણત્રણ પ્લોટની બહુમૂલ્ય પ્રોપર્ટી સંસ્થાને મળી,નસીબ કેવું કહેવું ?**

પ્લોટનો દસ્તાવેજ રમણીકભાઈની સંસ્થાના નામે ન થઈ શકે. આ સંજોગોમાં આ જીદ ભારે પડી શકે છે. આ બધા ભયસ્થાન મેં તેમને કહ્યા, તેમ છતાં તેઓ ન જ માન્યા. છેવટે નસીબમાં હશે તે થશે એમ સમજી, નવા નકશા કરવા મ્યુનિસિપાલિટીમાં કસરત શરૂ કરી, તેમાં ઘણા સમયનો વ્યય થયો. અંતે ફરી મંજૂરી આવતાં, મેં પ્લોટ 'એ' અને 'બી' એમ બંનેના દસ્તાવેજ કરી નાખવાની તૈયારી ઝડપથી કરી લીધી. પ્લોટનું દાન લેનાર સંસ્થા, ચેરિટી એક્ટ નીચે નોંધાયેલી હોય અને ઈન્કમટેક્ષ એકઝેમ્પશન સર્ટિફિકેટ ધરાવતી હોય, તે જરૂરી હતું. રમણીકભાઈને આ વાત પહેલેથી મેં કરી દીધી હતી. પરંતુ જ્યારે આધારપુરાવા રજૂ કરવાનું થયું, ત્યારે તેની સંસ્થાનું ઈન્કમટેક્ષ એકઝેમ્પશન તો ક્યારનું રદ થઈ ગયું છે, તેમ જાણવા મળ્યું. અમુક કારણોસર તે રિન્યુ થઈ શકે તેમ જણાતું ન હતું. દરમ્યાન પ્લોટ 'બી' નો દસ્તાવેજ બહેરાંમૂંગાં શાળાના નામે કરી મેં એક કામ પૂરું કર્યું. એવામાં કમળાબહેનનું અવસાન થયું. હવે મારા નામનું કુલમુખત્યારનામું નકામું બની ગયું. એટલે રમણીકભાઈની સંસ્થાને, બંગલા સાથે પ્લોટ આપવાનો દસ્તાવેજ કરી આપવા ઉપર, પ્રશ્નાર્થ મુકાઈ ગયો.

## જીવનની છેલ્લી ઘડી સુધી વચનબદ્ધતા

પાંચ ફૂટ વધારે જમીન લેવાની જીદમાં રમણીકભાઈએ બંગલો અને પોતાનો પ્લોટ બંને ગુમાવ્યા હતા. હવે શું કરવું ? તેની ગડમથલ ચાલતી હતી. ત્યારે કેટલાક વરસ આમ જ પસાર થઈ ગયાં. એવામાં કમળાબહેનના પરિવાર તરફથી સંદેશો આવ્યો. કમળાબહેને તેમના વિલમાં ભાવનગરની પ્રૉપર્ટી માટે, અગાઉ મને આપેલા કુલમુખત્યારનામા મુજબ અમલ કરવા, તેમના વારસદારોને આદેશ કર્યો હતો. જીવનની છેલ્લી ઘડી સુધી વચનબદ્ધતા માટે, આવા દાતાને સલામ કરવાનું મન થાય! આ સમાચાર પછી અમે રાહતની લાગણી અનુભવી. કમળાબહેનના વારસદારોને વિલનો અમલ કરવા માટે, હવે કોર્ટમાંથી પ્રોબેટ મેળવવાનું હતું. તેમાં વળી એક વારસ માઈનોર હોવાથી, તે પુખ્ત થાય ત્યાં સુધી રાહ જોવી પડી. લગભગ પાંચ છ વરસ પછી સુપ્રિમકોર્ટમાંથી ક્લિયરન્સ મળ્યું એટલે રમણીકભાઈની સંસ્થાને દસ્તાવેજ કરી આપવાનો માર્ગ મારે માટે મોકળો થઈ ગયો.

## બાબા, મારે હવે બંગલાનો ખપ નથી

આ બધી ઉથલપાથલમાં વર્ષ ઉપર વર્ષ વીતી ગયા હતા. પરંતુ હવે માથેથી રમણીકભાઈનું ઋણ ઉતારવાનો સમય આવી ગયો હતો, એટલે મેં નિરાંત અનુભવી. હું તેમને મળવા દોડી ગયો. કમળાબહેનના બંગલાનો દસ્તાવેજ તૈયાર કરાવવા, રમણીકભાઈની સંસ્થાના કેટલાક કાગળોની મારે જરૂરત હતી. મેં તેમની પાસે તે માંગ્યા. ત્યારે મારી સામું જોઈને કહે, 'બાબા, મારે હવે બંગલાનો ખપ નથી.' મેં પૂછ્યું, 'પણ કેમ?' તો કહે, 'બસ એમ જ.' બંગલો સંભાળી લેવા મેં તેમને ઘણા સમજાવ્યા, પરંતુ અંતે હું નિષ્ફળ રહ્યો. આખરે પ્લોટ 'એ' બંગલા સાથેનો દસ્તાવેજ પણ, બહેરાંમૂંગાં શાળાના નામે મારે કરવાનું થયું. બાર વરસ ચાલેલા આ આટાપાટાનો વિચાર કરું છું ત્યારે દિમાગ કામ નથી કરતું. જ્યાં એક પ્લોટની આશા ન હતી, ત્યાં ત્રણત્રણ પ્લોટની બહુમૂલ્ય પ્રૉપર્ટી સંસ્થાને મળી, નસીબ કેવું કહેવું ? સમગ્ર ઘટનામાં એક પછી એક અવળા પાસાને, સવળા કરવાનું શ્રેય કોને આપવું ? કોઈ કહે નસીબને તો કોઈ કહેઃ 'પુરુષાર્થને!' આમ કોઈ એક ચોકકસ ઉત્તર નથી મળતો, ત્યારે ચંદુકાકાની પેલી વાત યાદ આવે છે. એ હંમેશાં કહેતા, ''માનો યા ન માનો, સંસ્થાનું પણ નસીબ હોય છે.''

જોકે જીવનના આ યાદગાર પ્રસંગમાંથી, મનમાં ઉદ્ભવેલા કેટલાક પ્રશ્નો આજે પણ અનુત્તર રહ્યા છે. જેમ કે, નસીબ અને એ પણ સંસ્થાનું? મારા મનમાં ચાલી રહેતી આ દ્વિધાનો ઉકેલ આજે પણ મને મળ્યો નથી ત્યારે 'જેહના ભાગ્યમાં, જે સમે જે લખ્યું, તેહને, તે સમે, તે જ પહોંચે...' એ નરસિંહ મહેતાની પંકિત વાગોળીને પ્રશ્ન ઉપર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયત્ન કરું છું.

# રઝળપાટનો અંત

બહેરાં મૂંગાંની શાળાની સ્થાપનાને પંદરેક વરસનો સમય પસાર થઈ ગયો. દરમ્યાન મેં ગુજરાતની ઘણી શાળાઓ જોઈ. ઘણી શાળાના સંચાલકો અને શિક્ષકોને પણ મળ્યો. પરંતુ અફસોસ, બધી જગ્યાએ એ જ ચીલાચાલુ શિક્ષણ, જૂની પુરાણી પદ્ધતિ, અને વૈજ્ઞાનિક અભિગમનો સદંતર અભાવ.એક તરફ આ નિરાશાજનક સ્થિતિ હતી અને બીજી તરફ લંડન, અમેરિકાની 'મોસ્ટ ઍડ્વાન્સ્ડ ડેફ' સ્કૂલોનો અભ્યાસ કરીને, અદ્યતન શાળાના મકાનનું બાંધકામ અમે પૂરું કરવા જઈ રહ્યા હતા. હવે જ્યારે વ્યાવસાયિક તાલીમ માટે શાળાનું બેઝમૅન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બાર જેટલાં કલાસ રૂમ, ઑડિયોલૉજી, અને સ્પીચ ડિપાર્ટમેન્ટ તથા ઈયર મોલ્ડ કિલનિક અદ્યતન સાધનો સાથે સજ્જ હતાં ત્યારે, ચીલાચાલુ શિક્ષણ પ્રથામાંથી બહાર નીકળીને, શિક્ષણના અદ્યતન પ્રવાહોમાં જોડાવું, તો કેવી રીતે જોડાવું ? એ એક પેચીદો પ્રશ્ન ઉપસ્થિત થયો. સંસ્થા પાસે જે શૈક્ષણિક કર્મચારીઓ હતા, તેમણે વર્ષો જૂની આઉટડેટેડ શિક્ષણ વ્યવસ્થામાં તાલીમ મેળવી હતી. તેનું જ્ઞાન મર્યાદિત હતું. દુનિયા આજ ક્યાંથી ક્યાં પહોંચી ગઈ છે? તેની તેને ખબર સુધ્ધાં ન હતી અને છતાં એ પોતાના ખ્યાલોમાં જ રાચતા હતા.

**ચીલાચાલુ શિક્ષણ પ્રથામાંથી બહાર નીકળીને, શિક્ષણના અદ્યતન પ્રવાહોમાં જોડાવું, તો કેવી રીતે જોડાવું ? એ એક પેચીદો પ્રશ્ન ઉપસ્થિત થયો.**

## ઈ.એ. આર. સેન્ટર ઉપયોગી જણાયું

આ સમસ્યાની ચર્ચા સંસ્થાની મુંબઈ કમિટીમાં થઈ ત્યારે, કમિટીના સભ્ય ચંપકભાઈ મોદી હાજર હતા. તેની પુત્રી શ્રવણમંદ હતી. ચંપકભાઈ ને પત્ની ઈલાબહેને, મુંબઈના જાણીતા ઑડિયોલૉજિસ્ટ રમેશભાઈ ઓઝાના માર્ગદર્શન નીચે વહાલસોયી પુત્રી રક્ષાના સ્પેશિયલ એજ્યુકેશનની વ્યવસ્થા, મદ્રાસની 'લિટલ ફ્લાવર' સ્કૂલમાં કરી હતી. આ 'લિટલ ફ્લાવર' સિસ્ટર રીટા મેરી ચલાવતાં હતાં. મૉડેલ સ્કૂલમાં તેનું નામ હતું. ચંપકભાઈએ મને, ઑડિયોલૉજિસ્ટ રમેશભાઈ ઓઝાનો પરિચય કરાવ્યો. રમેશભાઈએ મુંબઈના ચોપાટી બૅન્ડ સ્ટૅન્ડ પાસે, મિસિસ ડિસાની 'સ્ટિફન સ્કૂલ' અને નેપિઅન્સી રોડ ઉપર આવેલ 'ઈ.એ.આર. સેન્ટર' ની ડેફ સ્કૂલ બતાવી. અહીં અર્લિ ઈન્ટરવેનશન ડિપાર્ટમેન્ટમાં નાનાનાના ભૂલકાંઓની ઑડિયોમિટ્રી, પ્રોપર હિયરિંગ એઈડનું ફિટિંગ, ઈયર મોલ્ડ, અને ઈશારાને બદલે 'ઓરલ મેથડ' પર અદ્‌ભુત કામગીરી થતી હતી. જેનું મેં યુ.કે. થી મંગાવેલ મૉડેલ સ્કૂલના લિટરેચરમાં વાંચીને સ્વપ્નું સેવ્યું હતું. આ બે સ્કૂલમાં પણ મને ઈ.એ.આર. સેન્ટર વધુ ગમ્યું. કારણ કે અહીં ટીચર્સ ટ્રેનિંગ સ્કૂલ પણ ચાલતી હતી. રમેશભાઈ આ સેન્ટરમાં ડાયરેકટર પણ હતા. ગુજરાતમાં એક અદ્યતન ડેફ સ્કૂલના મૉડલનું ભાવનગરમાં સર્જન કરવા માટે, ઈ.એ.આર. સેન્ટર મને બહુ ઉપયોગી જણાયું. એટલે રમેશભાઈ ઓઝા મુંબઈમાં જાણીતા ઑડિયોલૉજિસ્ટ, પોતાનું કિલનિક ઉપરાંત, જશલોક



ઑડિયૉલૉજીસ્ટ રમેશભાઈ ઓઝા અને ટસ્ટ્રી ચંપકભાઈ મોદી

હૉસ્પિટલ વગેરેમાં વ્યસ્ત હોવા છતાં, સમય કાઢીને ચંપકભાઈની સાથે એક દિવસ ભાવનગર આવ્યા. 'રોયલ નેશનલ ઈંસ્ટિટયૂટ ફોર ધી ડેફ' યુ. કે. ના ટૅકનિકલ ડેટા લઈને, આર્કિટેકટ ધનસુખ ભટ્ટની ડિઝાઇન ઉપરથી બનાવેલી સ્કૂલની ઇમારત જોઈને તે આશ્ચર્યચકિત થઈ ગયા. 'ભાવનગરમાં આવી સ્કૂલ? તમે લોકોએ તો કમાલ કરી છે. બાબાભાઈ !' ત્યારે મેં કહેલું; 'આ તો એક ખોખું છે, તેમાં તમારે પ્રાણ પૂરવાનો છે.' અને જોઈએ તે સહયોગ આપવા તેમણે તૈયારી બતાવી. તે દિવસે સાંજના સંસ્થાના બગીચામાં એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું. રમેશભાઈએ પોતાનો પ્રતિભાવ આપ્યો. અને આ શાળામાં પ્રાણ પૂરવા માટે એક પ્રિન્સિપાલની જરૂર છે. તે માટે મુંબઈના ઈ.એન.આર. સેન્ટરમાં મને, ટીચર્સ ટ્રેનિંગ માટે મોકલવા ટ્રસ્ટીઓને સૂચન કર્યું. રમેશભાઈનું સૂચન સારું હતું, પરંતુ મારી પ્રકૃતિને અનુકૂળ ન હતું, હું શિક્ષણનો નહીં, પરંતુ મૅનેજમેન્ટનો માણસ છું, એ જાણતો હતો. શિક્ષકના સ્વભાવમાં એકાગ્રતા જોઈએ. જયારે હું સ્વભાવે ચંચળ અને જિજ્ઞાસુ છું, મને હંમેશાં કાંઈક નવુંનવું સર્જન કરવામાં રસ છે. અંતે, રમેશભાઈ મારી વાત સાથે સહમત થયા અને ટ્રેનિંગ માટે કોઈ એક સારા શિક્ષકને મુંબઈ મોકલવાની સલાહ આપતા ગયા.

**'ભાવનગરમાં આવી સ્કૂલ ? તમે લોકોએ તો કમાલ કરી છે. બાબાભાઈ !' ત્યારે મેં કહેલું : 'આ તો એક ખોખું છે, તેમાં તમારે પ્રાણ પૂરવાનો છે.'**

## હર્ષાબહેન ત્રિવેદીની તાલીમ માટે પસંદગી

અમારા લાખ પ્રયત્નો છતાં, મુંબઈ એક વરસની ટ્રેનિંગમાં જવા માટે કોઈ યોગ્ય ઉમેદવાર મળતા ન હતા. એક તો મુંબઈ જેવું મોઘું શહેર, વળી રહેવાની વ્યવસ્થા તાલીમાર્થીએ પોતે કરવાની, અને અંગ્રેજી માધ્યમમાં ખૂબ મહેનત માંગી લેતો, ઈ.એ.આર. સેન્ટરનો સિલેબસ. ઘણી શોધખોળ પછી, સંસ્થાના કાર્યકર મહાસુખભાઈ રાણા, હર્ષાબહેન ત્રિવેદીને મુંબઈ તાલીમ લેવા જવા રાજી કરીને, મારી પાસે લઈ આવ્યા. રમેશભાઈને હર્ષાબિનનો બાયોડેટા મોકલ્યો. એ અંગ્રેજી મીડિયમમાં ભણેલાં હતાં અને બ્રાઈટ કેરિયર હતી, સિલેકટ થઈ ગયાં. મુંબઈના ટ્રસ્ટી કાંતિભાઈએ, વર્કિંગ વીમેન્સ હોસ્ટેલમાં હર્ષાબિનની રહેવાની વ્યવસ્થા ગોઠવી આપી અને હર્ષાબહેન ત્રિવેદીની તાલીમ શરૂ થઈ, અમે નિરાંતનો શ્વાસ લીધો. દોઢ દાયકાની તપશ્ચર્યા અને રઝળપાટના અંતે, રમેશભાઈ ઓઝા જેવા તજ્જ્ઞ મળ્યા, જેણે વિકાસની કેડી કંડારવાનો ઉપાય બતાવ્યો. ઈ.એ.આર. સેન્ટર જેવી દેશની ટોચની સંસ્થાએ શિક્ષક તૈયાર કરી આપવા તૈયારી દર્શાવી અને હર્ષાબહેન ત્રિવેદી જેવા તાલીમાર્થી મળી ગયાં એટલે હવે શિક્ષણની સાચી દિશામાં આગળ વધી શકાશે, એવી મારી શ્રદ્ધા દૃઢ બની.



# શ્રીમતી કુસુમબહેનઃ શિક્ષણની ક્રાંતિના જનેતા



## અમે ગાડું ગબડાવે જતા

૧૯૭૬માં બહેરાંમૂંગાં શાળાના નવા બંધાયેલાં મકાનમાં શિક્ષણ કાર્ય ચાલુ કરી દીધું હતું. એ સમયે આધુનિક શિક્ષણ પ્રથામાં ભણીને તૈયાર થયેલાં શિક્ષકો ન હતા. અને એ ન મળે ત્યાં સુધી, પ્રિન્સિપાલની જગ્યા ભરવાનું હિતાવહ ન હતું. ઇન્ચાર્જ પ્રિન્સિપાલથી શાળાનું ગાડું ગબડાવે જતા હતા. હું મંત્રી હતો. પૂરો સમય સંસ્થામાં બેસતો અને દરેક નિર્ણય લેતો. આ સંસ્થાને જે ઊંચાઈ ઉપર લઈ જવાનું ધાર્યું હતું, તેનું નેતૃત્વ કરી શકે એવી વ્યકિત ન મળે ત્યાં સુધી, પ્રિન્સિપાલની જગ્યા ભરવી નહીં તેમ નકકી કર્યું હતું. આ ભાવના નહી સમજી શકનારા, ટૂંકી દ્રષ્ટિ ધરાવતાં લોકોમાં, 'બાબાભાઈ કોઈને પ્રિન્સિપાલ થવા દેશે નહીં, પોતે જ બધું ચલાવે રાખશે.' એવી ચર્ચા ખૂણે ખાંચે થતી રહેતી.

એક દિવસ એક અજાણ્યાં બહેન સંસ્થા જોવા ઑફિસમાં આવી ચડયાં. નામ પૂછયું તો કહે કુસુમ. ઘણાં લોકો સંસ્થા જોવા આવતાં હોય છે, એટલે એમજ કુસુમબહેનને સંસ્થા બતાવવા મેં કોઈને કહ્યું. એકાદ કલાક પછી કુસુમબહેન ફરી પાછાં આવીને બેઠાં. કહે, 'શાળા તો બહુ સરસ છે. અહીં કામ કરવું હોય તો શું કરવું જોઈએ?' પ્રશ્ન સાંભળીને હું ચમકયો. પૂછપરછ કરી તો જાણવા મળ્યું તે મુજબ, અમારા વડીલ ચંદુકાકાએ આ બહેનને સંસ્થા જોઈ જવા કહ્યું હતું. તેમણે બી.એ., અને પ્રિ.પી.ટી.સી. સુધી અભ્યાસ કર્યો હતો અને તે અમારી બાજુમાં આવેલાં તાપીબાઈ વિકાસ ગૃહ સંચાલિત, વિશુદ્ધાનંદ પ્રાથમિક શાળાના બાલમંદિરમાં સુપરવાઇઝરની નોકરી કરતાં હતાં. સંસ્થામાં કામ કરવા માટે સ્પેશિયલ ટીચર્સનો ટ્રેનિંગ કોર્સ કરવો પડે ને હવે અમદાવાદને બદલે, મુંબઈ, ઈ.એ.આર. સેન્ટરમાં ટ્રેનિંગ માટે મોકલવાનું પસંદ કરીએ છીએ. મુંબઈમાં ટ્રેનિંગનું કામ મીડિયમ ઈંગ્લિશમાં છે, અને ચાલુ નોકરી છોડીને મુંબઈ જવું પડે. ગુજરાતી મીડિયમમાં ભણેલાં કુસુમબહેનને આ બધી મુશ્કેલી મેં સમજાવી, ત્યારે મને એમ હતું કે આ સાંભળીને હમણાં ફસકી જશે, પરંતુ મારી ધારણા ખોટી પડી. મારી વાત સાંભળીને કહે, 'એ બધાને હું પહોંચી વળીશ, પહેલાં તમે મને પસંદ તો કરો.' આ બહેનનું મનોબળ જોઈને તેનામાં વધુ રસ પડયો. કીધું, 'ચાલુ નોકરી છોડીને બહેન શું કામ તમે આ બધું કષ્ટ ઉપાડવા તૈયાર થાવ છો ?' તો કહે, 'શ્રવણેન્દ્રિયની ખામીવાળાં બાળકો પ્રત્યે સહાનુભૂતિ અને કાંઈક નવું કરવાની ઈચ્છાથી, ચાલુ નોકરી છોડવી છે.' આ સાંભળીને હું દંગ રહી ગયો. વર્ષોથી હું જેની આશા લગાવીને બેઠો હતો, તેવી વ્યકિત સામે ચાલીને આમ આવી હતી!

> **'શ્રવણેન્દ્રિયની ખામીવાળાં બાળકો પ્રત્યે સહાનુભુતિ અને કાંઈક નવું કરવાની ઈચ્છાથી, ચાલુ નોકરી છોડવી છે.' આ સાંભળીને હું દંગ રહી ગયો. વર્ષોથી હું જેની આશ લગાવીને બેઠો હતો, તેવી વ્યક્તિ સામે ચાલીને આમ આવી હતી !**

## આ તો બહું કહેવાય !

મીટિંગ બોલાવી. બધાં મળ્યાં. કુસુમબહેનની એપ્લિકેશન, મુંબઈ ઈ.એ.આર. સેન્ટરમાં મોકલાવી. પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું. ગુજરાતી માધ્યમમાંથી આવતાં હોય એડમિશન માટે ના પાડવામાં આવી. થિયરી લેકચર,

**કુસુમબહેન ટ્રેનિંગ લઈને આવ્યાં, ત્યારે સંસ્થાનો શૈક્ષણિક માહોલ ડહોળાયેલો હતો. અમારે ત્યાં તો પંદરસત્તર વરસથી નાવિક વગરની નાવ દિશાસૂઝ વગર અમે હંકારે જતા હતા.**

પ્રેક્ટિકલ, એક્ઝામ બધું અંગ્રેજીમાં ચાલે, એટલે ગુજરાતી માધ્યમવાળા પહોંચી શકે નહીં, તેવો સેન્ટરના મૅનેજમેન્ટનો અભિપ્રાય હતો, જોકે મારી દરમ્યાનગીરી પછી રમેશભાઈ ઓઝાએ મેટર હાથમાં લીધી. 'આપણે દેશભરમાં ડેફ બાળકોના અદ્યતન શિક્ષણનો પાયો નાખવા બેઠા છીએ તો માત્ર મુંબઈનો જ કેમ વિચાર કરીએ ? ગુજરાતમાં કામ શરૂ કરવાની આ તક છે. કુસુમબહેન કહે છે કે એ અંગ્રેજીના હર્ડલને પહોંચી વળશે. 'તો કરવા દો તેને મહેનત ને એવું હશે તો હું તેને માર્ગદર્શન આપીશ.' રમેશભાઈની આ રજૂઆત કામ કરી ગઈ. કુસુમબહેનને એડમિશન મળી ગયું. આ બહુ સારા સમાચાર હતા. કારણ કે હર્ષાબહેન ત્રિવેદીને ઈ.એ.આર.માં ભણવા મૂકયા હતા. પરંતુ તેના રિપોર્ટ નબળા આવતા હતા ને પછી બન્યુ પણ એવું જ, હર્ષાબહેન પહેલાં વર્ષમાં બધા પેપર્સ કિલયર કરી શકયા નહીં. ૧૯૭૭માં રમેશભાઈ ઓઝાના માર્ગદર્શન નીચે, પૂરી લગન સાથે પરિશ્રમ કરીને, કુસુમબહેને સારા દેખાવ સાથે શ્રવણમંદોના શિક્ષકોની ડિપ્લોમા પરીક્ષા પાસ કરી ભાવનગર આવ્યાં ને સંસ્થાના સરકારી સેટઅપમાં મદદનીશ શિક્ષકની જગ્યા ઉપર જોડાઈ ગયાં. કુસુમબહેન ટ્રેનિંગ લઈને આવ્યાં, ત્યારે સંસ્થાનો શૈક્ષણિક માહોલ ડહોળાયેલો હતો. કોઈ પણ કામ પહેલેથી નવું જ આદરવાનું હોય તો સહેલું બની રહેતું હોય છે, પરંતુ અમારે ત્યાં તો પંદરસત્તર વરસથી નાવિક વગરની નાવ દિશા સૂઝ વગર અમે હંકારે રાખી હતી. હવે આ નાવનું સુકાન કુસુમબહેને સંભાળવાનું હતું જે સહેલું જણાતું ન હતું.

## કૌશલ્યવાન શિક્ષકોનું ઘડતર

પરંપરાગત રૂઢિચુસ્ત શિક્ષણ વ્યવસ્થામાંથી સંસ્થાને બહાર લાવવી, એ મોટો પડકાર હતો. આધુનિક વૈજ્ઞાનિક ટૅકનૉલૉજીમાં શ્રદ્ધા ધરાવતા શિક્ષકો વગર આ કામ કરવાનું શકય ન હતું. ૧૯૮૦માં સંસ્થામાં, ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ શરૂ કરી અને તેમાં કૌશલ્યવાન શિક્ષકોના ઘડતર માટે કુસુમબહેનને પ્રિન્સિપાલની વધારાની જવાબદારી સોંપવાનું ઠરાવ્યું. આ દુરંદેશી નિર્ણય પછી, વર્ષોવર્ષ ટ્રેનિંગ કૉલેજમાંથી ચુનંદા શિક્ષકો મળવા લાગ્યા. અને જૂની તરાહનાંને પલોટયા. તેના પરિણામે મૃદુલાબહેન દેસાઈ, ચેતનાબહેન કોઠારી, રશીદાબહેન મરચન્ટ, હર્ષાબહેન ત્રિવેદી, પ્રમીલાબહેન ખારા, જયશ્રીબહેન ભટ્ટ, કૈરવીબહેન શાહ, દક્ષાબહેન સવજિયાણી, ઈલાબહેન મજમુદાર, પ્રજ્ઞાબહેન ત્રિવેદી, લીલાબહેન ચૌહાણ, બીનાબહેન ગાંધી જેવા નવી તરાહના શિક્ષકો તૈયાર થયા. આમ ધીમેધીમે સંસ્થામાં નવો પ્રાણ ફૂંકાવો શરૂ થયો. હવે શાળાના પ્રિન્સિપાલની જગ્યા ભરવા માટે સાનુકૂળ વાતાવરણ બનતું જતું હતું. પ્રિન્સિપાલની જગ્યા સરકારી સેટઅપની હતી, એટલે તેની પ્રોસિજર કરવી પડે અને ગફલત થાય તો કુસુમબેનની જગ્યાએ કોઈ બીજું પણ બેસી જાય. તે સમયે સમાજ સુરક્ષા ખાતાના ડાયરેક્ટર કુ. દિવ્યાબહેન મારવાડી ઘણાં કો-ઓપરેટિવ હતાં. ઈન્ટરવ્યૂ કરતાં પહેલાં મેં તેમને વિશ્વાસમાં લીધા. ઈન્ટરવ્યુમાં સબ્જેક્ટ એકસપર્ટ તરીકે, મુંબઈથી મિસિસ હુડલીકરને બોલાવ્યાં.



**'શ્રવણપંગુ બાળકોમાં, ઊંચી શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવી કપરી છે. કારણ કે આવું વિશિષ્ટ શિક્ષણ પ્રદાન કરવા માટે, શિક્ષકમાં ઊંડી આત્મસૂઝની આવશ્યકતા છે. આવી આત્મસૂઝ માત્ર ડિગ્રીઓને લીધે નથી આવી જતી. આ માટે શિક્ષક જન્મે છે, બનતા નથી.'**

કુસુમબહેન સામે પ્રિન્સિપાલની જગ્યા માટે એક હરીફ ઉમેદવાર હતા પરંતુ એ ટકી શકયા નહીં. આખરે કુસુમબહેને પ્રિન્સિપાલ થઈને, શાળાનું સુકાન સંભાળ્યું.

૧૯૮૦માં પ્રિન્સિપાલ થયાં પછી કુસુમબહેનને કપરાં ચઢાણ ચડવાનાં હતાં. વિશ્વભરમાં ઉત્તમોત્તમ ગણાતી ઓરલ મેથડમાં તેઓ ભણીને આવ્યાં હતાં ત્યારે શરૂઆતમાં કેવા નકારાત્મક અનુભવ થયા, એ તેના જ શબ્દોમાં જોઈએ. 'ઓરલ પદ્ધતિ દ્વારા ભાષા વિકાસ ન થાય. આ બાળકો સ્વતંત્ર અભિવ્યકિત કરી જ ન શકે.' તેવું વારંવાર મેં શિક્ષકો પાસેથી સાંભળ્યું. શિક્ષકો પૂછતા. 'શું બધા જ બાળકોને મશીન પહેરાવવાં જરૂરી છે?' મને આવા પ્રશ્નોથી નવાઈ લાગતી. નિબંધ લેખનમાં દરેક બાળકોની ઉત્તરવહીમાં એક જ સરખા બીબાંઢાળ વાકયોથી લાગે કે બધાંએ ગોખ્યા હશે.' કુસુમબહેન લખે છે 'શ્રવણપંગુ બાળકોમાં, ઊંચી શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવી કપરી છે. કારણ કે આવું વિશિષ્ટ શિક્ષણ પ્રદાન કરવા માટે, શિક્ષકમાં ઊંડી આત્મસૂઝની આવશ્યકતા છે. આવી આત્મસૂઝ માત્ર ડિગ્રીઓને લીધે નથી આવી જતી, આ માટે શિક્ષક જન્મે છે બનતા નથી.'

## ભાષા વિકાસના દ્વાર ખોલ્યાં

આમ જેની પાસેથી કામ લેવાનું હતું, તે શિક્ષકોની જ પાસે શિક્ષણના પાયાના સિદ્ધાંતોની સાચી સમજનો અભાવ હતો. પરંતુ કુસુમબહેને કુનેહપૂર્વક જૂના સાથીઓને સાથે રાખીને તેને પલોટયા, નવા સાથીઓને ધૈર્યપૂર્વક તૈયાર કર્યા, શિક્ષણની નવી તરાહના પ્રયોગ આદર્યા. જૂની રૂઢિગત ગોખણપટ્ટીવાળી શિક્ષણ પ્રથાને તિલાંજલિ આપી અને મૌખિક પદ્ધતિ 'શ્રવણ કથન' ને શાળામાં દાખલ કરી, સાથે ભાષા વિકાસના દ્વાર ખોલ્યાં. જોકે એક મેથડમાંથી બીજી મેથડ અપનાવવાનું કામ સહેલું ન હતું. કારણ કે તે સમયે સમાજમાં પણ અનેક અવરોધો હતા. જેમ કે શ્રવણમંદ બાળકોની ઓળખ બહુ મોડી થતી. ઈ.એન.ટી. અને ઑડિયોલૉજિસ્ટ જવલ્લે જ મળતા, શ્રવણયંત્ર મોંઘા ને વાલીઓની અજ્ઞાનતા.

## વર્લ્ડ કૉન્ફરન્સ અને વિશ્વનું પરિભ્રમણ

આ બધા અવરોધોને ઓળંગી જવા માટે બાળકો, શિક્ષકો અને માતાઓને ભણાવતાં-ભણાવતાં કુસુમબહેન હંમેશાં નવું-નવું વાંચતાં ગયાં, શીખતાં ગયાં અને શીખવતાં ગયાં. દરમ્યાન વિશ્વના ફલક ઉપર થતા નવાનવા સંશોધનોની માહિતી મેળવવા, ૧૯૮૫માં કુસુમબહેનને માન્ચેસ્ટર (યુ.કે.) માં યોજાયેલી 17th Inernational Conferanec માં ભાગ લેવા મોકલ્યાં. શામજીકાકાએ ખર્ચ માટે ચિંતા નહીં કરવા હૈયાધારણા આપી. મુંબઈ રોટરી અને ભાવનગર રોટરી કલબ તરફથી કોન્ફરન્સ માટે ભલામણપત્ર મળ્યો. જોકે પછીથી ડૉ. હેરીસન જેઓ અગાઉ સંસ્થાની મહેમાનગતિમાણી ગયા હતા, તેમની ભલામણથી કુસુમબેનનું ટ્રાવેલિંગ ખર્ચ, કૉન્ફરન્સની ડેલિગેશન ફી, તેમજ રહેવા અને જમવા વગેરેની વ્યવસ્થા, ફ્રી થઈ હતી. યુ.કે. અને અમેરિકાના પંદરેક દિવસના પ્રવાસ દરમ્યાન માન્ચેસ્ટરની કૉન્ફરન્સ ઉપરાંત, કુસુમબહેને શ્રવણમંદોના શિક્ષણ માટે કામ કરી રહેલી વિશ્વની ટૉપ રૅન્કની સંસ્થાઓની મુલાકાત લઈને જ્ઞાનનું ભાથું બાંધ્યું. જેમાં કલાર્ક સ્કૂલ, રોચેસ્ટર સ્કૂલ, કેલિફોર્નિયા સ્કૂલ, સેન્ટ લુઈસની સેન્ટ્રલ સ્કૂલ, સ્પ્રિંગ ફિલ્ડની ધી ટૉપ સ્કૂલ અને લેકસટનની ડેફ સ્કૂલ તથા દુનિયા આખીમાં કૉરસ્પૉન્ડન્સ દ્વારા, શ્રવણમંદોના વાલીઓને ટ્રેનિંગ અને ગાઈડન્સ આપી રહેલાં, જોન ટ્રેસી સેન્ટરની મુલાકાતનો સમાવેશ થાય છે.

## માતાઓની તાલીમનો સિલસિલો શરૂ

કુસુમબહેને, શ્રવણમંદ બાળકોની તાલીમમાં માતાની ભૂમિકાને હંમેશાં પ્રાધાન્ય

આપ્યું હતું. 'એક માતા સો શિક્ષકની ગરજ સારે' એ તેમણે પુરવાર કર્યું. મેટરનલ રિફ્લેક્ટિવ મેથડમાં શ્રદ્ધા ધરાવતાં કુસુમબહેન, શ્રવણમંદ બાળકોની માતાઓની વેદના અને રુદનના સાક્ષી રહ્યાં હતાં. તેની પાસે આવતી અભણ અને ગરીબ માતાઓની વ્યથા જાણીને તે અકળામણ અનુભવતાં હતાં. વડોદારની રશ્મિબહેન જેવી ગ્રૅજ્યુએટ બહેનનો પત્ર, 'કુસુમબહેન, મારો પુત્ર મિતીન સાંભળતો નથી, ડૉક્ટરને બતાવ્યું, ઑડિયોલૉજિસ્ટને બતાવ્યું, નિષ્ણાતો જણાવે છે કે : આ બાળકને બહેરાં મૂંગાની શાળામાં ભણાવવો જોઈએ. ઘણી શાળા જોઈ, ત્યાં બધાં બાળકો ઈશારા કરે છે, મારે તો તેને બોલતો કરવો છે, તમે મને માર્ગદર્શન આપો.' કુસુમબહેને આ માતાને બાળક સાથે ભાવનગર બોલાવી લીધી. માતાએ ભાવનગરમાં મકાન ભાડે રાખી લીધું. શિક્ષક અને માતાની મહેનત રંગ લાવી. મિતીન અન્ય બાળકો કરતાં આગળ થવા લાગ્યો. આ પ્રયોગની સફળતા પછી વર્ષ ૧૯૮૨-૮૩ માં બીજી પાંચ માતાઓ અભ્યાસમાં જોડાવા આવી ને ટીચર્સ ટ્રેનિંગની સાથે માતાઓની તાલીમનો સિલસિલો શરૂ થયો. મધર ટ્રેનિંગમાં જોડાયેલી માતાઓએ ઓરલ મેથડના ફાયદા જાણીને પોતાના બાળકોને, સમધારણ બાળકો સાથે નોર્મલ સ્કૂલોમાં ભણાવવાનું પસંદ કર્યું. તેના પરિણામ ફેન્ટાસ્ટિક આવ્યાં. શાળામાં ભણેલાં બાળકો કરતાં નોર્મલ સ્કૂલમાં ભણેલાં આ બાળકો આજે ક્યાંય આગળ નીકળી ગયાં છે. (આ માતાઓના સંઘર્ષની ગાથા ''માતાઓના મુખેથી'' પુસ્તકમાં કંડારાયેલી છે. પુસ્તક શાળામાંથી મળી શકશે.) આ ઈન્કલ્યુઝિવ એજ્યુકેશન એટલે સંમિલિત શિક્ષણની યોજના, દેશમાં હજુ હવે ભારત સરકારે દાખલ કરી તેના ઉપરથી શિક્ષણમાં આપણો દેશ ક્યાં છે તેનો ખ્યાલ આવે છે.

**કુસુમબહેને, શ્રવણમંદ બાળકોની તાલીમમાં માતાની ભૂમિકાને હંમેશા પ્રાધાન્ય આપ્યું હતું. 'એક માતા સો શિક્ષકની ગરજ સારે' એ તેમણે પુરવાર કર્યું. મેટરનલ રિફ્લેક્ટિવ મેથડમાં શ્રદ્ધા ધરાવતા કુસુમબહેન, શ્રવણમંદ બાળકોની માતાઓની વેદના અને રુદનના સાક્ષી રહ્યાં હતાં**

## શ્રવણમંદોના શિક્ષણની ક્રાંતિના જનેતા

શિક્ષણના અદ્યતન પ્રવાહો સાથે તાલ મિલાવવા, માત્ર વર્ગખંડના શિક્ષણથી સંતોષ માનીને કુસુમબહેન બેસી રહ્યાં ન હતાં. સેમિનાર, વર્કશોપ, વાલી માર્ગદર્શનની શિબિરો, નિદાન કૅમ્પ વગેરેની પ્રવૃત્તિઓથી તેમણે સંસ્થાને ધમધમતી કરી દીધી. સાથેસાથે પોતાના શિક્ષકોને મુંબઈ, મદ્રાસ, દિલ્હી, બૅંગ્લોરની સંસ્થાઓમાં શૈક્ષણિક કૌશલ્યના આદાનપ્રદાન માટે લઈ ગયાં. શ્રવણમંદોના ક્ષેત્રમાં જાણીતાં મિસિસ ટી.કે. કાવસજી, મિસિસ હુડલીકર, મિસિસ જુબેદા શાહ, ડેવીડ રોબર્ટ હેરીસન (યુ.કે.), પ્રેમવિક્ટર, સિસ્ટર રીટા મેરી, મિસિસ નીલમ પટેલ, પ્રભા ઘાટે અને વર્ષા ગટ્ટુ જેવા કેટકેટલાં તજજ્ઞોને વાંરવાર ભાવનગરમાં બોલાવ્યા અને તેના જ્ઞાનનો લાભ માત્ર ભાવનગરને જ નહીં, પરંતુ ગુજરાતની શ્રવણમંદ બાળકોની શાળાના ટ્રસ્ટીઓ, શિક્ષકો અને વાલીઓને અપાવીને, શ્રવણમંદ બાળકોના શિક્ષણક્ષેત્રમાં વ્યાપેલા શૂન્યાવકાશને દૂર કર્યો હતો. આમ અમારાં સપનાની શાળાને પ્રત્યક્ષ પૃથ્વી ઉપર ઉતારવા માટે કુસુમબહેનને સંસ્થામાં જોડાવાની પ્રેરણા માટે કયું નિમિત્ત કામ કરી ગયું! એ આજે પણ સમજાતું નથી. કદાચ ચંદુકાકા કહેતા હતા તેમ'સંસ્થાનું સદ્‌નસીબ હતું.' પરંતુ એટલું ચોકકસ કહી શકું કે કુસુમબહેન અનેક શ્રવણમંદ બાળકોની માતાનું સ્વરૂપ ધારણ કરીને આવ્યાં ને શ્રવણમંદોના શિક્ષણની ક્રાંતિના જનેતા બની રહ્યાં.

વર્ષ ૨૦૦૦ માં કુસુમબહેન રિટાયર્ડ થયાં. પછી ઉત્તરોત્તર મૃદુલાબહેન દેસાઈ,

**'મારો પુત્ર મિતીન સાંભળતો નથી, ડૉક્ટરને બતાવ્યું, નિષ્ણાતો જણાવે છે કે આ બાળકને બહેરાંમૂંગાની શાળામાં ભણાવવો જોઈએ. ત્યાં બધાં બાળકો ઈશારા કરે છે, મારે તો તેને બોલતો કરવો છે, તમે મને માર્ગદર્શન આપો.'**

રશીદાબહેન મરચન્ટ અને હર્ષાબહેન ત્રિવેદીએ ઈનચાર્જ પ્રિન્સીપાલની કપરી કામગીરી સંભાળી. વર્ષ ૨૦૦૫માં ચેતનાબહેન કોઠારીની નિમણૂક સરકારી સેટઅપમાં પ્રિન્સીપાલની જગ્યા ઉપર થઈ. તેઓ લગનપૂર્વક કુસુમબહેને કંડારેલી કેડી ઉપર શાળાને દોરતાં રહ્યાં. વર્ષ ૨૦૧૫માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. પછી ઈલાબહેન મજમુદારને ઈનચાર્જ પ્રિન્સીપાલની જવાબદારી સોંપવામાં આવી. ઈનચાર્જ એ સમસ્યાનો કાયમી ઉકેલ નથી. સરકાર તરફથી સ્પેશિયલ સ્કૂલમાં ખાલી જગ્યાઓ ભરવા માટે સેવાતા દુર્લક્ષનું આ પરિણામ છે. તે લાંબા સમયે નુકસાનકારક સાબિત થઈ શકે છે.



મૃદુલાબહેન દેસાઈ



રશીદાબહેન મરચન્ટ



હર્ષાબહેન ત્રિવેદી



ચેતનાબહેન કોઠારી



ઈલાબહેન મજમુદાર

**મધર ટ્રેનિંગમાં જોડાયેલી માતાઓએ ઓરલ મેથડના ફાયદા જાણીને પોતાના બાળકોને,સમધારણ બાળકો સાથે નોર્મલ સ્કૂલોમાં ભણાવવાનું પસંદ કર્યું. તેના પરિણામ ફેન્ટાસ્ટિક આવ્યાં. શાળામાં ભણેલાં બાળકો કરતાં નોર્મલ સ્કૂલમાં ભણેલાં આ બાળકો આજે ક્યાંય આગળ નીકળી ગયાં છે.**

# 'માતાની આંખોમાં હર્ષનાં આંસુ'

(તીવ્ર કે ગંભીર પ્રકારની શ્રવણખાધ ધરાવતાં બાળકને બોલતા કરવાનું કામ પડકારજનક છે. તેમ છતાં ઘણી માતાઓએ 'મધર્સ ટ્રેનિંગ' માં જોડાઈને આ પડકાર ઝીલી લીધો. આવી માતાઓ પૈકી એક દક્ષાબહેન સવજિયાણીનાં સંઘર્ષની ગાથા તેનાં પોતાનાં શબ્દ દેહે અહીં રજૂ કરી છે. જેનાં થકી હતાશ અને નિરાશ થયેલી માતાઓને પ્રેરણા મળશે.)

**- અનંત શાહ**



**દક્ષાબહેન સવજિયાણી**

મારો દીકરો કલિન્દ એક વર્ષનો હતો ત્યારે ઈ.એન.ટી. ડૉકટરે નિદાન કર્યું કે તેને તીવ્ર પ્રકારની શ્રવણખાધ (પ્રોફાઉન્ડ હિયરિંગ લોસ) છે એટલે સાંભળતો નથી. ડૉકટરે વડોદરાની શ્રવણમંદ બાળકોની શાળામાં એડમિશન લેવા સલાહ આપી. "માઁ" નો જીવ દીકરાને અળગો કરવા રાજી નહોતો અને પતિ દ્વારકા છોડવા તૈયાર ન હતા. આ દ્વિધામાં દીકરાનું ભાવિ કઈ રીતે ઉજાગર કરવું તેની મથામણમાં ભારતભરની શાળાઓ જોઈ, કયાંય મન નહોતું માનતું. મનમાં ઘણા પ્રશ્નો થતા. મારો દીકરો બોલશે કે ઇશારા કરશે? મારે તો તેને બોલતો કરવો હતો. છેલ્લે ચેન્નઈની શાળા જોવા ગયાં. શાળા સારી પણ અંગ્રેજી માધ્યમનાં કારણે અમે હતાશ થઈ ગયાં. ત્યારે જાણવા મળ્યું કે ભાવનગરમાં શ્રવણમંદોની અતિ આધુનિક શાળા છે. ચેન્નઈથી સીધા ભાવનગરની કે. એલ. ઈન્સ્ટિટયૂટમાં આવ્યાં. શાળા જોઈ. સ્ટાફ ઘણો માયાળુ. દીકરાને સાથે રાખીને મને મધર્સ ટ્રેનિંગ લેવા સલાહ મળી. એ સાંભળીને મારો શ્વાસ હેઠો બેઠો. ટ્રેનિંગ કોર્સમાં જોડાવા દ્વારકાથી હું ટેસ્ટ આપવા ભાવનગર આવી. પસંદગી થશે કે નહીં ? મનમાં ઉચાટ હતો. બાબાભાઈએ કહ્યું, "તમે ચિંતા ન કરતાં, તમને પ્રવેશ આપી દીધો છે." આ સાંભળીને ખાધેલી ઠોકરો અને નિરાશા હું પળવારમાં ભૂલી ગઈ. ઉત્સાહ અને મહેનતથી હું ભણી. પ્રથમક્રમે આવી. કુસુમબહેનનાં માર્ગદર્શનથી કલિન્દને ગુજરાતી ભાષા લખતા અને બોલતા શીખવવાના પ્રયોગો મેં આદર્યા. એટલે ભાષા અને વાણી વિકાસમાં સફળતા મળી. તે જોઈને અમે દ્વારકા છોડી છેવટે ભાવનગર કાયમી સ્થાયી થયાં.

હવે મારો પ્રયત્ન કલિન્દને બહેરાંમૂંગાં શાળામાં નહીં પરંતુ નોર્મલ શાળામાં ભણાવી બોલતું પર્યાવરણ આપી, વાણી વિકાસ કરવાનો હતો, પણ માર્ગમાં ઘણા પડકારો હતા. નોર્મલ શાળાના આચાર્ય કલિન્દને લેવા સહમત થતા ન હતા. બાબાભાઈએ પત્ર

લખી આપ્યો. તમારી શાળામાં છોકરો નહીં ભણે તો હું તેને અર્ધી ટર્મથી પણ અમારી સ્પેશિયલ શાળામાં પાછો લઈ લઈશ. પણ એક ચાન્સ આપો. આ પત્રએ અસર કરી. કલિન્દનો રાહ બદલાયો. જાણે અંધકારમાં એક આશાનું કિરણ નિકળ્યું. આજે કલિન્દ સ્નાતક થઈને પોસ્ટ ઓફિસમાં સરકારી નોકરી કરે છે. તેને લોકો સાથે બોલીને વાત કરતો જોઈ મારી આંખો હર્ષનાં આંસુથી છલકાઈ જાય છે!

એ પછી મારી દીકરી શ્રીમ્ નો જન્મ થયો. તે ગંભીર પ્રકારની (સિવિયર લોસ) શ્રવણમંદતા ધરાવતી હતી. તેને પણ અમે નોર્મલ શાળામાં દાખલ કરી. ભાષા અને વાણી મેં ઘરે કરાવ્યા. શ્રીમ પણ બોલીને કૉમ્યુનિકેશન કરે છે. તેને નૃત્ય અને અભિનયનો શોખ હોવાથી કલાગુરુ ધરમશીભાઈ પાસેથી તેણે કથ્થક વિશારદની પદવી પ્રાપ્ત કરીને શ્રવણમંદો માટે નવો રાહ કંડાર્યો. આજે તે બહેરાંઓની શાળામાં મદદનીશ શિક્ષક છે. શાળામાં કોરિયોગ્રાફીનું કાર્ય કરી તેણે નાની વયમાં ઘણા ઍવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

કલિન્દે તેની શ્રવણમંદ જીવનસંગિની ચેતાલી સાથે પ્રભુતામાં પગલાં પાડયાં. તેને રુદ્રી અને કીર્તન એમ બે નોર્મલ બાળકો છે. બંને સરસ અભ્યાસ કરે છે.

શ્રીમ્નાં લગ્ન હિતેશ સાથે થયાં. તેમના બાળકો હનિ અને શ્રેય બંને નોર્મલ છે. મારાં બંને બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય સંસ્થાને તો આભારી છે જ, પરંતુ મારાં જેવાં કેટલાંય પરિવારોનાં જીવનમાંથી અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનું કામ આ સંસ્થાએ કર્યું છે, તેનું મને ગૌરવ છે.



શ્રીમ્ પુત્રી હનિ સાથે

# ગીત-સંગીત સંસ્થાનું હાર્દ

કુસુમબહેનના આગમન પછી, અમારી પરિકલ્પનાની શાળાની પ્રતિકૃતિને કંડારવાનું શરૂ કર્યું. ચીલાચાલુ શાળામાંથી બહાર નીકળીને, બાળકોની એક આદર્શ શાળા બનાવવી હતી. તે માટે શાળાનું સુંદર મજાનું મકાન બંધાઈને તૈયાર થઈ ગયું હતું. તેમાં લીલીછમ હરિયાળી, ઘટાટોપ વૃક્ષોની સાથે પોપટ, ચકલાં, પારેવાં અને સસલાના પાંજરાની વચાળે, બાળકોના વર્ગખંડ એક અલગ માહોલ ખડો કરતા હતા.



ફાલ્ગુની ખાટસુરિયા

## મુક્ત અને નિર્ભય વાતાવરણ

આ માહોલમાં અમે, મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિના બાલમંદિરથી શરૂઆત કરી. નવા સ્ટાફની ભરતીની પસંદગીમાં પી.ટી.સી. કરેલી બહેનોને પ્રાધાન્ય આપ્યું. પરિણામે મુક્ત અને નિર્ભય વાતાવરણ ખડું થયું. હાર્મોનિયમ, તબલાં, અને ખંજરીના સંગાથે પ્રાર્થના, નૃત્ય અને અભિનયમાં, બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવી. આગળ જતા શિક્ષણ સાથે સંગીત, સંસ્થાનું હાર્દ બની ગયું, કહો કે એક આકર્ષણ બની ગયું. આ મુકત અને નિર્ભય વાતાવરણનો એક પ્રસંગ શ્રીમતી મૃદુલાબહેન દેસાઈ અને શ્રીમતી હર્ષાબહેનની કલમે સંસ્થાના મૌન ટહુકામાં આબાદ આલેખાયેલા છે; 'માતા વત્સલાબહેન અમીના પ્રવેશ અંગે વાતચીત કરવા આચાર્ય કુસુમબેનની ઑફિસમાં પ્રવેશ્યાં. ત્યાં જ શાળાના પ્રાર્થના રૂમમાંથી વાજિંત્રોની સાથે શિક્ષકોના ગાવાનો અવાજ સંભળાવા લાગ્યો. વત્સલાબહેને કુસુમબહેનને પૂછ્યું. 'બહેન! આ તો બહેરાંમૂંગાની શાળા છે, તેમાં વાજિંત્રો અને ગાવાનો અવાજ કેમ? આ બાળકો તો સાંભળી શકતા નથી તો કોણ સાંભળે છે ?' કુસુમબહેને કહ્યુંઃ ચાલો, આપણે પ્રાર્થના રૂમમાં જઈએ. ત્યાં તમને સંગીતનો જાદુ બતાવું.'

**વત્સલાબહેને કુસુમબહેનને પૂછ્યું, 'બહેન ! આ તો બહેરાંમૂંગાની શાળા છે, તેમાં વાર્જિંત્રો અને ગાવાનો અવાજ કેમ ? આ બાળકો તો સાંભળી શકતા નથી તો કોણ સાંભળે છે ?' કુસુમબહેને કહ્યું : 'ચાલો આપણે પ્રાર્થનારૂમમાં જઈએ. ત્યાં તમને સંગીતનો જાદુ બતાવું.'**

**આ માહોલમાં વત્સલાબહેનની ઢીંગલી જેવી અમી, ક્યારે માનો ખોળો છોડી અભિનયમાં જોડાઈ ગઈ, તેની ખુદ વત્સલાબહેનને પણ ખબર ન પડી ! સંગીતમાં એવી શક્તિ છે જે બાળકોને પોતાનો ભય, અસલામતી અને પીડા વીસરાવી દે છે.**

આ વાતચીત દરમિયાન, વત્સલાબહેનની નાની ઢીંગલી જેવી અમી, સંકોડાઈને માને ચીપકીને જ બેઠી હતી. નવા વાતાવરણમાં ભય અને અસલામતી અનુભવતી તે માતાથી દૂર જવા લેશ પણ તૈયાર ન હતી. કુસુમબહેન મા દીકરીને પ્રાર્થનાખંડમાં લાવ્યાં. ત્યાં બાળકો વાજિંત્રોના તાલે અને શિક્ષકોના સૂરના સથવારે, અભિનય કરતાં હતાં. વાતાવરણ આનંદભર્યું હતું. અરે ! પેલા નવા આવેલા નાના નાના ભૂલકાંઓ પણ માનો ખોળો મૂકી, ડર છોડી અભિનયમાં જોડાઈ રહ્યાં હતાં અને વચ્ચેવચ્ચે પોતાની મમ્મીની હાજરીની

ખાતરી કરી લેતાં હતાં. આ માહોલમાં વત્સલાબહેનની ઢીંગલી જેવી અમી, ક્યારે માનો ખોળો છોડી અભિનયમાં જોડાઈ ગઈ, તેની ખુદ વત્સલાબહેનને પણ ખબર ન પડી! સંગીતમાં એવી શકિત છે જે બાળકોને પોતાનો ભય, અસલામતી અને પીડા વીસરાવી દે છે. સંગીતનો આ જાદુ સંસ્થામાં નવા નવા દાખલ થવા આવતાં બાળકો અને તેની માતાઓને તેની બધી ચિંતા ભુલાવી દે છે.

## સંગીતપ્રેમી નટવરભાઈ કલા અને કલાકારના પારખુ

શ્રવણમંદ બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમની એકએકથી ચડિયાતી કૃતિઓને લોકભોગ્ય બનાવવાનું ખરું કામ, વાદ્ય અને કંઠ્ય સંગીત પીરસનારા કલાકારો ને કોરિયોગ્રાફરોએ કર્યું. એ સંસ્થાના શિક્ષકો જ હતા અને આ કલાકારોનો ઉત્સાહ વધારવાનું કામ, સંગીતપ્રેમી નટવરભાઈ દેસાઈએ કર્યું. વરસમાં એકાદ બે વખત તે મુંબઈથી અચૂક આવતા. સંગીતના ભારે શોખીન, સમજ પણ ઘણી. આનંદી સ્વભાવ. તેના આગમનથી શાળામાં આનંદની લહેર પ્રસરી જતી. રાત પડી નથી અને સંગીતની બેઠક જામી નથી. સંસ્થા ઉપરાંત બહારથી પણ શ્રોતાઓ ઊભરાતા. એટલું જ નહીં પરંતુ ગામમાં કોઈ સારા યુવાન ગાયક કલાકારો હોય તો તેને પણ સાંભળવા નટવરભાઈ બોલાવતા. જાણીતા કલાકાર પાર્થિવ ગોહિલને નટવરભાઈ આમ



જ સંસ્થામાંથી મુંબઈ લઈ ગયા હતા.અને મહિનાઓ સુધી પોતાના ઘરે રાખીને સંગીતકાર કલ્યાણજીભાઈનો પરિચય કરાવ્યો. રિયાઝ કરાવ્યો અને આજે આ ગાયક કલાકાર મુંબઈમાં ગુજરાતનું ગૌરવ બની ગયો છે.

## શ્રેષ્ઠ ગાયકો અને સંગીતકારો

શરૂઆતના ત્રણ દાયકામાં સંસ્થાના શ્રેષ્ઠ ગાયિકા જયશ્રીબહેન ભટ્ટ રહ્યાં. લતા મંગેશકર જેવો તેનો કંઠ. ત્યાર પછી આવ્યાં ભાવના મહેતા, ઊંચા દરજ્જાના ગાયક. તેની સાથે ફાલ્ગુની ખાટસુરિયા, વૈશાલી યોગી વગેરેને પણ યાદ કરવાં પડે. આ ગાયકો સાથે વાદ્ય સંગીતમાં ઈન્દુભાઈ મહેતા, હર્ષદભાઈ રાજગોર, નરેન્દ્રભાઈ અને કોરિયોગ્રાફીમાં કીર્તિદવસિંહ અને શ્રીમ્ રહ્યાં. આ ઉપરાંત લીલાબહેન, પ્રમિલાબહેન, હર્ષાબહેન ત્રિવેદી, દેવીલાબહેન સોમાણી, રેશ્મા અને પ્રજ્ઞાચક્ષુ કલાકાર ઋષિ જેવા ગાયકો અને ઉદ્ઘોષણામાં અવિસ્મરણીય એવા નેહલબહેન ગઢવી જેનો કોઈ વિકલ્પ નથી અને નવા નવા જોડાયેલાં યુવરાજસિંહ, પ્રજ્ઞાબહેન તથા પડદા પાછળના અને આગળના સહાયકોમાં હસમુખ રાણા, વિનુભાઈ, રશીદાબહેન મરચન્ટ, વિનુભાઈ ઓધારિયા, કવિતા, સૂર્યકાંત, પ્રવીણભાઈ અને કેતન રૂપેરા, અરવિંદ જેવા કેટકેટલા કલા પ્રેમીઓએ પોતાની કાર્યક્ષમતાના દર્શન કરાવ્યાં છે. જ્યારે આ બધાનું સંયોજન કરવામાં મફતભાઈએ અવિસ્મરણીય સેવા આપી છે. ત્યારે તેના સહાયકોમાં મહાસુખ રાણા અને મહેન્દ્ર ભડિયાદ્રા વગેરેને કેમ ભુલાય?

